TUESDAY
૧૬-૦૨-૨૦૨૧
વિ.સં. ૨૦૭૭, મહા સુદ ૦૫
અંક : ૧૧૨
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર....




● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

### સી.એમ. વિજયભાઈ રૂપાણી, સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા, મહામંત્રી વિનોદ ચાવડા કોરોના પોઝિટીવ જાહેર થતા ભાજપમાં ચિંતાની લહેર

# ભાજપની ટોચની નેતાગીરી કોરોનાની ઝપેટમાં

(જી.એન.એસ)ગાંધીનગર,તા.૧૫

વડોદરામાં રવિવારે રાત્રે જાહેરસભા દરમિયાન બ્લડપ્રેશર લૉ થઈ જતાં મુખ્યમંત્રી વિજય રૂપાણી ચક્કર ખાઈને પડી ગયા હતા. તેમને મોડી રાત્રે અમદાવાદની યુએન મહેતા હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, જ્યાં ઈસીજી, ૨ડી, બ્લડ ટેસ્ટ સહિતના રિપોર્ટ કરાયા હતા, જે નોર્મલ હતા. કોરોનાનો ઈ-ઝઈ ટેસ્ટ કરવામાં આવ્યો હતો, જે આજે સવારે પોઝિટિવ આવ્યો છે. હાલમાં તેમને સારવાર માટે યુએન મહેતા હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ કરાયા છે. તેમની પરિસ્થિતિ હાલ સ્થિર છે અને કોઈ ચિંતાવાળી વાત ન હોવાનું યુએન મહેતા હોસ્પિટલ દ્વારા જણાવવામાં આવ્યું છે તેમજ મુખ્યમંત્રીના સંપર્કમાં આવેલા સંગઠનમંત્રી ભીખુ દલસાણિયા અને કચ્છના સાંસદ વિનોદ ચાવડા પણ કોરોનાગ્રસ્ત થયા છે. મુખ્યમંત્રી વિજય રુપાણી ૧૪ દિવસ સુધી ક્વોરન્ટીન રહેશે.







મળતી માહિતી પ્રમાણે ૨૮મી ફેબ્રુઆરી સુધી સીએમ વિજય રૂપાણીના તમામ જાહેર કાર્યક્રમ રદ કરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત સીએમ નિવાસસ્થાને કોઈ નવા વ્યક્તિને પ્રવેશ નહીં આપવામાં આવે. સીએમના તમામ સુરક્ષાકર્મીઓનો કોરોના ટેસ્ટ થશે. સીએમ નિવાસસ્થાનને સેનિટાઈઝ કરવામાં આવશે. તેમના સ્ટાફનો પણ કોરોના ટેસ્ટ કરવામાં આવશે. આ ઉપરાંત સીએમ કાર્યાલયને પણ સેનિટાઈઝ કરવામાં આવશે. મળતી માહિતી પ્રમાણે સીએમ નિવાસ્થાન અને કાર્યાલય ખાતેના કર્મચારીઓ સેલ્ફ ક્વૉરન્ટીન થશે.

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે સ્પષ્ટતા કરી કે મુખ્યમંત્રી રૂપાણીની સારવાર દરમિયાન મુખ્યમંત્રીનો ચાર્જ કોઈને આપવામાં આવશે નહીં અને ખુદ મુખ્યમંત્રી રૂપાણી વીડિયો-કોન્ફરન્સ તથા મોબાઈલના માધ્યમથી મુખ્યમંત્રી કાર્યાલયનું સંચાલન કરતા રહેશે. આમ, અઠવાડિયા સુધી ગુજરાત સરકાર ઝર્સને બદલે સિવિલમાંથી ચાલશે.

મુખ્યમંત્રીના સ્વાસ્થ્ય વિશે જણાવતાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે રાત્રે જ તેમના ટેસ્ટ કરવાનો નિર્ણય કર્યો હતો. ગઈકાલે તેમના ટેસ્ટ નોર્મલ હતા. હાલમાં તેમની તબિયત સારી છે. સ્પેશિયલ વોર્ડમાં કોરોનાની સારવાર શરૂ કરી દેવાઈ છે અને એક અઠવાડિયું હોસ્પિટલમાં રહેશે. મુખ્યમંત્રીને ડાયાબીટિસ કે બીપીની કોઈ તકલીફ નથી. સ્થાનિક સ્વરાજની ચૂંટણીને પગલે ભાજપની પાર્લમેન્ટરી બોર્ડની બેઠક મળી હતી. આ બેઠકમાં મુખ્યમંત્રી સાથે હાજર રહેલા ભીખુ દલસાણિયા અને વિનોદ ચાવડા પણ સંક્રમિત થયા છે. મળતી માહિતી પ્રમાણે છેલ્લા એક અઠવાડિયા દરમિયાન જે જે લોકો સીએમના સંપર્કમાં આવ્યા હતા તેમના કોરોના ટેસ્ટ કરવામાં આવશે. જે અંતર્ગત સરકારી પ્રધાનો, બીજેપી સંગઠનના હોદેદારો અને પાર્લામેન્ટ્રી બોર્ડના સભ્યોના કોરોના ટેસ્ટ કરવામાં આવશે.

આ પહેલાં ૧૪ ફેબ્રુઆરીએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વડોદરામાં એક સભા સંબોધી હતી. આ ચૂંટણી સભામાં મુખ્યમંત્રીને ચક્કર આવતાં મુખ્યમંત્રી સ્ટેજ પર ઢળી પડ્યા હતા. ત્યાર બાદ મુખ્યમંત્રી સભા ટૂંકાવી રવાના થયા હતા. ત્યાર બાદ મુખ્યમંત્રીની તબિયત સારી થઈ ગઈ હતી. વ્યસ્ત ચૂંટણી કાર્યક્રમના કારણે બીપી લૉ થઈ ગયું હતું. તેઓ એક પછી એક ચૂંટણી સભા સંબોધી રહ્યા છે, જેને પગલે થાક અને તણાવને કારણે બીપી

## મહારાષ્ટ્રના જલગાંવમાં ટ્રક પલટી ખાતા બે બાળકો સહિત ૧૬ના મોત, પાંચ ઘાયલ

(જી.એન.એસ.)જલગાંવ,તા.૧૫

મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લાના યાવલ તાલુકાના કિંગાઓ ગામમાં એક ભીષણ અકસ્માત થઈ ગયો છે. રવિવારે રાતે એક ટ્રક પલટી જવાના કારણે ઓછામાં ઓછા ૧૬ લોકોનાં મોત થઈ ગયા છે. તો ઘટનામાં ૫ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં એડમિટ કરાવવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. કહેવામાં આવી રહ્યું છે કે ટ્રકમાં મુસાફરી કરી રહેલા લોકો મજૂર હતા. પોલીસે જણાવ્યું કે બધા મૃતક



અબોધા, કરહલા અને રાવેર જિલ્લાના મજૂર હતા. કિંગાઓ ગામના મંદિર પાસે અરધી રાતે તેમનો પપૈયાં ભરેલો ટ્રક પલટી ગયો.

ટ્રક પલટી જવાના કારણે ૧૬ મજૂરોનાં મોત થઈ ગયા છે. ઈજાગ્રસ્ત મજૂરોને ગંભીર ઈજા પહોંચી છે અને તેમની સારવાર ચાલી રહી છે. કહેવામાં આવી રહ્યું છે કે પપૈયાથી ભરેલો ટ્રક ધૂલેથી રાવેલ તરફ જઈ રહ્યો હતો. ઘટનાની જાણકારી મળતા જ ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે શવોને બહાર કાઢવાનું કામ શરૂ કર્યું હતું. હાલમાં ઘટના કઈ રીતે બની તેનું કોઈ કારણ જાણી શકાયું નથી. અકસ્માત એટલો જબરદસ્ત હતો કે ટ્રકમાં ઉપસ્થિત બધા ૧૬ મજૂરોના ઘટનાસ્થળે જ મોત થઈ ગયા હતા. તો પ્રાથમિક તપાસમાં લાગી રહ્યું છે કે ટ્રકના ડ્રાઈવરને ઝોકું આવી ગયું હતું. જેના કારણે આ ઘટના બની છે.

## ભારતમાં મોંઘવારીનો વિકાસ અપરંપાર ૨૦૨૧માં દર ૧.૨૨થી વધીને થયો ૨.૦૩ ટકા

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૧૫

દેશમાં હજી પણ મોંઘવારી ઉંચા સ્તરે રહી છે. સરકાર દ્વારા આજે સોમવારે જાહેર કરાયેલા આંકાડા મુજબ જાન્યુઆરી ૨૦૨૧માં જથ્થાબંધ મોંઘવારી દર એટલે કે હોલસેલ ઈન્ફ્લેશન પ્રાઈસ ઈન્ડેક્સ (WPI) વધીને ૨.૦૩ ટકા આવ્યો છે. જાન્યુઆરીમાં મોંઘવારી દર વધવાનું મુખ્ય કારણ મેન્યુફેક્ચરિંગ પ્રોડક્ટ્સની કિંમતોમાં વૃદ્ધિ છે.




ઉલ્લેખનિય છે કે, ડિસેમ્બર ૨૦૨૦માં જથ્થાબંધ મોંઘવારી ૧.૨૨ ટકા અને વર્ષ પૂર્વે જાન્યુઆરી ૨૦૨૦માં ૩.૫૨ ટકા હતો.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના આંકડાઓ મુજબ મેન્યુફેક્ચર્ડ પ્રોડક્ટ્સમાં ઈન્ફ્લેશન રેટ જે ડિસેમ્બરમાં ૪.૨૪ ટકા હતો તે જાન્યુઆરીમાં વધીને ૫.૧૩ ટકા થયો છે. અલબત્ત શાકભાજી-ફળફળાદિના ભાવ ઘટતા મોંઘવારી અંકુશમાં રહી છે. જાન્યુઆરી ૨૦૨૦માં ફૂડ પ્રાઈસ ઈન્ફ્લેશન ઘટીને ૨.૨૪ ટકા આવ્યો છે. જેમાં શાકભાજીના ભાવ ૨૦.૮૨ ટકા ઘટ્યા છે. ડુંગળી ૨૨ ટકા અને ડુંગળી ૩૨.૫૫ ટકા સસ્તી થઈ છે. તો ઈંધણ અને વિજળીમાં મોંઘવારી દર શૂન્યથી ૪.૭૮ ટકા રહ્યો છે. બિન-ખાદ્ય ચીજવસ્તુઓમાં મોંઘવારી દર જાન્યુઆરીમાં ૪.૧૬ ટકા નોંધાયો છે.

ઉલ્લેખનિય છે કે તાજેતરમાં જ રિઝર્વ બેંકે ઉંચા મોંઘવારી દરનું જોખમ ગણાવી સતત ચોથા ધિરાણનીતિમાં વ્યાજદર ઘટાડવાનું ટાળ્યુ છે. જો કે હાલ ગ્રાહક ભાવાંક અને જથ્થાબંધની રીતે મોંઘવારી દર ઘટતા વ્યાજદર ઘટાડવા માટેની સાનુકુળ સ્થિતિ સર્જાઈ છે.




## રાહુલ ગાંધી જ બનશે ફરી કોંગ્રેસના અધ્યક્ષ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૫

રાહુલ ગાંધી ફરી એક વખત એઆઈસીસી એટલે કે અખિલ ભારતીય કોંગ્રેસ કમિટીના ૮૭મા અધ્યક્ષ તરીકે પાછા ફરવા તૈયારી કરી રહ્યા છે. તાજેતરમાં તેમણે સંસદમાં ખેડૂતોના મુદ્દાને ખૂબ જ જોરશોરથી ઉઠાવવા પ્રયત્ન કર્યો હતો. આ ઉપરાંત તેમણે ચીન સહિતના બીજા મુદ્દાઓને પણ સતત ઉઠાવ્યા હતા. તેનાથી સંકેત મળી રહ્યો છે કે યુવાન ગાંધી નરેન્દ્ર મોદી વિરૂદ્ધ એક લોકપ્રિય ચહેરો બનવાને બદલે ધ્રુવીકરણ કરનારા નેતા તરીકે સામે આવી રહ્યા છે.તે સિવાય પ્રિયંકા ગાંધી વાડ્રા પણ પાર્ટીમાં એક મહત્વની ભૂમિકા ભજવવાની તૈયારીમાં છે.

## વ્હોટ્સએપની પ્રાઈવસી પોલીસી અંગે સુપ્રિમની નોટીસ : ગુપ્તતાનું રક્ષણ કરવું એ કોર્ટની ફરજ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૫

સુપ્રીમ કોર્ટે સોમવારે વ્હોટ્સઅપને કહ્યું હતું કે તમારી નવી પ્રાઈવસી પોલિસીને પછી ભારતીય લોકોમાં પ્રાઈવસીને લઈને ઘણી મૂંઝવણો છે. ચીફ જસ્ટિસ એસ. એ. બોબડેએ કહ્યું હતું કે તમે ભલે અબજો ડોલરની કંપની હશો, પણ લોકોની પ્રાઈવસીનું મૂલ્ય પૈસા કરતાં વધુ છે. ચીફ જસ્ટિસે આ પ્રાઈવસી પોલિસીને પડકારતી અરજીઓ પર વ્હોટ્સઅપ, ફેસબુક અને કેન્દ્ર પાસે જવાબ માગ્યો છે.




કોર્ટે વરિષ્ઠ વકીલ શ્યામ દીવાનની એ દલીલનું સમર્થન કર્યું, જેમાં તેમણે કહ્યું હતું કે ભારતમાં ડેટા પ્રોટેક્શનને લઈને કોઈ કાયદો નથી. ચીફ જસ્ટિસ બોબડે, જસ્ટિસ એ. એસ. બોપન્ન અને જસ્ટિસ વી. રામાસુબ્રહ્મણ્યમની બેન્ચે કહ્યું હતું કે મિસ્ટર દીવાનની દલીલથી અમે પ્રભાવિત છે. આવો કાયદો લાવવો જોઈએ. વ્હોટ્સઅપ એની નવી પ્રાઈવસી પોલિસી અંતર્ગત ભારતીયોનો ડેટા શેર કરશે. આ ડેટા શેરિંગને લઈને ભારતીયોમાં મૂંઝવણ છે.

સુપ્રીમ કોર્ટે યુરોપની સરખામણીમાં ભારતમાં પ્રાઈવસી સ્ટાન્ડર્ડ નબળા પડવા પર વ્હોટ્સઅપ પાસે જવાબ માગ્યો છે. વ્હોટ્સઅપે આ અંગે કહ્યું છે કે યુરોપમાં પ્રાઈવસીને લઈને ખાસ કાયદો છે. જો ભારતમાં પણ આ પ્રકારનો કાયદો છે તો અમે એનું પણ પાલન કરીશું.

## કોરોનાના એક-બે કેસથી આખું કાર્યક્ષેત્ર બંધ નહીં થાય : કેન્દ્ર

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૫

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે કાર્યાલયોમાં કોરોના વાયરસના સંક્રમણનો પ્રસાર રોકવાને અનુલક્ષીને નવી માનક સંચાલન પ્રક્રિયા (SOP) જાહેર કરી છે. તે મુજબ જો કાર્યાલયોમાં સંક્રમણના માત્ર એક કે બે કેસ જ સામે આવે તો જે વિસ્તારમાં છેલ્લા ૪૮ કલાકમાં કોરોના સંક્રમિતની ગતિવિધિઓ રહી હોય, માત્ર તેટલા ભાગને જ સેનિટાઈઝ કરવાની જરૂર પડશે.

શનિવારે જાહેર કરવામાં આવેલી જી પ્રમાણે નિર્ધારિત નિયમો પ્રમાણે સેનિટાઈઝેશન કર્યા બાદ કાર્ય શરૂ કરી શકાશે. પરંતુ જો કાર્યસ્થળ પર કોરોનાના અનેક કેસ સામે આવે તો સંપૂર્ણ ઈમારત કે બ્લોકને સેનિટાઈઝ કરવાની પ્રક્રિયા કરવી પડશે અને ત્યાર બાદ જ કાર્ય શરૂ કરી શકાશે.

નવી SOP પ્રમાણે પ્રતિબંધિત ઝોનમાં રહેતા અધિકારીઓ અને કર્મચારીઓએ આ અંગે પોતાના વરિષ્ઠ અધિકારીને જાણ કરવી પડશે અને જ્યાં સુધી તેમનો વિસ્તાર પ્રતિબંધિત ઝોનની શ્રેણીમાંથી બહાર ન આવી જાય ત્યાં સુધી કાર્યાલય ન આવવું જોઈએ. સાથે જ આવા કર્મચારીઓને ઘરેથી કામ કરવાની મંજૂરી મળવી જોઈએ. પ્રતિબંધિત વિસ્તારોમાં આવતા કાર્યાલયો બંધ જ રહેશે. તેના સિવાય માત્ર લક્ષણો ન ધરાવતા કર્મચારીઓ અને આંગતુકોને જ કાર્યાલયમાં પ્રવેશની અનુમતિ અપાવી જોઈએ. એસઓપીમાં કોવિડ-૧૯થી બચવાના ઉપાયોનું ચુસ્ત પાલન કરવા પર પણ જોર અપાયું છે.

## સરકાર નોકરીયાત વર્ગના ઓવરટાઈમ નિયમોમાં ફેરફાર કરવાની તૈયારીમાં

### નક્કી કરેલા સમયથી ૧૫ મિનિટ વધુ કામ કર્યું તો મળશે પગાર વધારો

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૫

શ્રમ અને રોજગાર મંત્રાલયે ચાર શ્રમ સંહિતા હેઠળના નિયમોને અંતિમ રૂપ આપ્યું છે. તેનાથી ટુંકા સમયમાં અમલીકરણ માટે જાહેરનામુ બહાર પાડીને સુધારાઓને વાસ્તવિકતામાં લાવવામાં માર્ગ મોકળો થયો છે. રાષ્ટ્રપતિની સંમતિ પ્રાપ્ત કર્યા પછી પગાર, ઔદ્યોગિક સંબંધો, સામાજિક સુરક્ષા અને વ્યવસાયિક સલામતી અને આરોગ્ય અને કાર્યકારી પરિસ્થિતિઓ પરના ચાર વ્યાપક કોડને પહેલાથી જ સુચિત કરવામાં આવ્યું છે પરંતુ આ ચાર કોડના અમલ માટે નિયમોને સુચિત કરવાની જરૂર છે. હવે મંત્રાલયે ચાર કોડના ડ્રાફ્ટ નિયમો અંગે પરામર્શ પ્રક્રિયા પૂર્ણ કરી છે.

જે આખરે ૪૪ કેન્દ્રીય મજૂર કાયદાઓને તર્કસંગત બનાવશે. મંત્રાલય ચારેય કોડને એક સાથે અમલમાં મૂકવા માંગે છે. સરકાર નવા નિયમો હેઠળ ઓવરટાઈમની હાલની સમય મર્યાદા બદલી શકે છે.

નવા નિયમો હેઠળ જો નિર્ધારિત કલાકો કરતા ૧૫ મિનિટથી વધુ કામ કરવામાં આવે તો તેને ઓવરટાઈમની કેટેગરીમાં મૂકવામાં આવશે અને કંપનીએ આ માટે કર્મચારીને ચુકવણી કરવી પડશે. અગાઉ આ સમય મર્યાદા અડધો કલાક હતી.

**પોતાની નહી પરંતુ પ્રજાની સતત કાળજી અને દરકાર કરતાં અડીખમ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને સો સો સલામ**

# રાજકોટની વિજય વિકાસ યાત્રાના શિલ્પી વિજયભાઈ રૂપાણી







ચક્રવાત ટીમ રાજકોટ,તા.૧૫

રાજકોટના સદનસીબે રાજયને એક એવા મુખ્યમંત્રી મળ્યા છે જે પ્રજાની સતત ચિંતા કરે છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ૨૪માંથી ૧૮-૧૮ કલાક કામ કરે છે અને તેના પરિણામ સ્વરૂપ જ આજે રાજયએ સફળતાનાં શિખરો સર કર્યા છે. અથાગ પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી તેવું સ્પષ્ટ મંતવ્ય ધરાવતા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાત-દિવસ જોયા વગર રાજ્યને વિકાસના શિખરે લઈ જવા માટે જે કામ કર્યું છે તેના મીઠાં ફળ પ્રજાને મળવાના શરૂ થઈ ગયા છે અને રાજ્ય ઈઝ ઓફ લિવિંગના રેન્કિંગમાં આવી ગયું છે. ગુજરાતમાં આજે જે સુવિધાઓ ઉભી થઈ છે તેના કારણે ભારતના જ નહીં પણ વિશ્વના પ્રવાસીઓ અહીં આવવા માટે આકર્ષાય છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને તેમના નેતૃત્વવાળી સરકારે લીધેલાં પ્રજાલક્ષી નિર્ણયોને લીધે આજે પ્રજા પણ એક ગુજરાતી હોવાનું ગૌરવ અનુભવી રહી છે.

**રાજકોટનો વિકાસ એ જ છે ભાજપનો મક્કમ નિર્ધાર : અડીખમ ગુજરાત-અડીખમ રાજકોટ**

રાજયના વિકાસની સાથેસાથે રાજકોટ પણ મેટ્રો સિટી બનવાની દિશામાં અકલ્પનિય રીતે આગળ વધી રહ્યું છે. આજથી એક દાયકા પહેલાં કોઈએ વિચાર્યુ પણ નહીં હોય કે રાજકોટ તેની સુવિધાઓને કારણે આંતરરાષ્ટ્રીય નકશામાં સ્થાન પામશે. રાજકોટમાં આકાર લઈ રહેલી એઈમ્સ અને આંતરરાષ્ટ્રીય એરપોર્ટ એક વૈશ્વિક ઓળખ બની ગયા છે. દેશના આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સેવેલાં આ બંને સપનાને પૂરા કરવાની જવાબદારી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ઉપાડી લઈને ઈતિહાસ રચ્યો છે. આ બંને પ્રોજેકટ હાલમાં જેટ સ્પીડે આગળ વધી રહ્યા છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હૈયે રાજકોટનું હિત વસેલું છે તેના અનેક દ્રષ્ટાંત જોવા મળે છે. વિજયભાઈ રૂપાણીએ રાજકોટમાં કોર્પોરેટર, મેયર, ધારાસભ્ય જેવી ભૂમિકામાં રહીને શહેરના વિકાસનો પાયો નાખ્યો હતો. તો રાજયના કેબિનેટ મંત્રી તરીકે પણ તેઓ રાજકોટ પ્રત્યેની પોતાની ફરજ પ્રત્યે સજાગ જ રહ્યા હતા અને વિકાસના પાયાને મજબૂત કરવા નિર્ણયો લીધા હતા. આ જ વિજયભાઈ રૂપાણી જયારે મુખ્યમંત્રી બન્યા ત્યારે રાજકોટ માટે તો સોનામાં સુગંધ ભળવા જેવું થયું હતું.

વિજયભાઈની કર્મભૂમિ રાજકોટ રહી છે એટલે તેમને આ શહેર પ્રત્યે લાગણી હોય તે સમજી શકાય પણ રાજકોટની જનતાએ પણ તેમને પોતીકા બનાવીને અપનાવી લીધા છે. વિજયભાઈ રૂપાણી રાજકોટના જાહેર જીવનના સૌથી લોકપ્રિય પ્રતિનિધિ છે. સરળ વ્યક્તિત્વ અને ઉમદા સ્વભાવને લીધે દરેક રાજકોટવાસી તેમને પોતીકા સમજે છે.

પ્રજાપ્રિય મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની તબિયત થોડી અસ્વસ્થ થઈ તેથી રાજકોટવાસીઓને ચિંતા થાય તે સ્વભાવિક છે પણ વિજયભાઈ રૂપાણી પોતે મક્કમ મનોબળ હોવાને કારણે લોકોને ચિંતા નહીં કરવા અનુરોધ કર્યો છે. કામનો સતત બોજો હોવા છતાં વિજયભાઈ રૂપાણી રાજકોટ માટે ચિંતિત રહ્યા છે. તેમના મનમાં રાજકોટ એક સ્માર્ટ સિટી બને તેવું સપનું છે અને તે ઝડપભેર સાકાર થઈ રહ્યું છે.

મહિલાઓની સલામતી માટે તો દ્રષ્ટાંત અપાય છે કે રાજયના પરંપરાગત નવરાત્રી સહિતના ઉત્સવોમાં મહિલાઓ મોડી રાત સુધી ગરબે ઘુમે છે અને સલામતીના અહેસાસ સાથે તેનું કુટુંબ રહેતું હોય છે. વિજળી, પાણી, આરોગ્ય, માર્ગોથી આગળ વધીને ગુજરાતે વિકાસની એક નવી વ્યાખ્યા દેશને આપી છે. જ્યાં હવે આધુનિક વિમાની મથકો એરપોર્ટ જેવા બસપોર્ટ, ફોર અને સીક્સલેન માર્ગો સતત નજર રાખતા સીસી ટીવી નેટવર્ક, શિક્ષણમાં કેજીથી લઈ કોલેજીયનને પરંતુ સ્પેસ્યાલાઈઝેશનમાં પણ આજે ગુજરાતના વિદ્યાર્થીઓને રાજયની બહાર જવું પડતું નથી અને અન્ય રાજયના વિદ્યાર્થીઓ શિક્ષણ માટે ગુજરાતમાં આવે છે અને તેની સાથે સામાન્ય લોકો માટે પણ સંવેદના એ ગુજરાતના શાસનની સૌથી મોટી ખાસીયત છે.

**દેશના શ્રેષ્ઠ દસ મુખ્યમંત્રીઓની યાદીમાં સ્થાન ધરાવતા વિજયભાઈ રૂપાણીનાં હૈયે કાયમ સમાયેલું છે રાજકોટનું હિત**

જ્યારે હજું પણ વીજળી, પાણી જેવા પ્રશ્નોમાં ભારતના અન્ય રાજ્યો ગુંચવાયેલા છે ત્યારે ગુજરાતે વિકાસનો એ તબકકો ક્યારનો પાર કરી લીધો છે, જે કોંગ્રેસના શાસનમાં નર્મદા બંધનું બાંધકામ અને ઉંચાઈ વધારવાનું કામ દર વર્ષે ઈંચના ધોરણે આગળ વધતું હતું તે ૨૦૧૪માં કેન્દ્રમાં નરેન્દ્રભાઈ મોદીની સરકાર આવતા ફૂટના ધોરણે આગળ વધ્યું હતું. આઝાદીના ૬ દસકામાં જે કામ ન થયું તે કામ કેન્દ્ર અને ગુજરાતમાં ભાજપના શાસનમાં ૬ વર્ષથી પણ ઓછા સમયગાળામાં થઈ ગયું, જો આજે કેન્દ્ર અને ગુજરાતમાં કોંગ્રેસ શાસન હોય તો હજુ પણ નર્મદા ડેમ બંધાતો હોત, વર્તમાન સરકારે કેન્દ્રની મંજુરી મળતા જ નર્મદા પર દરવાજા મુકવાની કામગીરી પૂરી કરીને આ મહા જળાશય પૂરી ક્ષમતાથી પાણીનો સંગ્રહ કરી શકે છે. અને તેના કેનાલ નેટવર્કથી છેક કચ્છ સુધી નર્મદાનું પાણી મળે છે. કદાચ ભાગ્ય જ કોઈએ કલ્પના કરી હશે અને તેમા પણ સૌરાષ્ટ્ર માટે સૌની યોજના એ નેવાના પાણી મોભે ચડાવવા જેવું હતુ અને નરેન્દ્રભાઈ મોદીની સરકારે તેનો પ્રારંભ કર્યો, વિજયભાઈ રૂપાણીની સરકારે સૌરાષ્ટ્રમાં ૧૧૧માંથી ૬૫ ડેમમાં નર્મદાનું પાણી આ યોજના મારફત પહોંચાડવાનું કાર્ય કર્યુ છે .

નર્મદા અને તેના જેવી અન્ય યોજનાઓ તેમજ વિકાસ કાર્યોની નોંધ રાજય સ્તરે જ નહીં પરંતુ કેન્દ્ર સ્તરે પણ લેવામાં આવી છે અને કદાચ એટલે જ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દેશના શ્રેષ્ઠ ટોપ ટેન મુખ્યમંત્રીઓની યાદીમાં સ્થાન પામ્યા છે. એક મુખ્યમંત્રી તરીકે વિજયભાઈ રૂપાણીએ ગુજરાતની જનતાને જે ગૌરવ અપાવ્યું છે તે રાજ્યની જનતા ક્યારેય ભૂલશે નહીં.







### વિજય વિકાસ યાત્રાની ઝલક......

★ શહેરને પાણીદાર બનાવી દીધું

★ ફક્ત રાજકોટ જ નહીં પરંતુ સમગ્ર સૌરાષ્ટ્રને આરોગ્ય માટે એઇમ્સની ભેટ

★ વ્યાપાર-ઉદ્યોગ અને પ્રવાસનને વિકસાવતું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ

★ રાજકોટને રણીયામણું અને પર્યાવરણ લક્ષી ન્યુ રેસકોર્ષની ભેટ

★ શહેરની સાથે જોડાયેલી વન્યજીવન સાથે જોડાયેલી સંસ્કૃતિ અર્બન ફોરેસ્ટનો અનોખો ખ્યાલ રાજકોટમાં અમલી કરાયો

★ વિવિધ અને વિશાળ માર્ગો

રમત ગમત અને શારિરીક સોષ્ઠનો ખ્યાલ આપતો ખાસ સ્પોર્ટસ સંકુલ તથા દરેક મુખ્ય બગીચાઓમાં જીમનેશીયમના સાધનો.

★ રાત્રીના પણ અંધકારને દૂર કરતાં સોલાર સહિતની સીસ્ટમની સ્ટ્રીટ લાઇટ.

★ વાંચશે ગુજરાતના સંકલ્પને સાકાર કરતી અદ્યતન લાયબ્રેરી

★ વિવિધ વિસ્તારોમાં સૌના માટે સુવિધાપૂર્ણ કોમ્યુનીટી હોલ તથા ઓડીટોરીયમ

★ શહેરના વિવિધ વિસ્તારોમાં ગરીબથી મધ્યમ વર્ગને આવાસ યોજના

★ સૂચિતના રહેવાસીઓ માટે રાહત આપતી સરલ ટાઇટલ વ્યવસ્થા.

## જામનગર વકીલ મંડળની જય હો... ટીમનો રાજકોટ સામે વિજય



જામનગર, તા.૧૫

જામનગર વકીલ મંડળની ક્રિકેટ ટીમ જય હો... અને રાજકોટ દ્વારા આયોજિતમાં સેમીફાઈનલમાં ભવ્ય વિજય થયો છે. ભાવનગરની ટીમે ટોસ જીતીને પહેલા બેટિગ કરી ૨૦ ઓવરમાં ૧૭૧ રન ૩ વિકેટ ગુમાવી હતી. જય હો ટીમે ૧૦ બોલ બાકી રહેતા ૧૭૨ રન કરી વટ ભેર ફાઈનલ માં પ્રવેશ કરેલ છે. જેમાં સકિલ નોયડા ના ૩૭ બોલ માં ૭૧ રન. દિક્ષિત નાર૩ બોલ માં ૨૫ રન, કૌશલ ના ૨૪ રન. સકિલ નોયડા મેન ઓફ ધ મેચ જાહેર થયેલ હતાં. તા. ૨૮.૨.૨૧ ના ફાઈનલ મેચમાં આવું જ પ્રદર્શન કરી જય હો ટીમ જામનગર બારનું નામ રોશન કરે અને ફાઈનલ મેચ માં ભવ્ય જીત મેળવે તેવી. જામનગર વકીલ મંડળ તરફથી હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

## જામનગરમાંથી હંસ્થળની યુવતી લાપતા બન્યાની રાવ



જામનગર, તા.૧૫

કાલાવડ તાલુકાના હંસ્થળ ગામના રફીકભાઈ ખાનમહમદભાઈ નોયડા નામના પ્રૌઢની બાવીસ વર્ષની રૂમાના જામનગરમાં નસલ્લગની ઈન્ટરશીપ કરે છે. આ યુવતી જામનગરથી અપડાઉન કરે છે તે દરમ્યાન શુક્રવારે સાંજે રૂમાનાએ પિતાને ફોન કરીને જણાવ્યું હતું કે, મારી બસ ચૂકાઈ ગઈ હોય. હું રાત્રી રોકાણ માટે કૌટુંબીક ભાઈ સાજીદના સરૂસેકશ રોડ પર આવેલા મકાને જાઉં છું. ત્યારપછી ગઈકાલે રૂમાનાનો ફોન આવ્યો હતો કે, હું નોકરીએથી છૂટીને ફોન કરૂ છું તે પછી તેણીનો સંપર્ક કરાતા મોબાઈલ સ્વીચઓફ મળ્યો હતો. તેથી રફીકભાઈના સંબંધીઓએ એસ.ટી. રોડ પર આવેલી ડોડીયા હોસ્પિટલ કે જેમાં રૂમાના નોકરી કરતી હતી. ત્યાં તપાસ કરાવતા રૂમાના આવી જ ન હોવાનું બહાર આવ્યું છે તેથી પિતાએ પોતાની પુત્રી ગુમ થઈ ગયાની પોલીસમાં જાણ કરી છે. ઉપરોકત તસ્વીરવાળી પાતળો બાંધો, ઉજળોવાન અને પોણાપાંચેક ફૂટની ઉંચાઈ ધરાવે છે અને ચશ્મા ધારણ કરે છે આ યુવતી અંગે કોઈને જાણકારી હોય તો તેઓએ પીએસઆઈ આર.કે. ગુસાઈનો સંપર્ક કરવો.

## ખડધોરાજીની સગીરાનું અપહરણ

ચક્રવાત ટીમ જામનગર, તા.૧૫

કાલાવડ તાલુકાના ખડધોરાજી ગામના એક પરિવારની સવાસત્તર વર્ષની વયની પુત્રી ગયા મહિનાની ૨૫ તારીખે સવારથી સાંજ સુધી ઘેર હતી. તે તરૂણી આ સમય દરમ્યાન ગુમ થઈ ગઈ હતી. રાત્રે ઘેર આવેલા પરિવારના મોભીએ તેણીની શોધ કરી હતી. તમામ સગાસંબંધીઓને ત્યાં તપાસ કરાવ્યા પછી પણ આ તરૂણીનો પત્તો સાંપડ્યો ન હતો. તે દરમ્યાન તરૂણીને અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના કુંડલીયાળા ગામનો નાગજી નાનજીભાઈ બોરીચા નામનો શખ્સ લગ્નની લાલચ આપી તેણીનું અપહરણ કરી ગયો હોવાની આશંકા ઉભી થતાં આ તરૂણીની માતાએ કાલાવડ પોલીસ સ્ટેશનમાં પોતાની પુત્રીના અપહરણ થયું હોવાની ફરિયાદ નોંધાવી છે. પોલીસે નાગજી બોરીચા સામે આઈપીસી ૩૬૩, ૩૬૬ હેઠળ ગુન્હો નોંધી તપાસ શરૂ કરી છે.

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફોર્મ ચકાસણીમાં ૨૪૫ ફોર્મ રહ્યા અમાન્ય

**જિલ્લાની કુલ ૧૫૮ બેઠક માટે ૪૫૨ ફોર્મ માન્ય રહ્યા**

જામ ખંભાળિયા, તા.૧૫

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આગામી તારીખ ૨૮ મી ના રોજ યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થનાઓની સામાન્ય ચૂંટણીમાં શનિવારે ફોર્મ ભરવાના અંતિમ દિવસે જિલ્લાની કુલ સાત ચૂંટણીઓ માટે ભરવામાં આવેલા ૬૯૭ ઉમેદવારી પત્રો પૈકી આજે ફોર્મ ચકાસણીમાં ૨૪૫ ફોર્મ રદ થયા છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાની જિલ્લા પંચાયત તેમજ ખંભાળિયા, કલ્યાણપુર, ભાણવડ અને દ્વારકા તાલુકા પંચાયત તથા ખંભાળિયા અને રાવલ નગરપાલિકા મળી કુલ સાત સામાન્ય ચૂંટણી ઉપરાંત સલાયા નગરપાલિકા અને ઓખા નગરપાલીકાની પેટાચૂંટણીમાં ગત્ તા. ૮ મી થી શરૂ કરવામાં આવેલા ફોર્મ ભરવાના કાર્યક્રમમાં શનિવાર તારીખ ૧૩ મી સુધીમાં કુલ ૬૯૭ ફોર્મ ભરાયા હતા. જિલ્લામાં કુલ ૧૫૮ બેઠક માટે યોજવામાં આવેલી સામાન્ય ચૂંટણીમાં આજરોજ સોમવારે ફોર્મ ચકાસણીના દિવસે દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતના ૪૬, ખંભાળિયા તાલુકા પંચાયતના ૨૮ કલ્યાણપુર તાલુકા પંચાયતના ૪૮, ભાણવડ તાલુકા પંચાયતના ૪૦, દ્વારકા તાલુકા પંચાયતના ૨૫, ખંભાળિયા નગરપાલિકામાં ૩૪ અને રાવલ નગરપાલિકામાં ૨૪ મળી કુલ ૨૪૫ ફોર્મ અમાન્ય રહ્યા છે. જ્યારે કુલ ૪૫૨ ઉમેદવારીપત્રો માન્ય રહ્યા છે. આ ઉપરાંત સલાયા નગરપાલિકાની છ તથા ઓખા નગરપાલીકાની એક મળી કુલ સાત બેઠક માટેની પેટા ચૂંટણીમાં સલાયાના તમામ તેર ફોર્મ માન્ય રહ્યા છે. જ્યારે ઓખાની એક બેઠક માટે ત્રણ પૈકી એક ઉમેદવારીપત્ર રદ થતા બંને પેટાચૂંટણીમાં કુલ ૧૫ ઉમેદવારીપત્રો માન્ય રહ્યા છે. ફોર્મ ચકાસણીની કામગીરી પૂર્ણ થતાં આવતીકાલે ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે ઉમેદવારીપત્રો પરત ખેંચાયા બાદ ચૂંટણીનું આખરી ચિત્ર સ્પષ્ટ થશે. આ વચ્ચે 'નડતરરૂપ' ઉમેદવારોને યેનકેન પ્રકારે સમજાવી, ફોર્મ પરત ખેંચાવી લેવા માટે ખાસ કરીને રાષ્ટ્રીય પક્ષના ઉમેદવારો આગેવાનો કમર કસી રહ્યા છે. આ સમજાવવાનો ધમધમાટ આજે આખી રાત ચાલે તો નવાઈ નહીં.

## ગોકુલનગરના રહેણાંક મકાનમાંથી દારૂની ૫૦ બોટલો મળી : આરોપી ફરાર

જામનગર, તા.૧૫

જામનગરના ગોકુલનગરમાં આવેલા એક મકાનમાંથી પોલીસે અંગ્રેજી શરાબની ૫૦ બોટલ ઝડપી લીધી છે. આરોપી નાશી જવામાં સફળ થયો છે. જયારે રણજીતનગરમાં સ્કૂટરમાં કરાતી શરાબની હેરાફેરી પોલીસે પકડી પાડી વીસ બોટલ સાથે એકની ધરપકડ કરી છે. તેણે સપ્લાયરનું નામ આપ્યું છે. જામનગરના ગોકુલનગર વિસ્તારમાં આવેલા એક મકાનમાં અંગ્રેજી શરાબનો જથ્થો પડ્યો હોવાની બાતમી પરથી શનિવારે સિટી સી ડિવિઝનના સ્ટાફે ત્યાં આવેલા કેયુર ગીરીશભાઈ ડોબરીયા ઉર્ફે કયલા પટેલના મકાનમાં દરોડો પાડતા ત્યાંથી અંગ્રેજી શરાબની ૫૦ બોટલ મળી આવી હતી. પોલીસે રૂા. ૩૩,૦૦૦ની કિંમતનો શરાબનો જથ્થો કબ્જે લીધો છે. પોલીસના દરોડો પહેલા આરોપી નાશી ગયો હોય. તેની શોધખોળ શરૂ કરવામાં આવી છે.નનજામનગરના રણજીત નગરમાં એક સ્કૂટરમાં અંગ્રેજી શરાબની હેરાફેરી થઈ રહી હોવાની બાતમી પરથી શનિવારે રાત્રે ઉદ્યોગનગર પોલીસચોકીના સ્ટાફે જીજે-૧૦-સીએલ-૪૪૪૪ નંબરના સ્કૂટર પર નેવીલ પાર્ક નજીકથી પસાર થતાં જનતાફાટક પાસે સર્વોદય સોસાયટીમાં રહેતા શક્તિસિંહ વિક્રમસિંહ વાઘેલા નામના શખ્સને રોકાવી ચેક કરતા તેના કબ્જામાંથી અંગ્રેજી શરાબની વીસ બોટલ મળી આવી હતી. પોલીસે બોટલ તથા સ્કૂટર મળી રૂા. ૩૦ હજારનો મુદમાલ કબ્જે કર્યો છે અને આરોપીની પૂછપરછ કરતા તેણે આ જથ્થો પટેલ કોલોનીની શેરી નં. ૯ના છેવાડે રહેતા અજયસિંહ લગધીરસિંહ પરમારે આપ્યાની કબુલાત કરી છે. જામનગરના કાલાવડ નાકા બહાર આવેલા રબાની પાર્કમાં રહેતાં શબ્બીર હુશેન હનીફ કીડીયા નામના શખ્સને શનિવારે રાત્રે પોલીસે નંબર પ્લેટ વગરના સ્કૂટરમાં નશાની હાલતમાં જતો પકડી લીધો હતો અને સ્કૂટર કબ્જે કરવામાં આવ્યું છે.

## જામજોધપુર સગર સમાજને ભાજપ દ્વારા ટીકીટ નહીં ફાળવાતા કાર્યકરના પત્નીએ અપક્ષમાં ઝુકાવ્યું

જામજોધપુર, તા.૧૫

ભાજપમાં વરસો જૂના કાર્યકરોને કદ પ્રમાણે વેતરી નાખી અથવા સાઈડ લાઈન કરી નાખવાનો સીલસીલો ચાલુ છે, જામજોધપુર ભાજપમાં પણ કોંગ્રેસ જેવો જુથવાદ ઘર કરી ગયો હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે શહેરના સગર સમાજના એક આગેવાનને ભાજપે ઘણા સમય થયા સાઈડલાઈન કરી દીધા પછી તાલુકા પંચાયતની ચૂંટણીમાં ૨૦ વર્ષ જૂના ભાજપના કાર્યકર અને બક્ષીપંચ મોરચાના પ્રમુખ રી ચૂકેલા માલદેભાઈ પીપરોતરને ટીકીટ ન ફાળવતા રોષ સાથે તેમના પત્ની ભીનીબેન દ્વારા અપક્ષ ધ્રાફા બેઠક પર ઉમેદવારી કરેલ છે અને માલદેભાઈ દ્વારા જણાવેલ કે દસ દિવસ પહેલા અન્ય પક્ષોમાંથી આવેલને ટીકીટ ફાળવતા અને ભાજપના વફાદારોને અન્યાય થતા જામજોધપુરના સગર સમાજને સાથે રાખી અપક્ષ ઉમેદવારી નોંધાવેલ છે. આમ સગર સમાજના ભાજપના સનિષ્ઠ વફાદાર આગેવાનોની અવગણના તાલુકા જિલ્લા પંચાયતની ચૂંટણીમાં નવાજૂની કરે તો નવાઈ નહીં તેવું રાજકીય પંડિતોમાં ચર્ચાઈ છે.

## ખારવા અને લતીપરમાં જિલ્લા પંચાયતની ૭-૭ બેઠક

ધ્રોલ, તા.૧૫

ધ્રોલ જિલ્લામાં પંચાયતની ખારવા બેઠક પર સાત અને લતીપરની બેઠક પર સાત ફોર્મ ભરાયા હતા. તેમજ તાલુકા પંચાયતમાં કુલ ૪૨ ફોર્મ ભરાયા હતા. ખારવા તાલુકાની બેઠકમાં દેડકદડ-૪, હમાપર-૪, જાલીયા-૫, ખાખરા-૪, ખારવા-૬, ખેંગારકા-૭, લૈયારા-૭, વાંકિયા-૫, કુલ ૪૨ તેમજ લતીપર જિલ્લા પંચાયતની સીટ હેઠળ આવતી તાલુકા પંચાયતની સીટોમાં કુલ ૨૯ ફોર્મ ભરાયા હતા. જેમાં ભેંસદડ-૩, હાડાટોડા-૩, જાયવા-૪, લતીપર-૧માં ૨, લતીપર ૨ માં-૪, લતીપર-૩ માં ૫, નથુવડાલ-૫, મોટા વાગુદડ-૩ કુલ ૨૯ ફોર્મ ભરાયા હતા. ધ્રોલ તાલુકા પંચાયતની મોટા વાગુદડ બેઠક પર કોંગ્રેસે કોઈ ઉમેદવાર ઉભો ન રાખતા આ બેઠક પર ભાજપ અને બસપા ઉમેદવાર વચ્ચે જંગ જામશે. ધ્રોલ તાલુકાના હાડાટોડા પંચાયતની સીટ પરથી ધ્રોલ તાલુકા ભાજપના મહામંત્રી બ્રિજરાજસિંહ જાડેજાના પત્ની રાજેશ્રીબા જાડેજાએ ફોર્મ ભર્યુ હતું અને ખેંગારકા ગામેથી ધ્રોલ તાલુકા ભાજપ મહામંત્રી જેન્તીભાઈ કગથરાએ ફોર્મ ભર્યુ હતું.

## જામનગર જિલ્લામાં પંચાયત કોંગ્રેસના ઉમેદવારો જાહેર

જામનગર, તા.૧૫

જામનગર જિલ્લા પંચાયતની ચૂંટણી જાહેર થયા બાદ ભાજપ સહિતના રાજકીય પક્ષોએ તેમના ઉમેદવારોની યાદી જાહેર કરી હતી. દરમિયાન આજે કોંગ્રેસ દ્વારા જિલ્લાની અલગ અલગ બેઠકો માટેના ઉમેદવારોની સત્તાવાર યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં જાડેજા કિરણબા ઉપેન્દ્રસિંહ-આમરા- ૧, ધમસાણીયા ભુપતભાઈ મોહનભાઈ-અલીયા-૨, લુણા મંજુબેન બાબુભાઈ-બેડ -૩, બડીયાવદરા દેવશીભાઈ રાણાભાઈ-ભણગોર-૪, ખફી જુલેખાબેન કાસમભાઈ-ચેલા-૫, કણજારીયા દેવજીભાઈ રણછોડભાઈ-ધુંવાવ-૬, માધાણી પ્રવિણભાઈ જીવરાજભાઈ-ધુતારપર-૭, સોનલબેન વાઘાભાઈ ભરાઈ-ગીગણી-૮, મનોજભાઈ કરમણભાઈ ભીમાણી-જોડિયા-૯, દીપકભાઈ વીઠલભાઈ વસોયા-ખંઢેરા-૧૦, કાન્તાબેન જસમતભાઈ તાળા-ખરેડી-૧૧, ગોવિંદભાઈ કરશનભાઈ પટેલ-ખારવા-૧૨, કટેશીયા ઉર્મિલાબેન નરસીહભાઈ-ખીમરાણા-૧૩, ખીમજીભાઈ જીવાભાઈ ઘોળકીયા-લાલપુર-૧૪, આણદાણી નર્મદાબેન મુશેકભાઈ-લતીપુર-૧૫, ઝાંટીયા પ્રભાતભાઈ હીરાભાઈ-મોરકંડા-૧૬, શાંતીબેન મશરીભાઈ કંડોરીયા-મોટીગોપ-૧૭ સહિતનાઓ સમાવેશ થયેલ છે.

# તારાપુર યુવાસેના દ્વારા શહીદોને શ્રદ્ધાંજલિ અને આયુર્વેદિક સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



ચક્રવાત ટીમ તારાપુર, તા.૧૫

૧૪મી ફેબ્રુઆરી એટલે યુવાધન વેલેન્ટાઈન ડે ઉજવવામાં મસ્ત હોય છે ત્યારે પુલવામામાં ભારતીના જવાનો એ શહીદી વ્હોરી લીધેલ અને આજે જ વીર ભગતસિંહ, રાજ્યગુરુ તેમજ ખુદીરામ બોઝ ને નિર્દય અંગ્રેજો દ્વારા ફાંસીનો હુકમ આપવામાં આવ્યો હતો તેઓની યાદમાં તારાપુર યુવાસેના દ્વારા તારાપુર નાની ચોકડી પાસે શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ તેમજ તારાપુર શહેર અને આજુબાજુ ના ગ્રામજનોની તંદુરસ્તી જળવાય રહે તેવા આશય સહ આયુર્વેદિક સર્વરોગ નિદાન કેમ્પ નું આયોજન પણ કરવામાં આવ્યું આ અવસરે ગુજરાત યુવાસેના ટીમ તારાપુર, તારાપુર સરપંચ, ડે. સરપંચ, કેળવણી મંડળના પ્રમુખ, અર્બન બેન્કના ચેરમેન, ભાજપ સંગઠન પ્રમુખ, ઉપપ્રમુખ, મહામંત્રી, તારાપુર પી એસ આઈ પટેલ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી શહીદોને પુષ્પથી શ્રદ્ધાંજલિ આપી રાષ્ટ્રગીત ગાઈને શહીદોને સલામી આપી હતી.

# જામકંડોરણાની પંચશીલ કન્યા છાત્રાલયમા 'વેલેન્ટાઈન ડે'ની જગ્યાએ ઉજવાયો 'માતૃ-પિતૃ' પૂજન દિવસ ઉજવાયો

ચક્રવાત ટીમ જામકંડોરણા, તા.૧૫

૧૪ ફેબ્રુઆરીના દિવસે સારાએ દેશમાં મોટાભાગના લોકો પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ કરને 'વેલેન્ટાઈન ડે' ની ઉજવણી કરે છે. મોટાભાગના યુવક-યુવતીઓ આ દિવસે એક-બીજાને ફૂલ આપી 'આઈ લવ યુ' સાથે પ્રેમનો એકરાર કરતા જોવા મળે છે. ભારતીય સંસ્કૃતિને ભૂલી આપણી પશ્ચિમી સંસ્કૃતિ તરફ આ આપણી આંધળી દોટ છે. આ દિવસે આપણે પ્રેમનો એકરાર કરીએ છીએ કે લાગણીનો કારોબાર કરીએ છીએ એના ઉપર વિચાર કરવાની જરૂર છે. ભુલાઈ રહેલ માતા-પિતા, વડીલોને પ્રણામ કરી આદર-સન્માન આપવાના સંસ્કારોને જીવિત રાખવાના ભાગરૂપ જામકંડોરણાની પંચશીલ સાર્વજનિક



કન્યા છાત્રાલયમાં સંચાલક મંડળ તથા આ છાત્રાલયની તમામ છાત્રા બહેનોએ 'વેલેન્ટાઈન ડે' ની જગ્યાએ 'માતૃ-પિતૃ પુજન દિવસ તરીકે ઉજવણી કરવાનું સુંદર આયોજન કરેલ હતું. આજે આ એક નવો રાહ ચીંધતો કાર્યક્રમ કરવા માટે છાત્રાલયની તમામ બહેનોને કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે આગલી રાત્રે આ કાર્યક્રમને લગત વિડિઓ વટાવી જરૂરી માહિતી અને માર્ગદર્શન-સૂચનાઓ આ છાત્રાલયના ઉત્સાહી અને સંનિષ્ઠ સંચાલક નરેનભાઈ પ્રિયદર્શી (પત્રકાર) દ્વારા આપવામાં આવેલ હતું. કાર્યક્રમના પ્રારંભે ગત ૧૪મી ફેબ્રુઆરી-૨૦૧૯ના ડીને આપણા ભારતીય સી.આર.પી.એફ.ના જવાનોના કાફલા ઉપર કારબોમ્બ વડે આતંકી હુમલો કરી આપણા ૪૦ જવાનોને શહીદ કરવામાં આવેલ તેને શ્રધ્ધાંજલી આપવા માટે બે મિનિટનું મૌન પાલવામાં આવેલ હતું. આજના આ માતૃ-પિતૃ પુજનના દિવસે આપણને જન્મ દેનાર, દુનિયાનું દર્શન કરાવનાર, આપણા સાચા દેવ-ભગવાન 'માતા-પિતા' નું પૂજન-અર્ચન કરી તેના આશીર્વાદ મેળવવામાં આવ્યા હતા. પ્રથમ આ છાત્રાલયના સંચાલક નરેન પ્રિયદર્શી દ્વારા તેમના માતા-પિતા અને આ છાત્રાલયના આદ્યસ્થાપક દિવંગત અમરશીભાઈ પરમારના તૈલચિત્રની પૂજા અર્ચના કરી હતી, ત્યારબાદ છાત્રાલયની તમામ છાત્રાઓએ પોતાના માત-પિતાને યાદ કરી છાત્રાઓને મોટાભાઈ અને પિતાનો પ્રેમ આપનાર આ છાત્રાલયના પ્રમુખ-સંચાલક નરેનભાઈ પ્રિયદર્શી અને તેમના પત્નીની પુજા અર્ચના કરે ધન્યતા અનુભવી હતી.

# કોડીનારના વિઠલપુરમાં સરપંચ પ્રતાપભાઈ મહિડાએ છેડો ફાડયો



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૧૫

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકા ના દિગજ નેતા સ્માર્ટ ગામના સરપંચ મહિડા પ્રતાપભાઈ ભાજપથી છેડો ફાડી આપમા જોડાયા ભાજપમા ભડકો સરપંચ પ્રતાપભાઈએ ડોળાસા જીલ્લા પંચાયત સીટની માંગણી કરી હતી પરંતુ ભાજપના આગેવાનોએ સગાવાદ અને વ્યક્તિ વાદ કરી મિતિયાજના ઉમેદવારને ટિકિટ આપી જે પંચાયત સરપંચની ચૂંટની બે વાર હારી ગયા હતા જયારે વિઠ્ઠલપુર સરપંચ બે વાર સરપંચ પદે ચૂંટાણા છે અને ગુજરાત મા સમ્રાટ સરપંચ નો એવોર્ડ મેળવેલ છે આવા વ્યક્તિને ટિકિટના આપી ભાજપ વે પોતાના પગ પર કુવાડો માર્યો છે આજે વિઠ્ઠલપુર સરપંચના પત્નીએ આપ માંથી ઉમેદવારી નોંધાવીને ભાજપને ઝટકો આપ્યો છે અને કોડીનાર મા ઘણી બેઠક પર ભાજપથી નારાજ થઈ અપક્ષ ઉમેદવારી કરી છે. પ્રેસને આ મુજબની હકીકત પ્રતાપભાઈ મહીડા દ્વારા જણાવવામાં આવી હતી.

# ગીરગઢડાના ફુલકા ગામે મકાનમાં અચાનક આગથી ઘરવખરી બળીને ખાખ થઈ

ચક્રવાત ટીમ ઉના, તા.૧૫

ગીરગઢડા તાલુકાના ફુલકા ગામે રહેણાંક મકાનમાં અચાનક આગ લાગતા મકાનમાં અંદર રહેલી ધરવખરીની તમામ વિજવસ્તુઓ બળીને ખાખ થતાં મકાન માલીકને ભારે નુકસાન થયેલ છે. ફુલકા ગામે રહેતા પુનાભાઈ કાળાભાઈ વંશનું કાચુ નળીયા વાળુ રહેણાંક મકાન આવેલ છે. અને મજુરી કામ કરી ધરનું ગુજરાન ચલાવતા હોય વહેલી સવારે ધરના સભ્યો મકાનમાં બહારથી તાળુ મારી મજુરી કામે ગયેલા હતા. અને અચાનક ધરમાં કોઈ કારણોસર આગ લાગતા આગ ધીમે ધીમે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા અને મકાનની અંદરથી આગના ધુમાળાના ગોટેગોટા બહાર ફેલાય જતાં આજુબાજુમાં રહેતા લોકોના નજરે પડતા તાત્કાલીક દોડી ગયેલા અને મકાનના અંદર જોતા આગના કારણે ધરમાં રહેલી તમામ ધરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. ઘરના અંદર રોકડ રકમ, અનાજ, જરૂરી કાગળો, ઈલેક્ટ્રીક ચિજવસ્તુઓ આગમાં મળીને ખાખ થઈ ગયુ હતું. જોકે ગામના સરપંચ પુત્ર જાદવભાઈ બાબુભાઈ વાધેલા સહીતના ગામ લોકો એકત્ર થઈ ગયેલ અને આગ પર



પોત પોતાના વાસણો દ્વારા આગ પર પાણીનો મારો ચલાવી આગને બુજાવી હતી. જોકે આગથી ઘર માલીકને રૂ. ૩ લાખ જેટલુનું નુકસાન થયેલ હોવાનું જાણવા મળેલ છે. આગના કારણે ધરમાં તમામ ચિજવસ્તુઓ બળીને ખાખ થઈ જતાં ગામ લોકો દ્વારા આર્થિક મદદ પણ કરવામાં આવેલ. અને ધરમાં રહેલા રોકડ રકમ પણ બળીને ખાખ થતા આર્થિક મુશ્કેલીમાં મુકાય ગયા છે. જોકે આગની ધટના અકબંધ રહેલ તેનું કારણ હજુ સુધી જાણવા મળેલ નથી. આ આગની ધટના બનતા ગ્રામ પંચાયતના સરપંચ, તલાટી મંત્રી અને ગીરગઢડા પોલીસને જાણ કરેલ.

# સભામાં હાજર ભાજપના તમામ નેતાઓના કોરોના ટેસ્ટ કરાવવાની કોંગ્રેસની માંગ

## ફરીથી પાર્ટીના કામમાં લાગી જવાની શહેર પ્રમુખની અપીલ

(જી.એન.એસ.)વડોદરા,તા.૧૫

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને પ્રચાર અભિયાનમાં ભાજપના સ્ટાર પ્રચારક અને મુખ્યમંત્રી વિજય રૂપાણી વડોદરાની જાહેરસભામાં ચક્કર આવતા મુખ્યમંત્રી સ્ટેજ પર ઢળી પડ્યા હતા. જોકે આજે મુખ્યમંત્રીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા ૩ જાહેર સભા દરમિયાન સ્ટેજ ઉપર હાજર સાંસદ, ધારાસભ્યો, હોદ્દેદારો અને ૧૧ વોર્ડના ૪૪ ઉમેદવારો ચિંતામાં મૂકાઈ ગયા છે.

વડોદરા શહેર ભાજપ પ્રમુખ વિજય શાહે જણાવ્યું હતું કે, તેમનું સ્વાસ્થ્ય સારૂ રહે અને તેઓ જલ્દી સાજા થાય તેવી અમે પ્રાર્થના કરીએ છીએ. જોકે જાહેરસભાઓ દરમિયાન અમે લોકો માસ્ક પહેર્યા હતા અને સોશિયલ ડિસ્ટન્સ પણ જાળવ્યું હતું. જેથી કાર્યકરોને અપીલ છે કે, તમે ફરીથી પાર્ટીના કામમાં લાગી જાઓ. બીજી તરફ વડોદરા શહેર કોંગ્રેસ અગ્રણી નરેન્દ્ર રાવતે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા વડોદરા શહેરના નિઝામપુરા વિસ્તારમાં સભાના સંબોધન દરમિયાન બેભાન થયા હતા. આજે રિપોર્ટ કરાવતા તેઓ કોરોના પોઝિટિવ આવ્યા છે, ત્યારે તેમના લાંબા આયુષ્યની પ્રાથના કરું છું તેમજ વડોદરા શહેરના સાંસદ, પૂર્વ મેયર, તેમજ સંગઠનના ટોચના નેતાઓ જેઓ તેમના સંપર્કમાં આવ્યા હોય, તેઓ સ્વૈચ્છિક રીતે હોમ ક્વોરન્ટીન થાય અને તેમના ટેસ્ટ કરાવવાની તેવી માંગણી કરીએ છીએ.

# ટંકારા પોલીસે ભરૂચમાંથી ચોરાયેલ મોટરસાયકલ સાથે બે શખ્સોને દબોચ્યા

ચક્રવાત ટીમ ટંકારા, તા.૧૫

વાહન ચોરી જેવા ગુન્હામાં ભારે સગવડતારૂપ સાબિત થઈ રહેલી 'ઈ-ગુજકોપ પોકેટ કોપ' મોબાઈલ એપ્લિકેશનની મદદથી ટંકારા પોલીસે ચોરીના બાઈક સાથે બે શખ્સોની અટકાયત કરી ભરૂચ પોલીસને જાણ કરી છે. ગત ડિસેમ્બર મહિનામાં ભરૂચથી ચોરેલા બાઈક સાથે હાલ ટંકારા ખાતે રહેતા મૂળ મધ્યપ્રદેશ અને દાહોદના બે શખ્સો ટંકારા પોલીસના ચેકીંગ દરમ્યાન નજરે ચડ્યા હતા. શંકાને આધારે બાઈક પર જઈ રહેલા બન્ને શખ્સોને અટકાવી બાઈકના કાગળો માંગતા બન્ને શખ્સો ગેંગેંફેફે કરવા લાગતા બન્નેને પોલીસ સ્ટેશને લઈ આવી ઈ-ગુજકોપ પોકેટ કોપ એપ.ની મદદથી બાઈકના ચેસીસ નંબરને આધારે મૂળ માલિક અને



બાઈકના રજિસ્ટ્રેશન નંબર મળી આવ્યા હતા. જેના આધારે તપાસ કરતા GJ 22 K- ૬૩૫૩ નંબરનું આ બજાજ કંપનીનું પ્લસર બાઈક ભરૂચમાંથી ચોરાયું હોવાની ફરિયાદ મળી આવી હતી. આથી ૨૩ વર્ષીય લસા ખુમસિંહ ગણાવા, રહે. ડુંગલાવાડી, ખેરીયામાલી ફળિયું, તાલુકો ભાંભોર, જિલ્લો, અલીરાજપુર, મધ્યપ્રદેશ, તથા ૩૩ વર્ષીય સવરસિંહ ઉર્ફે રમેશ બચુભાઈ મીના, મૂળ રહે. કળાખૂટ, ખોબરા ફળિયું, નવાનગર, તાલુકો ધાનપુર, જિલ્લો દાહોદ, હાલ બન્ને રહે. સખપર ગામ, તાલુકો ટંકારા વાળાની અટકાયત કરી ભરૂચ સીટી પોલીસ સી.ડિવિઝનમાં જાણ કરી રૂપિયા ૬૧૦૦૦ની કિંમતનું બાઈક કબ્જે કર્યું છે.ઉપરોકત કામગીરીમાં ટંકારા પોલીસના બી.ડી.પરમાર (પો. સબ.ઈન્સ ટંકારા પો.સ્ટે) તથા એ.એસ આઈ ફારૂકભાઈ, સર્વેલન્સ સ્કોડના અનાર્મ પો. હેડ.કોન્સ નગીનદાસ જગજીવનદાસ નીમાવત, વિજયભાઈ નાગજીભાઈ બાર, અંબાપ્રતાપસિંહ પ્રવિણસિંહ જાડેજા, કિશોરદાન ગંભીરદાન ગઢવી, અનાર્મ લોકરક્ષક સિધ્ધરાજસિંહ અનીરૂધ્ધસિંહ જાડેજા, પો.કોન્સ વિજયભાઈ ચાવડા, પો.કો-સ, ખાલીદખાન સહિતનો પોલીસ સ્ટાફ રોકાયો હતો.

# વાંકાનેર-ટંકારા તાલુકા પંચાયતમાં છેલ્લી ઘડીએ ભાજપે બે ઉમેદવાર બદલ્યા

## વાંકાનેરની પીપળીયારાજ અને ટંકારાની સાવડી બેઠક ઉપર ઉમેદવાર બદલવા પડયા

ચક્રવાત ટીમ મોરબી, તા.૧૫

મોરબી જિલ્લામાં ગઈકાલે નગરપાલિકામાં ઉમેદવારો બદલ્યા બાદ આજે છેલ્લી ઘડીએ ભાજપે ટંકારા અને વાંકાનેર તાલુકા પંચાયતમાં બે બેઠકો ઉપર ઉમેદવારો બદલવા પડયા છે. મોરબી જિલ્લા ભાજપના પ્રમુખ દુર્લભજીભાઈ દેથરિયાના જણાવ્યા મુજબ વાંકાનેરતાલુકા પંચાયતની પીપળીયારાજ અને ટંકારાની સાવડી બેઠક ઉપર ભાજપના ઉમેદવાર બદલ્યા છે જેમાં વાંકાનેરમાં પીપળીયારાજ બેઠક ઉપર રીઝવાનાબેન ઈલમુદીન દેકાવાડીયાની જગ્યાએ અમીનાબેન હુસેનભાઈ શેરસિયા અને ટંકારા તાલુકા પંચાયતની સાવડી બેઠક ઉપર ચંપાબેન ડાયાલાલા સવસાણીની જગ્યાએ પુષ્પાબેન પ્રભુલાલ કામરીયાને ઉમેદવાર તરીકે નામાંકન કરવામાં આવ્યું છે.

# ચારૂસેટના અગ્રણી દાતા અને અમેરિકા સ્થિત સ્વ. પનુભાઈ પટેલની શ્રદ્ધાંજલિ સભા

ચક્રવાત ટીમ ચાંગા, તા.૧૫

ચારૂસેટ કેમ્પસના અગ્રણી દિલાવર દાતા અને અમેરિકાસ્થિત સ્વ. પનુભાઈ બી. પટેલ (મહેળાવ/USA)ની શ્રધ્ધાંજલિ સભા ચરોતર યુનિવર્સીટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીમાં યોજાઈ હતી. આ શ્રધ્ધાંજલિ સભામાં શ્રી ચરોતર મોટી સત્તાવીસ પાટીદાર કેળવણી મંડળ અને ચારૂસેટના પ્રમુખ શ્રી સુરેન્દ્ર પટેલ, શ્રી ચરોતર મોટી સત્તાવીસ લેઉવા પાટીદાર સમાજ-માતૃસંસ્થા અને CHRF ના પ્રમુખ શ્રી નગીન પટેલ, માતૃસંસ્થા, કેળવણી મંડળ અને CHRFના માનદ મંત્રી ડો. એમ.સી.પટેલ, ચારૂસેટ યુનિવર્સીટીના પ્રોવોસ્ટ ડો. પંકજ જોશી ઉપરાંત કેળવણી મંડળ, માતૃસંસ્થા અને ઝઉઁઈહ્વના ટ્રસ્ટી – હોદ્દેદારો અને કારોબારી સભ્યો સહિત એડવાઈઝર્સ, વિવિધ કોલેજોના ડીન, પ્રિન્સીપાલ, ફેકલ્ટી મેમ્બર્સ ઉપસ્થિત રહ્યા હતા. દાતાના પત્ની ભાનુબેન અને પુત્ર હર્ષિતભાઈ અમેરિકા-ન્યુયોર્કથી ઓનલાઈન ઉપસ્થિત રહ્યા હતા. પ્રારંભમાં ચારૂસેટ યુનિવર્સીટીના રજીસ્ટ્રાર ડો. દેવાંગ જોશીએ સ્વ. પનુભાઈ પટેલને શ્રધ્ધાંજલિ અર્પણ કરતા તેમના ચારૂસેટ કેમ્પસ પરના અમુલ્ય યોગદાનની યાદ અપાવી હતી. ઉલ્લેખનીય છે કે પનુભાઈ પટેલ પરિવાર દ્વારા ચારૂસેટ કેમ્પસમાં ચારૂસેટ યુનિવર્સીટી અને ચારૂસેટ હોસ્પિટલ માટે રૂ. બે કરોડનું માતબર દાન પ્રાપ્ત થયું છે. પનુભાઈ પટેલ ચારૂસેટ સંલગ્ન ચંદુભાઈ એસ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીની એક વિદ્યાશાખા Upendra & Paresh U. Patel Department of Computer Engineering ના દાતા છે. દાતા સ્વ. પનુભાઈ પટેલને શ્રધ્ધાંજલિ અર્પણ કરતા કેળવણી મંડળના ઉપપ્રમુખ




કિરણભાઈ પટેલ (કમ્ફી)એ અગાઉ આફ્રિકાના યુગાન્ડામાં વસતા દાતા સાથેના સંબંધો યાદ કરતાં જણાવ્યું હતું કે સ્વ. પનુભાઈના નિધનથી સમાજને મોટી ખોટ પડી છે અને ચારુસેટે એક અગ્રણી દાતા ગુમાવ્યા છે. ભૂતપૂર્વ પ્રિન્સીપાલ શનુભાઈ પટેલ, કેળવણી મંડળના સહમંત્રી મધુબેન પટેલ, માતૃસંસ્થાના ખજાનચી પ્રિ. આર. વી. પટેલ, માતૃ સંસ્થાના ઉપપ્રમુખ વી. એમ. પટેલે દાતા સાથેના સ્મરણો યાદ કરતાં જણાવ્યું હતું કે સ્વ. પનુભાઈ પટેલનું જીવન મહેનત, લગન, સાહસિકતા, ઉદારતા જેવા ઉમદા ગુણોથી ભરપુર રહ્યું હતું. આ પ્રસંગે સ્વ. પનુભાઈ પટેલના પુત્ર હર્ષિતભાઈએ અમેરિકા-ન્યુયોર્કથી ભાવભીની અંજલી અર્પણ કરતા પિતાનું યોગદાન યાદ કરી આટલા ટૂંકા સમયગાળામાં શ્રધ્ધાંજલિ સભા યોજવા બદલ ચારુસેટ પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે અમે અમારા પરિવારનો આધાર સ્તંભ ગુમાવ્યો છે. સમાજ માટે કામ કરવું અને સમાજની પ્રગતિ માટે દાન કરવું એ સંસ્કારો અમારા પરિવારની ગળથુથીમાં છે. મારા પિતા માનતા હતા કે કેળવણી દુનિયાની તમામ સમસ્યાઓનો ઉકેલ છે. તેમના માટે દાનનો અર્થ વિદ્યાર્થીઓના સપના સાકાર કરી તેમના જીવન બદલવાનો હતો. સખત મહેનત, ધ્યેય અને સદ્કાર્ય કરવા હંમેશા તેઓ પ્રેરિત કરતા હતા. સમગ્ર ચારૂસેટ પરિવાર વતી સ્વ. પનુભાઈ પટેલને શ્રધ્ધાંજલિ અર્પણ કરતા માતૃસંસ્થા અને ઝઉઁઈહ્વના પ્રમુખ શ્રી નગીન પટેલે તેમના કુટુંબીજનોને હાર્દિક દિલસોજી પાઠવી હતી. સહિયારી શિક્ષણયાત્રા અને સહિયારી સ્વાસ્થ્ય યાત્રામાં તેમના યોગદાનને યાદ કર્યું હતું અને જણાવ્યું હતું કે સ્વ. પનુભાઈના નિધનથી સમાજ અને પરિવારને મોટી ખોટ પડી છે, સમાજે વિરલ સમાજોપયોગી દિશા આપનાર મહાનુભાવ ગુમાવ્યા છે.

# નવાબંદરનો માથાભારે શખ્સને પાંચ જીલ્લામાંથી તડીપાર કરતી નવાબંદર મરીન પોલીસ



ચક્રવાત ટીમ ઊના, તા.૧૫

ઊનાના નવાબંદર ગામે રહેતો શખ્સ વિરૂધ્ધ શરીર સંબંધી તેમજ મિલ્કત વિરોધી ગુન્હામાં સંડોવાયેલ આરોપી વિરૂધ્ધ નવાબંદર પોલીસમાં ફરીયાદ નોધાયેલ હોય જે આરોપી આસીબ ઉર્ફે આસીફ જબ્બાર સોઢા રહે. નવાબંદર ગામના શખ્સને નવાબંદર પોલીસે ઝડપી પાડી ગીરસોમનાથ, જુનાગઢ, પોરબંદર, અમરેલી, તેમજ કેન્દ્રશાસીત દિવ, વણાંકરા જીલ્લાઓ માંથી એક વર્ષ માટે હદપાર કરેલ છે. નવાબંદર મરીન પોલીસના પીએસઆઈ કે.વી.પરમાર, એ એસ આઈ કંચનબેન પરમાર, સરમણભાઈ છેલાણા, પ્રદિપસિંહ, પ્રવિણસિંહએ ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હદપારી નોટીશની બજવણી કરી રાજકોટ ખાતે મોકલી આપેલ છે. જોકે નવાબંદર મરીન પોલીસની કામગીરીથી ગંભીર ગુનહાઓ આચરતા શખ્સોમાં ફફડાટ મચી ગયેલ છે.

# ઉના ગીરગઢડા તાલુકાના ૨૫ ગામના ૮૩ યુવાનો આર્મી માટે ગ્રાઉન્ડ સ્ટેજ પાસ કર્યો

ચક્રવાત ટીમ ઉના, તા.૧૫

ગઈ કાલે પુલવામામાં થયેલા હુમલાને એક વર્ષ થતા દેશમાં ઠેર ઠેર શોક વ્યક્ત કરવામાં આવ્યો હતો. દેશ સેવા અર્થે આર્મીમાં ભરતી થવા માટે ઊના ગીરગઢડા તાલુકાના દેલવાડ-૮, સનખડા-૪, ગાંગડા-૩, ઉંટવાળા-૨, મોઠા-૧, સીમર-૮, સંજવાપુર-૩, દાંડી-૧, અંજાર-૧, વાંસોજ-૫, પાલડી-૩, કાળાપાણ-૧, કોબ-૩, કાજરડી-૪, સોનારી-૫, એલમપુર-૧, મોટાડેસર-૪, લામધાર-૮, નાથડ-૩, ફુલકા-૩, ઉંદરી-૧, પાંડેરી-૩, આંકોલાડી-૨, વાવરડા-૨ તેમજ ભડીયાદર-૪ આમ પચીસ ગામના ૮૩ યુવાનોએ ગ્રાઉન્ડ પાસ કરતા ગામના લોકો, આગેવાનો અને તેમના પરીવારજનોએ ખુશીની લાગણી વ્યક્ત કરી હતી.

# મોરબીના ઘુટુ રોડ પરથી એક શખ્સ હથિયાર સાથે પકડાયો

ચક્રવાત ટીમ મોરબી, તા.૧૫

જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી યોજાય તે માટે પોલીસ દ્વારા તકેદારીના પગલાં લઈ અસામાજિક તત્વો ઉપર ધોસ બોલાવવામાં આવી રહી છે. શહેર જેમાં શહેર બી ડિવિઝન પોલીસે બાતમીને આધારે એક શખ્સને દેશી તમંચા સાથે ઝડપી લીધો છે. મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક એસ.આર. ઓડેદરાની સુચના મુજબ હાલમાં સ્થાનીક સ્વરાજની ચૂંટણી યોજાનાર હોય જે ચૂંટણી શાંતી પૂર્વક યોજાઈ તે અનુસંધાને ગેરકાયદે હથીયાર ધરાવનાર ઈસમોને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના મળતા ડી.વાય.એસ.પી. રાધીકા ભારાઈના માર્ગદર્શન હેઠળ મોરબી બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પી. આઈ આઈ.એમ. કોંઢીયાની સુચનાથી પી.એસ.આઈ આર. બી. ટાપરીયા



તથા સર્વેલન્સ સ્કવોડના સ્ટાફના વનરાજભાઈ ચાવડા, નરેન્દ્રભારથી ગોસ્વામી, રમેશભાઈ મિયાત્રા, દેવસીભાઈ મોરી, રમેશભાઈ મુંધવા, ઋતુરાજસિંહ જાડેજા સાહિતનાઓએ શક્તિસિંહ જાડેજા તથા ભગીરથભાઈ લોખીલની સંયુક્ત બાતમીને આધારે આરોપી સુરજભાઈ ઉર્ફે સુર્યો રમેશભાઈ બાબુભાઈ સીતાપરા, ઉ.વ.૨૫, રહે. હરીઓમ પાર્ક જુના ઘુટુ રોડ આઈટીઆઈ આગળ તા.જી.મોરબીવાળાને હાથ બનાવટનો દેશી તમંચો નંગ-૧ કિંમત રૂ.૫,૦૦૦ સાથે ઝડપી લેવામાં આવ્યો હતો.

# કચ્છ હાઈવે પર મુંગા પશુઓની હેરફેર કરતું આઈસર વાહન પકડાયુ!

ચક્રવાત ટીમ મોરબી, તા.૧૫

કચ્છ તરફથી આવતી આઈસર ગાડી ગૌ રક્ષકોને શંકાસ્પદ લાગતા તેને રોકી તલાસી લેતા તેમાંથી મુંગા પશુ પાડા મળી આવતા મોરબી તાલુકા પોલીસને જાણ કરવામાં આવી હતી અને પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



પ્રાપ્ત થયેલી વિગત મુજબ વિશ્વ હિંદુ પરિષદ મોરબીના પ્રમુખ કમલેશભાઈ બી. બોરીચા, બજરંગદળ મોરબીના પ્રમુખ ચેતનભાઈ પાટડીયા, પાર્થભાઈ પટેલ, અખિલ વિશ્વ ગૌ સંવર્ધન પરિષદ દિલ્હી, વૈભવભાઈ પટેલ, ગૌરક્ષક, મનીષભાઈ મહાકાલ ગ્રુપ, કીપલભાઈ ગૌરક્ષક, દિનેશભાઈ લોરીયા ગૌરક્ષક, જીતુભાઈ ચાવડા વિશ્વ હિન્દુ પરિષદ, વિક્રમભાઈ, બજરંગ દળ મોરબી જિલ્લા અધ્યક્ષ સહિતના ગૌ પ્રેમીઓ મોરબી માળિયા હાઈવે પર હોય દરમિયાન કચ્છ તરફથી આવતી આઈસર ટ્રક જીજે ૦૧ બીવાય ૫૨૯૨ શંકાસ્પદ લાગતા તેને રોકી તલાસી લેતા તેમાંથી પાડા નંગ ૨૧ મળી આવતા મોરબી તાલુકા પોલીસને જાણ કરવામાં આવી હતી અને મોરબી તાલુકા પોલીસે આઈસર ગાડીને તાલુકા પોલીસ મથકે લાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પોરબંદરમાં ચૂંટણીનો માહોલ શરૂ થતાં પોલીસે રાત્રિ પેટ્રોલિંગ વધાર્યું

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૫

પોરબંદરમાં ચુંટણી અનુસંધાને પોલીસ દ્વારા રાત્રી પેટ્રોલીંગ વધારવામાં આવ્યું છે અમુક સંવેદનશીલ વિસ્તારોમાં સઘન પેટ્રોલીંગ હાથ ધરેલ તેમજ સંવેદનશીલ વિસ્તારોમાં પગપાળા પણ પોલીસ ચાલી હતી. આગામી નગરપાલીકા ચુંટણી-૨૦૨૧ અનુસંધાને પોરબંદર પોલીસ અધિક્ષક ડો. રવી મોહન સૈની દ્વારા કાયદો અને વ્યવસ્થા સુચા જળવાય રહે તે માટે પો.સ્ટે. વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ રાખવા સુચના આપેલ જે અનુસંધાને પોરબંદર શહેર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક જે.સી. કોઠીયા ના માર્ગદર્શન મુજબ કીર્તિમંદિર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એચ.એલ.આહિર તથા ડી-સ્ટાફ પીએસઆઈ આર. એલ. મકવાણા તથા કીર્તિમંદિર પોલીસ સ્ટાફના માણસો સાથે કીર્તિમંદિર પો.સ્ટે. વિસ્તારમાં એરીયા ડોમીનેટ તથજા મોહોલ્લા વિજીટ તથા ફુટપેટ્રોલીંગ દરમ્યાન ઈંગ્લીશ દાનો તથા દેશીદાના કેસો કરવામાં આવેલ છે અને વિસ્તારના માણસોને આગામી નગરપાલીકા ચુંટણી દરમ્યાન કાયદો વ્યવસ્થા સુચા જળવાય તે માટે જરી માર્ગદર્શન આપેલ છે અને હાલમાં કોરોના વાયરસ કોવિડ-૨૦૧૯નું સંક્રમણની સંભાવના રહેલી હોય જેથી કોરોના વાયરસ સંક્રમણ અટકાવવા બાબતે ફરજીયાત માસ્ક પહેરવા, લોકો વચ્ચે સોશ્યલ ડીસ્ટન્સ રાખવા તથા સેનીટાઈઝરથી હાથ, અવાર-નવાર સેનીટાઈઝ કરવા તથા વધુમાં વધુ હેન્ડવોશનો ઉપયોગ કરવા વગેરે બાબતે અવરનેશ કરવામાં આવેલ છે.

# PSI જે. જે. જોગડીયાને જન્મદિવસની શુભેચ્છા



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૫

પોરબંદરમાં વાયરલેસ વિભાગમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા અને યુવાઓના માર્ગદર્શક એવાં યુવા કર્મશીલ જે. જે. જોગડીયા સાહેબને ૩૩માં જન્મદિવસ નિમિતે ગુજરાતભરના બૌદ્ધ પરિવાર અને પે બેક ટુ સોસાયટી- પોરબંદર તરફથી ખૂબ ખૂબ શુભેચ્છાઓ. આજના આ દિવસે જોગડીયા સાહેબ તેમજ તેમના પરિવારનું સ્વાસ્થ્ય હંમેશા તંદુરસ્તીભર્યું રહે તેવી મંગલાકામના કરીએ છીએ.

તંત્રીસ્થાનેથી......

# ખેડૂત આંદોલન : શું હોય છે ટૂલકિટ? કોણ છે દિશા રવિ?

દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં બેંગલુરુની જળવાયુ કાર્યકર્તા ૨૨ વર્ષની દિશા રવિને દિલ્હી પોલીસે પાંચ દિવસના રિમાન્ડ પર મોકલી દીધી છે. તેની ટૂલકિટ મામલે શનિવારે રાતે ધરપકડ કરવામાં આવી છે. આ પહેલાં દિલ્હી પોલીસે ગુનાહિત કાવતરું ઘડવાના આરોપમાં ટૂલકિટ એડિટરો વિરુદ્ધ ફ્રૈંઈ નંબર ૪૯/૨૧ નોંધી લીધી છે. પોલીસે આરોપ લગાવ્યો છે કે ટૂલકિટ મુદ્દે ખાલિસ્તાની ગ્રુપને ફરી ઊભું કરવા અને ભારત સરકાર વિરુદ્ધ એક મોટું કાવતરું ઘડવામાં આવી રહ્યું છે. પોલીસે ૨૬ જાન્યુઆરીની હિંસામાં પણ ટૂલકિટના કાવતરાનો સંકેત આપ્યો છે. દિશા રવિ પર આરોપ લગાવવામાં આવ્યો છે કે ખેડૂત આંદોલનના સમર્થનમાં બનાવવામાં આવેલી ટૂલકિટને એડિટ કરવામાં આવી છે અને તેને સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવી છે. આ એ જ ટૂલકિટ છે, જે સ્વીડિશ જળવાયુ કાર્યકર્તા ગ્રેટા થનબર્ગે સોશિયલ મીડિયામાં બનાવી હતી. દિલ્હી પોલીસે ટ્વિટર પર કહ્યું છે કે દિશા રવિ એ ટૂલકિટને એડિટર છે અને તે દસ્તાવેજોને તૈયાર કરવાથી લઈને તેને સોશિયલ મીડિયા પર શેર કરવામાં મુખ્ય આરોપી છે. ટૂલકિટ કોઈપણ મુદ્દાને સમજાવવા માટે બનાવવામાં આવેલું એક ગૂગલ ડોક્યુમેન્ટ છે. તે એ વિશેની માહિતી આપે છે કે કોઈ સમસ્યાના સમાધાન માટે શું-શું કરવું જોઈએ, એટલે કે એમાં એક્શન પોઈન્ટ્સ નોંધાયેલા હોય છે. એને જ ટૂલકિટ કહેવામાં આવે છે. એનો ઉપયોગ સોશિયલ મીડિયાના સંદર્ભમાં થાય છે, જેમાં સોશિયલ મીડિયા પર કેમ્પેન સ્ટ્રેટેજી સિવાય વાસ્તવિક રીતે સામૂહિક પ્રદર્શન અથવા આંદોલન વિશેની માહિતી આપવામાં આવે છે. એમાં કોઈપણ મુદ્દા પર નોંધાયેલી અરજીઓ, વિરોધ-પ્રદર્શન અને જનઆંદોલન વિશે માહિતી સામેલ હોય છે. વર્તમાન સમયમાં દુનિયાના અલગ અલગ વિસ્તારોમાં પણ આંદોલનો ચાલી રહ્યાં છે. પછી ભલે એ બ્લેક લાઇવ્સ મેટર હોય અથવા અમેરિકાનું એન્ટી લોકડાઉન પ્રોટેસ્ટ હોય અથવા દુનિયામાં ક્લાઇમેટ સ્ટ્રાઇક કેમ્પેન હોય. દરેક મુદ્દે આંદોલન સાથે જોડાયેલા લોકો ટૂલકિટ દ્વારા જ એક્શન પોઈન્ટ તૈયાર કરે છે અને આંદોલનને આગળ વધારે છે. દિલ્હી ખાતે ચાલતા ખેડૂત આંદોલનમાં જ દિશાની ટુલકીટના આરોપસર ધરપકડ કરવામાં આવી છે. ૨૨ વર્ષની દિશા બેંગલુરુમાં એક જળવાયુ કાર્યકર્તા છે. તેણે બેંગલુરુની એક પ્રાઇવેટ કોલેજ- માઉન્ટ કાર્મેલ કોલેજમાંથી બીબીએની ડીગ્રી લીધી છે અને પર્યાવરણ માટે કામ કરતી સંસ્થા ફ્રાઈડેઝ ફોર ફ્યુચરના સંસ્થાપક સભ્યોમાંની એક છે. દિશા ગુડ વેગન મિલ્ક નામની એક સંસ્થામાં પણ કામ કરે છે. આ સંસ્થાનો ઉદ્દેશ પ્લાન્ટ બેસ્ડ ફૂડને સસ્તું અને સરળ બનાવવાનું છે. આ સંસ્થા ખેતીમાં પશુઓના ઉપયોગ બંધ કરીને તેમને પણ જીવવાનો અધિકાર આપવા મામલે કામ કરે છે. દિશાએ ખેડૂત આંદોલન સાથે જોડાયેલી ટૂલકિટને એડિટ કરીને સોશિયલ મીડિયા પર શેર કરી હતી. એને સૌ પહેલાં સ્વીડિશ જળવાયુ કાર્યકર્તા ગ્રેટા થનબર્ગે ૩ ફેબ્રુઆરીએ સોશિયલ મીડિયા પર શેર કરી હતી. જોકે ત્યાર પછી ગ્રેટાએ એને ડિલિટ કરી દીધી હતી. એના એક દિવસ પછી ૪ ફેબ્રુઆરીએ ગ્રેટાએ અપડેટેડ ટૂલકિટ સોશિયલ મીડિયા પર શેર કરીને કહ્યું હતું કે જે ભારતની જમીન પર કામ કરી રહ્યા છે ત્યાંના લોકોએ આને અપડેટ કરી છે. આરોપ છે કે દિશાએ આ ટૂલકિટને એડિટ કરીને અપડેટ કરી છે.



યાકુબ બાદી
તંત્રી

## ૨૧મી સદીના વિકસીત ચિતારને પ્રસ્તુત કરતી અદ્‌ભૂત ફ્યૂચર ફિક્શન નવલકથા.....

ધ જર્ની ઓફ ક્રિએટીવ હાર્ટિસ્ટ

# ‘Krossing ગર્લ’

રવિ વિરપરીયા

### પ્રકરણ ૬૬

"ડાયરીની વાર્તા લખવાનો ફાયદો એ છે કે....વાર્તાનો ભૂતકાળ તમને ખબર હોય છે. જેને તમારે ભવિષ્યના વાચક માટે વર્તમાનમાં એને એવી રીતે શણગારી લોકો સમક્ષ મૂકવાની કે જોતાં જ ગમી જાય. વાચકોને માર્કેટિંગથી એવી લાલચ આપવાની કે આ વાર્તા ના વાંચીએ એ તો કંઈક પાપ કર્યાનો વસવસો રહી જાય." સાગરના અનુભવ જ્ઞાનમાંથી અવતરેલા શબ્દો સાથે હું પહેલીવાર અસહમત થયેલો.

બસ, એ અસહમતી સાથે જ મારી 'ક્રિએટિવ હાર્ટિસ્ટ' ની જર્નીના બીજા ભાગનો પ્રારંભ થયેલો.

મારી આંખો ખુલી ત્યારે હોસ્પિટલના ૐ માં મારું શરીર નળીઓથી કેદ થયેલું હતું. આમ તો ખાસ કોઈ ઈજા નહોતી થઈ. ફક્ત ગબ્બરના હાથ નીચે આવેલી જમણાં હાથની આંગળીઓ સિવાય. એ પાંચેય આંગળીઓ અલગ અલગ પ્લાસ્ટરની સલામતીમાં કેદ હતી.

પેટ અને પીઠમાં ગબ્બર ડોને મારેલી બેફામ લાતોને કારણે મૂઢમાર વાગ્યો હતો. પગ અને સાથળમાં માઈનોર કહી શકાય તેવા બે ફ્રેક્ચર થયા હતાં. બાકી તો હાથ અને પગ બુલેટ ઘસડાવાને કારણે અમુક જગ્યાએ છોલાયા હતાં. મનમાં પ્રશ્નોની ગતિ અટકતી નહોતી. મેં ઉભો થવાનો પ્રયત્ન કર્યો ત્યાં એક નર્સ દોડતી આવી. "મી. ક્રિષ્ના, કાલ સાંજ સુધી તમારે આરામ કરવાનો છે. ફક્ત આરામ જ . બીજું કશું નહીં. આ સાગરનો ઓર્ડર છે."

"સાગર ક્યાં છે ? એને તો મારા કરતાં પણ વધુ વાગ્યું હતું. એ પણ મારી જેમ ૐ માં છે કે શું?" મને સાગરની ચિંતા થતી હતી. મારા મનમાં હજુ કેટલાય સવાલો હતાં. ગબ્બર ડોનની એ ગુસ્સાથી તગતગતી આંખો હજુ મારો પીછો છોડતી નહોતી. હું જેની સામે જોતાં ડરી રહ્યો હતો એની સામે કેમ લડી શકવાનો હતો...!

"સાગરને સારું છે. તે બહાર ગયો છે. સાંજે આવીને તમને મળશે." નર્સ મારા મશીનના આંકડા જોતાં બોલી.

"સિસ્ટર, એને તો મારા કરતાં પણ......" હું આગળ ના બોલી શક્યો. સાગરને મળ્યા પછી જ આખી ઘટનાની સાચી ખબર પડે. સિસ્ટરને સાગરે શું કહ્યું હશે એની પણ મને ખબર નહોતી. હવે તેની રાહ જોયા વગર છૂટકો નહોતો. મેં મારા મોબાઈલની માગણી કરી. 'મોબાઈલ સાગર પાસે છે.' એટલું કહી નર્સે ફક્ત આરામ કરવાની સલાહ આપી.

હું થોડીવાર પછી હળવો નાસ્તો કરી કામ વગર કંટાળીને સુઈ ગયો.

★ ★ ★ ★ ★

રાતે ૮ વાગ્યે હું સાવ નોર્મલ હતો. નર્સે મને જમવાનું આપતાં કહ્યું. "થોડીવારમાં સાગર આવવાનો છે. જમીને આ કપડાં પહેરીને તૈયાર રહેજો.

મેં મરક મરક હસતાં કહ્યું. " સિસ્ટર મને તો કાલે રજા મળવાની હતી ને.....! અત્યારે અચાનક કેમ ?"

"સાચું કહું તો તમને હજુ એક અઠવાડિયું આરામની જરૂર છે. થોડું સાચવજો. ડોકટરનો ઓર્ડર છે. અમારે ફોલો કરવો પડે." નર્સે કહ્યું.

હું જમીને તૈયાર થવા બાથરૂમમાં ગયો. પેટ અને પીઠમાં ક્યારેક દુઃખાવો થતો. ચાલવામાં પણ થોડી તકલીફ પડતી હોય એવું લાગતું હતું. મેં બાથરૂમમાં મારા કપડાં ઉતાર્યા તો છાતી અને પીઠ પર ઠેર ઠેર ઈજાના નિશાન દેખાયા. સાગરના નવા શેડયુઅલને કારણે મારી બોડી વધુ ફીટ અને કસાયેલી બની રહી હતી. હું નિરાંતે નાહીને તૈયાર થઈ બહાર આવ્યો ત્યારે સાગર મારા બેડ પર લાંબો થઈને મારો મોબાઈલ જોઈ રહ્યો હતો.

મારા આગમનથી તેને કોઈ ફર્ક ના પડ્યો. તે તો મોબાઈલ જોવામાં મશગૂલ હતો. મારી હિંમત નહોતી કે તેની પાસેથી મોબાઈલ છીનવી શકું. જો કે મોબાઈલમાં ખાસ જોવા જેવું કશું નહોતું.

"કાનાને એન્જલ ગમે પણ મીરાને ગમે કાનો ? તો હવે મીરા અને એન્જલ ભેગા થાય ત્યારે કાનાનું શું થશે ?" સાગરે મને પ્રશ્ન પૂછ્યો કે જાત સાથે વાતો કરી રહ્યો હતો એ ના સમજાયું.

મેં સાગર સામે જોયું. એના માથા પર હજુ પટ્ટી બાંધેલી હતી. એક હાથમાં ફ્રેક્ચર હોય પાટો બાંધેલો હતો. થોડા સમય માટે તેને ગરદનની સાથે લિવ - ઈન માં રહેવું ફરજીયાત હતું.

"સાગર, ચકલી ચોરામાં શું બન્યું હતું ? આપણે અહીં હોસ્પિટલે કેમ પહોંચ્યા ? એન્ડ તને સારું તો છે ને?"

"ચકલી ચોરામાં શું બન્યું હતું એની તારા જેટલી જ મને ખબર છે. શા માટે બન્યું હતું ? એના ટાઈમપાસ કારણોની ચર્ચા ક્યારેક ફુરસદે કરીશું. આ હોસ્પિટલ વગેરે વિશે પણ કહેવા જેવુ લાગશે ત્યારે કહીશ. હું ફીટ એન્ડ ફાઈન છું મારી તબિયત વિશે વધુ પૂછવાની જરૂર નથી. તું રેડી છે ને.....!" તે બેડમાંથી ઉભા થતાં બોલ્યો.

" હા, પણ આપણે ક્યાં જવાનું છે ?" સાગરનો જવાબ સાંભળી ચકલી ચોરા વિશે પૂછવાનો કોઈ અર્થ નહોતો. કારણ કે હવે મને કોઈ સવાલોના જવાબ મળવાના નહોતાં.

"આપણે 'કાકાની કિટલી' એ જવાનું છે. ત્યાં મારી લખેલી બૂકનું લોન્ચિંગ છે." તે મારી પાસે આવીને બોલ્યો.

"હે.....બૂક અને તારી....તે વળી ક્યારે લખી ....!! મને તો કંઈ ખબર પણ નથી...અને લોન્ચિંગ આવી રીતે સાવ અચાનક....ત્યાં ઈવેન્ટ છે ને તું અહીં રખડે છે ? આ પ્રોગ્રામ પર્સનલ લોકો માટે જ છે કે ઓપન ફોર ઓલ છે ..?"

આપણે ત્યાં પહોંચીશું એટલે તારા તમામ સવાલોના જવાબ મળી જશે. તો સાહેબ તમારે હવે કંઈ પૂછવાનું ના હોય તો આપણે પ્રસ્થાન કરીએ.

મને સાગર માટે શું રીએક્ટ કરવું એ સમજાતું નહોતું. હજુ પોતે પૂરોસાજો થયો નથી ને તેની બૂકનું લોન્ચિંગ છે. હે ભગવાન....! આ છોકરો મારો જીવ લઈને જ રહેશે.....!

હું અને સાગર 'કાકાની કિટલી' પહોંચ્યા. હકડેઠઠ ભીડ જામી હતી. પગ મૂકવાની પણ જગ્યા નહોતી. આજે વચ્ચે રહેલી જાયન્ટ કિટલી નાની થઈ ગઈ હોય એવું લાગતું હતું. એ ફક્ત મારો ભ્રમ નહોતો. ખરેખર એવું બન્યું હતું. આખી કિટલી જમીનમાં ઉતરી ગઈ હતી. ફક્ત ઢાંકણું જ બહાર હતું. તેના પર એક વ્યક્તિ હાથમાં માઈક લઈને આંટાફેરા કરતાં બોલી રહ્યો હતો. સાગરે મને પોતાની સાથે સ્ટેજ પર આવવા કહ્યું. મેં ઘસીને ના પાડી દીધી. તેને મારી સામે જોઈને વધુ આગ્રહ કરવાનું માંડી વાળ્યું.

"જ્યારે બુક લોન્ચ થાય ત્યારે હું નામ એનાઉન્સ કરીશ. ચૂપચાપ સ્ટેજ પર આવી જજે. ઈટ્સ માય ઓર્ડર. તું મારા માટે ખાસ છે. એટલે જ મારી બૂકની ચાલુ ઈવેન્ટ છોડી ખાસ તને તેડવા માટે જાતે આવેલો." તે મારા જવાબની રાહ જોયા વગર આગળ વધી ગયો.

"તમે ક્યાંય વાંચ્યું કે સાંભળ્યું છે. જે મહાશયની બુક લોન્ચ થતી હોય અને એ ઈવેન્ટ છોડીને ગામમાં વગર કારણે રખડતો હોય. અહિયાં અમારા જેવાને દોસ્તીભાવે બોલાવ્યા હોય. એટલે શું વખાણ જ કર્યા કરવાના ? ક્યાં સુધી આવા બનાવટી વખાણ પબ્લિક સહન કરે....! " સ્ટેજ પર કોકટેલ બોલી રહ્યો હતો.

"તો ચોપડી વચાય ને ...! કોઈએ ના વાંચવા માટે મા ના સમ દીધા' તા ?. જો ચોપડી ખરેખર વાંચી હોય તો મારા વખાણ કરવાની જરૂર જ ના પડે. બાય ધ વે, કોકટેલ પ્યોર બિઝનેસ માઈન્ડ છે. વખાણમાં પણ પોતનો ફાયદો શોધી લે. બરાબરને કોકટેલ ..!"સાગર સ્ટેજ પર એન્ટર થતાં બોલ્યો. ક્રાઉડે સાગરની એન્ટ્રીને સિટીઓ અને ચિચિયારીઓથી વધાવી લીધી.

"મારો આભાર માન કે ૪૦ મિનિટથી પબ્લિકને વગર કોઈ લાલચે સાચવીને બેઠો છું." કોકટેલ પોતાના વખાણ કરતાં બોલ્યો.

" લો બોલો...આ તો એવું થયું ગાડા નીચે કૂતરું હાલ્યું જાતું હોય એને એમ જ હોય કે ગાડું મારા લીધે ચાલે છે..... અબે અરે હિપહોપના ફ્યુચર ફેઈલ ફેક એન્કર આ પબ્લિક મને ફક્ત દસ મિનિટ સાંભળવા માટે તારા જેવા સો ને સહન કરવા તૈયાર છે." સાગર સ્ટેજ વચ્ચે આવીને બોલ્યો. ક્રાઉડે સાગરને ચિઅર્સ અપ કરી કોકટેલનો હુરિયો બોલાવ્યો.

"મારા વ્હાલા, ભાઈઓ અને બહેનો.....સ્વામી વિવેકાનંદના યાદગાર ભાષણની શરૂઆત આ યાદગાર શબ્દોથી થઈ હતી પણ હું નહીં કરું. કારણ કે હું સ્વામી વિવેકાનંદ નથી. હું સાગર શેખ છું. મારે મારી આઈડેન્ટિટી નથી ગુમાવવી.

સો માય ડિયર લવિંગ એન્ડ કેરિંગ ફ્રેન્ડ્સ.....તમે ઘણી ઈવેન્ટ એટેન્ડ કરી હશે. જ્યાં લેખક મહાશય પોતે એનાઉન્સર હોય એવું ભાગ્યે જ બને છે. પણ છૂટકો જ નથી. તમે સમજો. લોન્ચિંગ કરનાર પ્રોફેશનલ વક્તાઓની કિંમત બહુ હાઈ છે. પાછું તેમની સમય ના હોય સો બુક વાંચવા માટે અલગથી પૈસા લે છે. એ હંધુય સમજ્યા પણ એવા મહાન વક્તાઓને અહીં બોલાવ્યા પછી તમે એમને રિટર્ન ગિફ્ટમાં શું આપો એ નક્કી નથી હોતું. જો તમારા દ્વારા યોગ્ય પુરસ્કાર મળે તો એ વક્તા કિટલીની આજુબાજુ શું રાજકોટમાં ય ફરકવાની હિંમત ના કરે.

આ બધા કળી ના શકાય તેવા પ્રોબ્લેમને ધ્યાનમાં લઈને સાવ અલગ જ પ્રકારની ઈવેન્ટ કરવાનું મન બનાવેલું . વક્તા અને મુખ્ય મહેમાન તરીકે ખૂબ સારા રીડર, વિચારક અને મારા જીગરજાન મિત્ર 'અભિમન્યુ મોદી' ને આમંત્રણ આપ્યું.

તમારે મને હજુ લાસ્ટમાં પણ સહન કરવાનો છે. તો કૃપયા હજુ શાંતિ અને ધીરજ રાખજો. હું સ્ટેજ પર સ્વાગત કરીશ ........દેશ નહીં પણ વિદેશના યુવાનોને બાઈક રેસનો ચસ્કો લગાડનાર 'સ્ક્યુબ રાઈડ ગ્રુપ' ના સર્વેસર્વા એવા અભિમન્યુ મોદી સાહેબને....જે સારા 'બાઈક રાઈડર' ની સાથે સારા 'ગર્લ્સ રાઈડર' પણ છે. એટલે જ ખાસ તેમને આ બુક માટે પસંદ કર્યા છે. તો ફ્રેન્ડ આપણે તેમને જોરદાર તાળીઓથી વધાવીશું.

એટલામાં કિટલી ના બહાર દેખાતાં નાળચામાંથી બહાર નીકળી એક તરવરાટથી ભરેલો યુવાન સ્ટેજ પર આવ્યો. બ્લેક કલરના ચકચકતાં રેસરના સૂટમાં એ મન મોહી જાય એવો જેન્ટલમેન લાગતો હતો. એનો ચહેરો અને બોડી લેંગ્વેજ સ્પોર્ટ પર્સનની ચાડી ખાતાં હતાં. સાગર જેના હસ્તે પોતાની બુક લોન્ચ કરાવવાનો હોય એ કોઈ જેવી તેવી હસ્તી તો ના જ હોય ને ...!!

મને ઈન્તેજારી હતી સાગરની બૂકની અને અભિમન્યુના શબ્દોની...

(ક્રમશઃ)

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૧૬-૦૨-૨૦૨૧, મંગળવાર, મહા સુદ-વસંત પંચમી, સૂર્યોદય-૭-૨૧, સૂર્યાસ્ત-૬-૪૧, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કુંભ (ગ.સ.શ.), નક્ષત્રઃ શતતારા

**- શુભ ચોઘડીયા -**

અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

**- શુભ હોરા-**

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

## રાશીફળ

» મેષ(અ.લ.ઈ.) :- ભૌતિક સુખ મેળવવાના પ્રયત્નો ફળવાના તમો ખૂબ જ મહેનતું છો. કયારેક ઉતાવળ કરી બેસો છો.

» વૃષભ(બ.વ.ઉ.) :- નાણાકીય બાબતો ઉપર તમારે કોઇના ભરોષે નિર્ણયો ન લેવા લાગણીઓને કાબુમાં રાખવી જરૂરી રહે.

» મિથુન(ક.છ.ઘ.) :- ન ધારેલી તક મલવાની છે. અંબશ્રધ્ધાથી દૂર રહેજો વિદેશથી લાભ મલે સંગીત કલાક્ષેત્રે સફળતા મલવાની.

» કર્ક(ડ.હ.) :- આળસવૃત્તિ તમારી પ્રગતિને અવરોધે તેનું ધ્યાન રાખજો દરીયાઇ જગ્યાએ કરવા જવાની તક મલવાની.

» સિંહ(મ.ટ.) :- સફળતા માટે સ્વભાવમાં પરિવર્તન કરવાની જરૂર છે તે બાબતનો અહેસાસ થાય પ્રતિષ્ઠા વધવાની છે.

» કન્યા(પ.ઠ.ણ.) :- બીજાના પ્રશ્નો સમજવાની કોશીષ કરવાની જરૂર છે. શેર સટ્ટામાં સમજદારી કેળવજો નવી ઓળખાણથી લાભ.

» તુલા(ર.ત.) :- વધુ પડતી લાગણીઓને લઇને કોઇ તકલીફો ઉભી ન થાય તેનું ધ્યાન રાખજો કર્જ ન કરવું.

» વૃશ્ચિક(ન.ય.) :- સ્વાસ્થ્ય સંબંધી પ્રશ્નોમાં રાહત રહે. વિજાતીય સંબંધો ગાઢ બને નોકરીમાં અનુકુળતા રહે.

» ધન(ભ.ધ.ફ.ઢ.) :- દિવસ દરમ્યાન નવી ઓળખાણથી લાભ રહે. વિચારો પ્રબળ બને રાજકીય લાભ રહે.

» મકર(ખ.જ.) :- કિંમતી ચીજવસ્તુની ખરીદી થાય પરિવારના સભ્યોની જરૂરીયાતો વધે વિદેશથી લાભ

» કુંભ(ગ.શ.સ.) :- વ્યકિતગત જીવનમાં સમસ્યાઓ ઉભી ન થાય તેનું ધ્યાન રાખવું -સંસ્થામાં સારો હોદ્દો મલે.

» મીન(દ.ચ.ઝ.) :- દિવસ દરમ્યાન અગ્રગણ્ય વ્યકિતઓના મુલાકાત થાય પરિવારના ઉત્સાહનો માહોલ છવાયેલો રહે.

# કૃષિ કાયદાઓ રદ્દ કરવાથી મોટી બેંકોના ઉઠમણા થઈ શકે



રાજ પ્રજાપતિ
બ્રહ્માસ્ત્ર

(સરકારી કંપનીઓ, રેલ્વે, જમીનો, ક્રુડ, ગેસ ડ્રીલીંગ, કૃષિ ઉધોગ, પેકેજીંગ પ્લાન્ટ, ગોડાઉન, પ્રોસેસિંગ યુનિટ, મોલ માટે મિલ્કતો ખરીદવા ભારતની બેંકોએ રીલાયન્સ, અદાણીને અબજોની લોન આપી છે તે બધી એનપીએ, ફડચામાં ગણાય)

કૃષિનું ઔધોગિકકરણ કરવાના ઉદેશ્યથી અમલમાં આવેલા ત્રણ કૃષિ સુધારા કાયદાઓ નાબુદ કરવા દેશભરમાં ખેડૂતો આંદોલન ચલાવી રહ્યા છે જ્યારે મોદી સરકાર કૃષિ કાયદા કોઇપણ ભોગે અમલમાં રાખવા અવનવા ષડયંત્રોથી ખેડૂતોને ગેરમાર્ગે દોરવા પ્રયત્નશીલ છે ત્યારે મોદી સરકારની ખેડુત વિરોધી જીદ પાછળના ભેદી રહસ્યો ખુલી રહ્યા છે,

તાજેતરમાં ભાજપના સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ ટવીટર સોશિયલ મીડિયા સાઈટ ઉપર જણાવ્યું હતુ કે સરકારે ગૌતમ અદાણીને આપેલી વિવિધ તબક્કાની ૪,૫૦,૦૦૦,૦૦,૦૦,૦૦ (ચાર લાખ પચાસ હજાર કરોડ) ની અઢળક લોન એનપીએ ગણાવીને માફ કરી છે,

ખાસ જોઇએ તો કોઇપણ બેંક ખાતામાં ૩૦૦૦ થી ઓછી રકમ હોય તો દર મહિને દંડ તરીકે બેંકો ચાર્જ વસુલે છે, જેથી મોટાભાગના લોકો બેંક ખાતામાં ઓછામાં ઓછી ૩૦૦૦ ની રકમ કાયમી જમા રાખે છે અંદાજીત આવા ૬૪,૦૦૦, ૦૦,૦૦,૦૦૦ કરોડ બેંક ખાતાઓમાં ૩૦૦૦ રૂપિયા કાયમી જમા રહે છે તે રકમ આશરે ૧,૯૨,૦૦,૦૦,૦૦,૦૦,૦૦ એક સો બાણુ અબજ રૂપિયા બેંકોના કબ્જામાં સરકયુલેશન જમા હોય છે એક એક વ્યક્તિને વ્યક્તિગત ૩૦૦૦ ની કોઈ મહત્વની ગણતરી કે નોંધ હોતી નથી પરંતુ એ રીતે જનતાની સરેરાશ મુડીનો વિરાટ જથ્થો બેંકો પાસે જમા હોય છે આ રૂપિયા બેંકોએ અંબાણી અને અદાણીને ગાડીઓ ભરી ભરીને લોનો આપી છે જનતા ના આ રૂપિયાની આ લોનોથી અંબાણી અદાણી ઉદ્યોગપતિ તરીકે વિશ્વના પ્રથમ દસ વ્યક્તિ બનેલા છે,

અદાણીને જનતાના ૪,૫૦, ૦૦૦,૦૦,૦૦,૦૦૦ ની લોન ફડચામાં કાઢી નાખી છે હકીકતમાં અદાણી અને અંબાણીની કંપનીઓ જનતાના પૈસાની લોન અને પ્રજાએ શેર ખરીદીને ભરેલા રૂપિયાની હોવાથી જનતાની સંપતિ છે તેથી લોનો માફ કરવાને બદલે તેમજ એનપીએ કરવાને બદલે કંપનીઓ સાર્વજનિક સંપતિ તરીકે જપ્ત કરી શ્રી સરકાર કરવી જોઇએ,

કૃષિ સુધારા કાયદાઓને અંબાણી, અદાણી સાથે સીધો સંબંધ છે, અદાણીએ અબજો રૂપિયાની લોનો મેળવીને દેશના અનેક રાજયોમાં જમીનો ખરીદી હવા ચુસ્ત ગોડાઉન (સેલ ટેન્ક) વાતાનુકુલિત ગોડાઉન (કોલ્ડ સ્ટોરેજ), પ્રોસેસિંગ અને પેકેજીંગ પ્લાન્ટ, બનાવ્યા અને બનાવવા માટે જમીનો ખરીદી છે અદાણીનો જથ્થાબંધ માલ વેચવા અંબાણીએ રીલાયન્સ મોલની દેશના દરેક શહેરોમાં ચેઈન ઉભી કરવા અબજો રૂપિયાની મિલ્કતો ખરીદી છે આ બધી ખરીદીઓ અને સંપતિઓ માટે અંબાણી અદાણીને ભારતની તમામ મોટી બેંકોમાંથી અબજો ખર્વો રૂપિયાની લોનો આપી છે આ બધી લોનો જનતાની બચતના બેંકોમાં જમા પડેલા રૂપિયાથી આપવામાં આવી છે,

નોટબંધી કરીને દેશના ઘરે ઘરમાંથી પડેલી બચતના આશરે ૧૫,૦૦,૦૦૦,૦૦,૦૦,૦૦૦ પંદર લાખ કરોડ બેંકોમાં ખેંચી લીધા પછી ૪૦૦૦ રૂપિયા ઉપાડવાનો કાયદો કરીને નોટબંધીથી ખેંચેલા રૂપિયાના અડધા રૂપિયા આશરે ૮,૦૦,૦૦૦,૦૦,૦૦,૦૦૦ આઠ લાખ કરોડ બેંકોમાં જમા રહેલા તેની પણ ઉદ્યોગપતિઓને લોનો આપવામાં આવી, જુદા જુદા ષડયંત્રોથી જનતાના રૂપિયા બેંકોમાં ખેંચીને ઉદ્યોગપતિઓને લોનો આપી આ લોનના પૈસાથી અદાણી, અંબાણીએ સરકારી સંપતિઓની ખરીદી ચાલુ કરી અને સરકારે ભારતની જનતાની ૨૩ મોટી કંપનીઓ સંચાલનના નામે ઉદ્યોગપતિઓને વેચી દિધી,

જનતાના રામમંદિર, રાષ્ટ્રવાદ, કોમવાદ, જાતીવાદ, અંધશ્રદ્ધામાં ગરકાવ છે ડુબી ચુકી છે આ સર્વવ્યાપક મુર્ખતાનો ગેરફાયદો ઉઠાવી ભારતની જનતાના રૂપિયા અને સરકારી સંપતિઓ પચાવી પાડીને અદાણી અંબાણી મોદી ભાજપ સરકારની અસીમ કૃપાથી દુનિયાના પ્રથમ દસ ધનવાનોની યાદીમાં પહોંચી ગયા તો બીજી તરફ દેશ બરબાદ થઈ ગયો,

થોડા દિવસો પહેલા ભારત સરકારની બે વિમા કંપનીઓને જાહેર સેકટરમાં શેરબજારમાં મુકવામાં આવશે, એલ. આઇ.સી ભારતની બીજી રીઝર્વ બેંક જેવી છે એલ.આઇ.સી. ના વિરાટ ફંડમાંથી પણ ઉદ્યોગપતિઓને લોનો આપી છે જેથી એલ.આઇ.સી. ફડચામાં છે આ એલ.આઇ.સી. અને બીજી વાહન વિમા કંપની અંબાણી માલીક બની શકે તે માટે શેરબજારમાં મુકવામાં આવી રહી છે તેના મોટાભાગના શેર જનતાના નામે રીલાયન્સની કંપનીઓ અને શેરદલાલો ખરીદશે,




પ્રથમ તબક્કામાં ૩૦ ટકા, બીજા તબક્કામાં ૩૦ ટકા અને ત્રીજા તબક્કામાં ૩૦ ટકા એમ ક્રમશઃ ટુકડે ટુકડે એલ. આઇ.સી.ને વેચતા રહેશે જેમાંથી ત્રણ તબક્કામાં ૫૧ ટકા શેરો રીલાયન્સ ખરીદીને એલ.આઇ.સી. ના માલીક બનશે,

ભારત સરકારે દેશના ગદ્દાર માલીયા, નીરવ મોદી, જેવા લોકોની ૨,૬૦,૦૦,૦૦૦,૦૦,૦૦,૦૦૦ બે કરોડ સાઈઠ લાખની લોનો માફ કરી છે અને અદાણીની સાડા ચાર લાખ કરોડની લોનો માફ કરી છે, કુલ આશરે ૭,૧૦,૦૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ સાત કરોડ દસ લાખ કરોડ રૂપિયા જે જનતાના છે અને બેંકોમાં હતા તે ઉદ્યોગપતિઓને આપી સરકારે જનતા સાથે ગદ્દારી કરી છે એક પ્રકારનો સતાકીય રાષ્ટ્રદ્રોહ કર્યો છે

રીઝર્વ બેંકે એક નવો કાયદો પણ અમલમાં મુકેલો છે બેંકમાં જનતાની ગમે તેટલી રકમ જમા હશે તો પણ બેંક ફડચામાં જાય તો ફકત પાંચ લાખ રૂપિયા ગ્રાહકને પરત મળવા પાત્ર છે, બેંક ખાતેદાર ગ્રાહક છે બેંકો ખાતેદારના બધા રૂપિયા પરત આપવા જવાબદાર નથી, બેંકો ખાતેદારોની જવાબદારીથી સંચાલન કરે છે ખાતેદારોના રૂપિયાની માલીકી બેંકોની નથી પણ ખાતેદારની છે જેથી બેંકો દ્વારા આપવામાં આવતી લોનો ના માલીકો ખાતેદાર છે જેથી ખોટ જાય, ફડચામાં જાય તો માલીક ગણાતા ખાતેદારોની જવાબદારી ગણવામાં આવે છે, બેંકો ઉદ્યોગપતિઓને એની મરજી મુજબ લોનો આપી જનતા રૂપિયા ઉડાવી શકે છે, રીઝર્વ બેંક ફકત પાંચ લાખની જવાબદારી લે છે બાકીના રૂપિયા ખોટ ગણીને જનતાએ ગુમાવવાના રહેશે,

કૃષિ કાયદાઓ ફકત કૃષિ પેદાશો, અનાજ, કઠોળ, શાકભાજી, ફળોનો વેપાર પુરતા સિમિત નથી, ભવિષ્યમાં ખેડૂતોની જમીનોના પણ ઉદ્યોગપતિઓ માલીક બનશે, કૃષિ કાયદાઓ મુળમાં તો જમીન કાયદાઓ છે, કૃષિ કાયદાઓ અદાલતો અને ન્યાયતંત્રથી પર છે ન્યાયતંત્ર પાસે કૃષિ કાયદાઓના વિવાદોના નિર્ણય કરવાની સતા નથી, કૃષિ કાયદાઓના વિવાદો અને ફરીયાદોના નિર્ણયો કરવાની સતા જીલ્લા જમીન મહેસુલ અધિકારી એવા કલેકટરને આપવામાં આવેલી છે આ કલેકટરો પાસે ગણોત અને જમીન મહેસુલ કાયદાઓથી શરતભંગ અને કરારભંગથી જમીનો ખાલસા કરવાની સતાઓ છે તેથી ભવિષ્યમાં કૃષિ કરાર ભંગ બદલ ખેડૂતોની જમીનો ખાલસા કરીને કલેકટરો ઉદ્યોગપતિઓને આપી શકશે,

સરકારે થોડા સમય પહેલા એવો કાયદો કર્યો છે કે કૃષિ ઉદ્યોગ, પશુપાલન ઉદ્યોગ, આરોગ્ય ઉદ્યોગ, શૈક્ષણિક ઉદ્યોગ માટે સરકારી અને ખેડૂતોની જમીનો સરકારની મંજુરી વિના ઉદ્યોગપતિઓ ખરીદી શકશે અને કલેકટરો આવી જમીનોને બિનખેતી કરી શકશે,

જુદાજુદા કાયદાઓને એક સાથે સંકલન કરીને સમજવામાં આવે, કાયદાઓની કલમો અને વિવિધ જોગવાઈઓ સમજવામાં આવે તો કૃષિ કાયદાઓ, ખાનગીકરણના ઠરાવો, જમીન માલીકી હકકના ઠરાવો, વગેરેનો સરવાળો માત્ર એટલો થાય છે જનતાની મિલ્કતો, બચતના રૂપિયા, ખેડૂતોની ઉપજો, ખેડૂતોની જમીનો, ભારતની તમામ સાર્વજનીક કંપનીઓ અને સંપતિઓના માલીક અને મહારાજા બાદશાહો ઉદ્યોગપતિઓ બનશે દેશમાં અંબાણી અદાણીનું કંપની રાજ સ્થપાય ગયુ છે,

દેશમાં સરકારી અધિકારીઓ, કર્મચારીઓ, બ્યુરોક્રેટસ ભ્રષ્ટાચાર કરે છે ગેરકાયદેસર વહિવટો કરે છે પરંતુ આવા કરોડો અધિકારીઓ સામે કોઈ ફોજદારી ગુનો લાગુ પડતો નથી, દેશના ૪ લાખથી વધુ બ્યુરોક્રેટ અને ૩૦ લાખથી વધુ ઉચ્ચ અધિકારીઓના વ્યાપક ભ્રષ્ટાચાર, ગેરરીતિઓને નાથવા માટે સરકારે ક્યારેય કોઈ કાયદો બનાવ્યો નથી, જનતા ના નોકર ગણાતા રાજયસેવકો સતાના જોરે કાગળ ઉપર ફોજદારી ગુનાઓ કરતાં રહે છે પણ ફોજદારી ગુનો લાગુ પડતો નથી,

કૃષિ કાયદાઓ નાબુદ કરવાનું આંદોલન ફકત ખેડૂતોનું આંદોલન નથી સમગ્ર દેશની જનતાનું આંદોલન છે, બીજી તરફ જોઈએ તો કૃષિ કાયદાઓ આવતા પહેલા અદાણી, અંબાણીએ અબજો રૂપિયાની લોનો લઈને રોકાણ કરી દિધુ છે તેથી જો કૃષિ કાયદાઓ નાબુદ કરવામાં આવશે તો ભારતની મોટી બેંકોમાંથી અદાણી અને અંબાણી તથા બીજા તેના સાથી ઉદ્યોગપતિઓએ લીધેલી અબજોની લોનો એનપીએ થશે અને ભારતની મોટી બેંકો અને વિમા કંપનીઓ ફડચામાં જશે,

કડવી પણ સત્ય હકીકત છે કે હિન્દુ ધર્મના લોકોની શ્રી રામ પ્રત્યેની આસ્થાનો ભયાનક દુરુપયોગ કરીને રાષ્ટ્રવાદ, કોમવાદ કરીને, સોશિયલ મીડિયાથી કરોડો શિક્ષિતોને માનસિક નપુંસક બનાવી દેશને સંપુર્ણ બરબાદ કરી દેવામાં આવ્યો છે, જો આ અહેવાલ લેખનો એકપણ શબ્દ ખોટો હોય તો ભારતની તમામ બેંકો અને રીઝર્વ બેંક ભારતના ઉદ્યોગપતિઓને આપવામાં આવેલી છેલ્લા ૩૦ વર્ષની લોનો અને છેલ્લા ૬ વર્ષમાં આપવામાં આવેલી લોનોના આંકડાઓ ભારતની જનતા સમક્ષ જાહેર કરશે.

ભારતની બેંકોમાં નાગરીકોના કેટલા ખાતાઓ છે અને એ ખાતાઓમાં કેટલા રૂપિયા છે ઉપરાંત ૨૦ વર્ષમાં લાંબાગાળાની બચતરૂપે કોના કેટલા નાણાં બેંકોમાં જમા છે આ જમા નાણાંમાંથી કેટલી લોનો કોને કોને આપવામાં આવી છે તેના આંકડાઓ ભારતની જનતા સમક્ષ પ્રસિદ્ધ કરવામાં આવે, દરેક બેંકોની શાખાઓ ના આઇ.એફ.એસ.સી. નંબરો છે તેની સાથે એકાઉન્ટ નંબરને પીન નંબર તરીકે જોડીને પૈસાના માલીકોને હિસાબ જોવાની વ્યવસ્થા બેંકોમાં હોવી જોઈએ, દરેક શાખાઓ તેના ખાતેદારોની થાપણો, બચત ખાતાની રકમ ઓનલોઈન જાહેર કરે અને દરેક શાખાઓએ છેલ્લાં ૩૦ વર્ષમાં કોને કેટલી લોન ધિરાણ આપેલ છે તેની રકમ ઓનલાઈન સાઈટ ઉપર પ્રસિદ્ધ કરે.. જે શાખામાં જેનું ખાતુ હોય તેના એટીએમ કાર્ડ નંબરને પીન નંબર તરીકે નાખીને તેની શાખાના તમામ નાણાંકીય વ્યવહારો ચકાસી શકે તેવી વ્યવસ્થા સરકાર અને રીઝર્વ બેંક દ્વારા કરવામાં આવે તો દેશની જનતાને દેશની સાચી સ્થિતિનું વાસ્તવિક સત્ય જાણવા મળશે.

# બોલીવુડ અભિનેતા સચિન જોશીની ઈડી દ્વારા ધરપકડ



ચક્રવાત ટીમ, મુંબઈ તા.૧૫

બોલીવુડ અભિનેતા અને ઉદ્યોગપતિ સચિન જોશીની ઈડી દ્વારા ધરપકડ કરવામાં આવી છે. ઓમકાર રીયલટર્સ કેસમાં ઈડી દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ઓમકાર ગ્રુપના પ્રમોટરો અને સચિન જોશી દ્વારા કરવામાં આવેલા ૧૦૦ કરોડ રૂપિયાના ફ્રોડ કેસમાં આ કાર્યવાહી કરવામાં આવી છે. સચિન જોશીની ધરપકડ કરતા પહેલા ૧૮ કલાક પૂછપરછ કરવામાં આવી હતી. સચિન જોશીએ ગોવામાં વિજય માલ્યાનો કિંગફિશર વિલા ખરીદી છે. તેની પાસે પ્લેબોય ફ્રેન્ચાઈઝની પણ માલિકી છે, જેમાં કેટલાક શહેરોમાં રેસ્ટ રેસ્ટોરન્ટ્સ અને ક્લબ છે. ઓમકાર રીયલટર્સ કેસમાં ઈડી દ્વારા સચિન જોશીને સમન્સ આપવામાં આવ્યું હતું. જોકે, સચિન જોશીને સમન્સ બોલાવ્યા બાદ પણ ઈડી ઓફિસમાં હાજર થયા ન હતા. બાદમાં તેમને પૂછપરછ માટે તેમની દક્ષિણ મુંબઈની ઓફિસમાં લાવવામાં આવ્યા હતા. સચિન જોશીએ મ મોડેલ અને અભિનેત્રી ઉર્વશી શર્મા સાથે લગ્ન કર્યા છે. તેણે તેલુગુ, કન્નડ તેમજ બોલિવૂડની કેટલીક ફિલ્મોમાં કામ કર્યું છે. સચિન જોશીના જેએમ જોશી જૂથનો મુખ્ય વ્યવસાય પાન મસાલામાં વપરાતા ફૂડ પરફ્યુમ બનાવવાનો છે. આ ઉપરાંત આ જૂથ દ્વારા રેસ્ટોરન્ટ અને દારૂનો ધંધો પણ ચાલે છે. સચિન જોશીએ ૨૦૧૩માં ગોવામાં વિજય માલ્યાનો બંગલો ૭૩ કરોડમાં ખરીદી કર્યો હતો. આવકવેરા વિભાગે ગત સપ્તાહે સચિન જોશીના નિવાસસ્થાન અને ઓફિસ પર પણ છાપો માર્યો હતો. ઈડીએ અગાઉ મની લોન્ડરિંગ કેસમાં ઓમકાર ગ્રુપના અધ્યક્ષ કમલ ગુપ્તા અને મેનેજિંગ ડિરેક્ટર બાબુલાલ વર્માની ધરપકડ કરી હતી. ઓમકાર ગ્રુપ એ ઝૂંપડપટ્ટીના પુનર્વિકાસ પ્રોજેક્ટમાં સામેલ ઘણી મોટી કંપનીઓમાંની એક છે. આ ઉપરાંત મુંબઈના અનેક વ્યૂહાત્મક સ્થળોએ ઓમકાર ગ્રુપના પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા છે.

# મુંબઈ-અમદાવાદ હાઈવે પર અકસ્માતમાં દીપડાનું મોત; લોકો મદદ કરવાને બદલે ફોટા લઈ રહ્યા હતા



ચક્રવાત ટીમ, મુંબઈ તા.૧૫

પાલઘરના દુર્વેશ ગામની નજીકમાં મુંબઈ-અમદાવાદ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર અજાણ્યા વાહનની ટક્કર મારતાં એક પુરૂષ દીપડાનું મોત નીપજ્યું છે. દિપડો મૃત્યુ પામ્યા પછી તે મૃત ચિત્તાની બાજુમાં બેસીને લોકો તેમના ફોટા પાડી રહ્યા હતા.

પાછલા વર્ષ દરમિયાન સમાન વાહનના દુર્ઘટનામાં અત્યાર સુધી ત્રણ ચિત્તા મૃત્યુ પામ્યા છે. પાલઘર જિલ્લામાંથી પસાર થતા મુંબઈ-અમદાવાદ હાઈવેની સાથે અનેક જગ્યાએ ગાઢ જંગલ છે. અહીં રાતના સમયે દીપડા ખાઈની શોધમાં હાઈવે પર આવે છે. તેઓ અવારનવાર વાહન ચાલકોની નજરે દિપડા ન આવતા અડફેટે આવતા ટક્કરમાં મરી જાય. સ્થાનિકો માંગ કરી રહ્યા છે કે વન વિભાગે એવા વિસ્તારોમાં હાઈવેની બાજુમાં રક્ષણાત્મક જાળી લગાવવી જોઈએ જ્યાં ગીચ જંગલ છે અને વન્યપ્રાણી માર્ગ પર આવી શકે જેથી દુર્લભ વન્યપ્રાણી આ રીતે મરી ન જાય.

મુંબઈમા જલેબી ફાફડા ઉદ્ધવ ઠાકરે આપણા

# શિવસેના સંઘટકના નેતૃત્વમાં ૨૧ ફેબ્રુઆરીએ ગોરેગાંવમાં ત્રીજો મેળાવડો

## ૩૧ ઉદ્યોગપતિઓ અને વ્યાપારીઓ શિવસેનામા જોડાશે



ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૫

આગામી ફેબ્રુઆરી ૨૦૨૨મા મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી અત્યંત અલગ પરિસ્થિતીમા યોજાશે. મુખ્યમંત્રી ઉધ્ધવ ઠાકરે "સર્વ ધર્મ સમભાવ"નીતિથી ઉત્કૃઠ કામ કરી રહ્યા છે.શિવસેનાની દષ્ટિએ આ ચૂંટણી અત્યંત પ્રતિષ્ઠાની. આ પાર્શ્વભુમિથી શિવસેનાનો ત્રીજો મેળાવડો રાષ્ટ્રીય સંઘટક હેમરાજ શાહ,ધારાસભ્ય ગીતા જૈન ,હેમેન્દ્ર મહેતા,નગરસેવિકા રાજુલ પટેલ,સંધ્યા જોશી,બિરેન લિંબચીયા ,રાજેશ દોશી,જયંતિ મોદી અને કલ્પેશ મહેતા દ્વારા રવિવારે ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ સાંજે ૪ વાગે ,સરદાર પટેલ હોલ,(જવાહર નગર હોલ) ,સીટી સેન્ટર સામે,એસવી રોડ ,ગોરેગામ પશ્ચિમ ,મુંબઈ ખાતે ગુજરાતી મિત્રો માટે આયોજિત કર્યો છે. આ મેળાવડમા ૩૧ ઉધ્યોગપતિઓ અને વ્યાપારીઓને શિવસેનામા પ્રવેશ અપાશે.જલેબી-ફાફડા ,શિવ વડાપાઉ પછી દાંડિયા રાસ અને હવે ડાયરાનો કાર્યક્રમ પણ રાખવામા અવેલ છે.ડાયરામા ચેતન ગઢવી અને અમીતારાણા પોતાના કંઠના કામણ પાથરશે.મહામારીના નિયમોનું પાલન કરી સભાગહમા ૧૦૦ શિવસૈનિકોને પ્રવેશ અપાશે.કાર્યક્રમના આયોજક અને સંચાલક બિરેન લીંબચીયા દ્વારા .દરેકને વિનંતી કે માસ્ક પહેરીને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી કરવામા આવી છે.

# ઈડી દ્વારા એમએમઆરડીએના કમિશ્નરને સમન્સ

## ટોપ સિક્યુરીટી કૌભાંડની તપાસમા ઇડીના રડાર પર એમએમઆરડીએ કમિશનર



ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૫

મુંબઈ મેટ્રોપોલિટન એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) કમિશનર આર. એ. રાજીવને ડિરેક્ટોરેટ ઓફ એન્ફોર્સમેન્ટ દ્વારા સમન્સ અપાયું છે. ટોપ સિક્યુરિટી કેસમાં ધારાસભ્ય પ્રતાપ સરનાઈકની સંડોવણી હોવાનો આક્ષેપ કરવામા આવેલ પ્રકરણમા રાજીવને પણ સમન્સ બજાવવામા આવેલ હોવનું સૂત્રો દ્વારા જાણવા મળે છે. ટોપ સિક્યુરિટી, એક ખાનગી સિક્યુરિટીના કરાર આપવા બદલ ગેરવર્તણૂંક કરવાનો આરોપ કરવામા આવ્યો છે. આ કંપનીના ડાયરેક્ટરોએ વિદેશી નાણાંની ઉચાપત કરી હોવાથી, ઈડી દ્વારા તપાસ ચાલી રહી છે. ઈડીએ ધારાસભ્ય પ્રતાપ સરનાઈક અને તેમના પુત્ર વિહંગની પણ પૂછપરછ કરી છે. હવે એમએમઆરડીએ કમિશનર આર. એ. રાજીવને પણ ઈડી સમક્ષ હાજર થવું પડશે. ઈડી તરફથી એમએમઆરડીએ કમિશનર આર. એ. રાજીવને આજે ઈડી દ્વારા સમન્સ અને ઈડી દ્વારા પૂછપરછ માટે સમન્સ મોકલવામાં આવ્યું છે. તેથી હવે એ જોવું મહત્વપૂર્ણ રહેશે કે ઈડી તેમની તપાસ કરશે અને તેઓ શું જવાબ આપી રહ્યા છે. વળી, એ જાણવું પણ મહત્વનું રહેશે કે રાજીવની પૂછપરછમાં ઈડીને કયા મહત્વના થ્રેડો મળે છે. દરમિયાન, થોડા દિવસો પહેલા રાજ કપૂરના પૌત્ર અને બોલિવૂડ અભિનેતા અરમાન જૈનને પણ એક ઉચ્ચ સુરક્ષા કૌભાંડમાં સમન્સ પાઠવવામાં આવ્યા હતા. ઈડીને શંકા છે કે અરમાન જૈન અને વિહંગ સરનાઈક એક બીજા સાથે સંબંધિત છે.

# વેલેન્ટાઈન દિને ભૂતપૂર્વ ગર્લફ્રેન્ડ સાથે થયેલ વિવાદે જીવલેણ હુમલો : મહિલાની હાલત ગંભીર

ચક્રવાત ટીમ, મુબઈ તા. ૧૫

આ ઘટના મુંબઈના પરેલ વિસ્તારમાં બની હતી જ્યારે તેની ભૂતપૂર્વ ગર્લફ્રેન્ડ સાથેની દલીલને કારણે ગુસ્સે થઈને તેના પર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ૩૭ વર્ષીય મહિલા ગંભીર રીતે ઘાયલ થઈ હતી. હાલમાં તે કેઈએમ હોસ્પિટલમાં સારવાર લઈ રહી છે. હાલમાં તેની હાલત નાજુક હોવાનું મનાય છે. વેલેન્ટાઈન ડેના દિવસે ૧૪ ફેબ્રુઆરીએ બનેલી આ ઘટનાથી આ વિસ્તારમાં તંગદિલી ફેલાઈ છે. ભોઈવાડા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ઘાયલ મહિલા અને આરોપી રાજેશ કાલે એક બીજાને પ્રેમ કરતા હતા. તે પછી, કેટલાક કારણોસર, તેઓ અલગ થઈ ગયા. બંને એક જ વિષય વિશે વાત કરતા થયેલ વિવાદે ગુસ્સે ભરાયેલા આરોપી અશોક કાલેએ નજીકથી છરી ખેંચીને મહિલા ઉપર હુમલો કર્યો હતો. આ હુમલામાં મહિલા ગંભીર રીતે ઘાયલ થઈ હતી. દરમિયાન, ઘટનાની જાણ થતાં જ વિસ્તારના લોકો ઘટના સ્થળે દોડી ગયા હતા. ઈજાગ્રસ્ત મહિલાને નાગરિકો દ્વારા નજીકની કેઈએમ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર હાલમાં મહિલાની સારવાર ચાલી રહી છે. આ બનાવ બાદ ભોઈવાડા પોલીસે આરોપી રાજેશ કાલેની ધરપકડ કરી છે.

# નાલાસોપારામા બારની બહાર ઉભેલા બે શખ્સો પર ત્રણ અજાણ્યા શખ્સોએ ફાયરિંગ કર્યુ

ચક્રવાત ટીમ , મુંબઈ તા.૧૫

પાલઘર જિલ્લાના નાલાસોપારામાં, રવિવારે રાત્રે ત્રણ અજાણ્યા શખ્સોએ બાર એન્ડ રેસ્ટોરન્ટની બહાર ઉબેલા બે જણ પર ત્રણ શખ્સોએ ગોળીબાર કર્યો હતો. બે જણને ઈજા થતા સ્થાનિક હોસ્પીટલમા દાખલ કરવામા આવ્યા છે. ઈજા થઈ છે. હુમલો કરનારાઓના ચહેરા રૂમાલથી ઢંકાયેલા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, આ બનાવ રવિવારે રાત્રે ૯.૧૫ વાગ્યાની આસપાસ નાલાસોપારાની પૂર્વમાં, મોરગાંવમાં બન્યો હતો. ત્રણેય શખ્સોએ બલરામ ગુપ્તા અને રાજુ બેલ પર ફાયરિંગ કર્યું હતું. તે બંને બારની બહાર ઉ.ભા રહ્યા. તે જ સમયે, ત્રણ લોકોએ અચાનક હુમલો કર્યો. બંનેને ઈજાઓ પહોંચી હતી. એટલું જ નહીં, પરંતુ તેમાંથી એક પર વાર પણ કરવામા આવ્યો હતો. હુમલો કરનારા બાઈક પરથી આવ્યા હતા. તેમના ચહેરા રૂમાલથી ઢંકાયેલા હતા. આ હુમલામાં ઘાયલ થયેલા બંનેને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ગુપ્તાની હાલત સ્થિર છે. જોકે, રાજુની હાલત નાજુક હોવાનું જણાવાયું છે. રાજુને તીક્ષ્ણ હથિયાર વડેમાથા પર હુમલો કરી ઘાયલ કરી ગોળી મારવામા આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર હુમલાખોરોએ ચાર ગોળી ચલાવી હતી. ગોળીમાંથી ત્રણ ગોળી પીડિતોને વાગી હતી. ત્રણેય હુમલાખોરો માસ્ક પહેરેલા હતા. તેમની વચ્ચેના આપસી વિવાદથી આ હુમલો થયો હોવાનું કહેવાય છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓને ઘાયલો ક્યાં હોવાની માહિતી હોવાને આધારે આ હુમલો કરવાની યોજના આરોપીઓ બનાવી હતી. વિસ્તારના સીસીટીવી ફૂટેજ તપાસવામાં આવી રહ્યા છે.

# એન્ટી ડ્રગ્સ સેલ વિભાગ દ્વારા ૨૧ લાખની કિમતના ૧૦૪ કિલો ગાંજા સાથે આરોપીની અટક



ચક્રવાત ટીમ, મુંબઈ, તા ૧૫

એન્ટી ડ્રગ્સ સેલ કાંદિવલી યુનિટ દ્વારા ૨૧ લાખની કિમતના ૧૦૪ કિલો ગાંજા સાથે એક આરોપીની અટક કરી છે.

કાંદિવલી એન્ટી ડ્રગ્સ સેલ યુનિટના એપીઆઈ સાવંત તેમજ પીએસઆઇ ભોસલે દ્રારા ૧૩ ફેબ્રુઆરીના રોજ અંધેરી પૂર્વમા ચાંદિવલી વિસ્તારના ચાંદિવલી ફાર્મ રોડ પર સંઘર્ષ નગર નજીક બસ સ્ટોપ પાસે એક શંકાસ્પદ યુવકને જોતા તેની તપાસણી કરી હતી, તે યુવક પાસેથી ૨૮ કિલો ગાંજો મળી આવતા પોલિસે તેની અટક કરી હતી પૂછપરછમા આરોપી સલમાન સતાર શેખ (૨૭)એ આપેલ માહિતીએ ચાંદિવલીના સાઈનાથ નગરના ફ્લેટમાથી ૭૬ કિલો ગાંજો મળી આવ્યો હતો.પોલિસે ૨૦,૮૦,૦૦૦/- ની કિમતનો ૧૦૪ કિલો ગાંજા સાથે તે આરોપી સલમાન સતાર શેખ (૨૭)ની અટક કરી છે. અટક કરેલ આરોપીને કોર્ટમા રજૂ કરતા ૨૦ ફેબ્રુઅરી સુધીની પોલિસ કસ્ટડી સોપી છે.

# પુણેમાં પાંચ વર્ષીય બાળકી પર બળાત્કાર: સિક્યુરીટી ગાર્ડની અટક

ચક્રવાત ટીમ, મુંબઈ તા.૧૫

પુણેના વિમાનગરમાં પાંચ વર્ષની બાળકી પર બળાત્કાર ગુજારવામા આવ્યો છે. હોટલ સિક્યુરિટી ગાર્ડ દ્વારા પાંચ વર્ષની બાળકી પર બળાત્કાર ગુજારવામાં આવ્યો છે. પુણે પોલીસે ૨૦ વર્ષીય વ્યક્તિની ધરપકડ કરી છે.

એરપોર્ટ પોલીસે નરાધમ આરોપીની ધરપકડ કરી છે અને પીડિત બાળકીની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આ કેસમાં કરણ દિલીપકુમાર ગોસ્વામી (૨૦, રહે. વિમાનનગર) ની વિમાનગર પોલીસે ધરપકડ કરી છે. આરોપી વિમાનનગર વિસ્તારમાં આવેલી એક હોટલમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરે છે, જ્યારે પીડિત બાળકી તેના માતાપિતા સાથે મજૂર છાવણીમાં રહે છે. તેના માતાપિતા બંને કામ પર જાય છે. આરોપીએ જોયું કે ભોગ બનનાર બાળકી તેના માતા-પિતા કામ પર ગયા બાદ ઘરે એકલી હતી.ત્યારે સમયનો ફાયદો ઉપાડી બપોરે આરોપીએ પાંચ વર્ષીય બાળકીને તેના ઘરની બહાર બોલાવી હતી અને તેણી હોટલની બાજુમાં ફોર વ્હીલર શોરૂમની પાર્કિંગમાં લઈ ગયો હતો. જ્યાં આરોપીએ બાળકી સાથે દુષ્કર્મ આચર્યુ હતુ.હાલમાં તેની પૂનાની સરકારી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

# પોરબંદરમાં બાયોમેડીકલ વેસ્ટ પ્લાન્ટનું ૪૦ લાખના ખર્ચે થયું નવિનીકરણ



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૫

પોરબંદરમાં બાયોમેડીકલ વેસ્ટ પ્લાન્ટનું ૪૦ લાખના ખર્ચે નવિનીકરણ થયું છે. પોરબંદર માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત બાયો મેડીકલ વેસ્ટ પ્લાન્ટના ખાતે ગુજરાત પોલ્યુશન કધટ્રોલ બોર્ડની નવી ગાઈડ લાઈન મુજબ નવું ઈન્સીનરેટર વસાવવાની જરત ઉભી થતા ા. ૪૦ લાખ જેવી માતબર રકમ ખર્ચ આવી પડતા દાતાઓના આર્થિક સહયોગથી નવા ઈન્સીનરેટર સાથે જરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવેલ. જેનું ઉદ્ઘાટન ધારાસભ્ય બાબુભાઈ બોખીરીયાના હસ્તે કરવામાં આવેલ હતું. આ ઉદઘાટન સમારંભની શઆત માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ અનિલભાઈ કારીયાના સ્વાગત પ્રવચનથી કરવામાં આવી. તેમણે સૌ આમંત્રિત મહેમાનોનું ઉમળકા સાથે સ્વાગત કર્યું. પોતાની પ્રસ્તાવનામાં તેમણે જણાવ્યું કે વિદ્યુત સ્મશાન ભઠ્ઠી છેલ્લા ૨૫ વર્ષથી નિઃશુલ્ક ચલાવવામાં આવે છે. ૧૯૯૬ માં ટ્રસ્ટની રચના થઈ ત્યારે પીયા ૧૦ નું પણ દાન હિન્દુ વિદ્યુત ભઠ્ઠીનો ખર્ચ વહન કરવા માટે સ્વીકારવામાં આવતું. પરંતુ ટ્રસ્ટ દ્વારા બાયોમેડીકલ વેસ્ટ પ્લાન્ટની સ્થાપના કર્યાબાદ વિદ્યુત સ્મશાન ભઠ્ઠી અને તેના ખર્ચને પહોંચી વળે છે. જી.પી.સી.બી. ની નવી ગાઈડલાઈન મુજબ બાયો મેડીકલ વેસ્ટ પ્લાન્ટનું નવસર્જન કરવું અતિ આવશ્યક બનતા આપણા વિસ્તારના માત્ર ત્રીસેક દાતા મહાનુભાવોને નવ સર્જનના કાર્યની વિગતવાર માહિતી આપી દાન આપવા જણાવ્યું જેના પરિણામ સ્વપે આ શક્ય બનેલ છે. સ્વાગત પ્રવચન બાદ સમારંભના અતિથિ વિશેષ પદે ઉપસ્થિત બાબુભાઈ બોખીરીયાનું પુષ્પગુચ્છથી સ્વાગત અનિલભાઈ કારીયાએ કર્યું. મંચસ્થ મહેમાનો જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ મોઢવાડીયા, આઈ.એમ.એ. ના પ્રમુખ ડો. મલકાણ અને અમારા વડીલ પદુભાઈ રાયચુરાનું પણ પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું. ટ્રસ્ટના ટ્રસ્ટી અને પ્રોજેક્ટ ચેરમેન મુકેશભાઈ ઠક્કર દ્વારા નવા ઈન્સીનરેટર વિશેની ટેકનિકલ માહિતી વિગતે આપવામાં આવી. તેઓ યાંત્રીક ક્ષેત્રે નિષ્ણાંત હોય તેમના માર્ગદર્શન તળે વિદ્યુત સ્મશાન ભઠ્ઠી અને બી.એમ.ડબલ્યુ. પ્લાન્ટનું નવ સર્જન ખૂબ જ ટુંકા સમયમાં સરળ બન્યું જે સંસ્થા માટે ગૌરવ લેવા જેવી બાબત છે. તેમણે સતત ત્રણ માસ માટે દરરોજ ૧૨ થી ૧૪ કલાક જેટલો સમય ફાળવી આ પડકારજનક કાર્ય પૂર્ણ કરેલ છે. ઉદ્ઘાટન બાદ નવા પ્લાન્ટના પ્રેક્ટીકલ કાર્યની પણ તલસ્પર્શી માહિતી આપી સૌને પ્લાન્ટના કાર્યની પૂરેપૂરી જાણકારી આપી.

# સમાજ ધર્મ સેવા સમિતિ દ્વારા લુણાવાડા ખાતે મામલતદાર કચેરીમાં આવેદન

ચક્રવાત ટીમ લુણાવાડા, તા.૧૫

વિક્રમભાઈ પડી ના નામ નો દુરૂપયોગ કરી પુર્વ સરપંચ બાબુભાઈ રાઠોડ ને બદનામ કરવા માટે અજાણ્યા શખ્સોએ લુણાવાડા તાલુકાના મહીસાગર જિલ્લાનાઢઅર્જ કચેરીમાં અરજી કરવામાં આવી હતી ,જે અરજદાર ની જાણબહાર છે.તો ખોટી અરજી કરી ગામમાં સાન્તી ભંગ કરવાની કોશિશ કરનાર અજાણ્યા શખ્સોએ વિરુદ્ધ કાર્યવાહી કરવા બાબતે આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમા સમાજ ધર્મ ન્યૂઝ ના પત્રકારો સાથે સમાજ ધર્મ સેવા સમિતિ ના હોદ્દેદારો નર્વતસિહ બારૈયા, હર્ષદભાઈ.બારીયા, વિક્રમભાઈ પગી, લાલસિંહ પરમાર, વિપુલભાઈ,બારીયા,દલપતસિંહ . ચૌહાણ, મુકેશભાઈ,બારીયા, પ્રવિણભાઈ,પગી, વગેરે મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.અને મહીસાગર જિલ્લા ઉપરાંત પંચમહાલ જિલ્લાના સામાજિક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.અને વિવિધ સંગઠનો ના હોદ્દેદારો હાજર રહ્યા હતા.

# પોરબંદર જિલ્લાના ૩ વિસ્તારને કન્ટેઈમેન્ટ ઝોનમાંથી મુકત જાહેર કરાયા

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૫

પોરબંદર જિલ્લામાં નોવેલ કોરોના વાઈરસના પોઝીટીવ કેસ આવતા કોરોના વાઈરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતા લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલારૂપે જિલ્લા મેજીસ્ટ્રેટે કન્ટેઈમેન્ટ વિસ્તાર જાહેર કરી લોકોની અવર જવર પર પ્રતિબંધ ફરમાવ્યો હતો. (૧) પોરબંદર જિલ્લાના કુતિયાણા શહેરના મોટી ખત્રીવાડ વિસ્તારમાં પૂર્વે કૈલાશ લક્ષ્મીશંકર રત્નેશ્વરના ઘરથી પશ્ચિમે જયેશ નવીનચંદ્ર ભગતના ઘર સુધીનો વિસ્તાર. (૨) પોરબંદર શહેરના આંબેડકર નગર નરસંગ ટેકરી વિસ્તારમાં ઉત્તરે અજય કેશવ સોંદરવાના ઘરથી દક્ષિણે ટપુ અરશી સાદીયાના ઘર સુધીનો વિસ્તાર. (૩) પોરબંદર જિલ્લાના કડછ ગામાં વરજાંગ આલા કડછા અને જેસા આલા કડછાના ઘરથી વેજા રણમલ કડછા અને મસરી કડછાના ઘર સુધીના વિસ્તાર કન્ટેઈમેન્ટ ઝોનમાથી મુક્ત કરાયો છે.

# પોરબંદરના ગોરસરમાં સુનિધિ પ્રજ્ઞા કલ્યાણ આશ્રમનું લોકાર્પણ



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૫

પોરબંદરથી માધવપુર જતાં-ગોરસર ગામે આવેલ જય મામા પાગલ આશ્રમમાં રહેતા આશરે ૫૦ પુષ અને ૧૫ સ્ત્રી માનસિક રોગના દર્દીઓ માટે આજથી ૧૮-૨૦ વર્ષો પૂર્વે શરૂ કરાવેલ આ મામા પાગલ આશ્રમના મકાનોનું નવીનીકરણ કરવામાં આવી રહ્યું છે જેના ફેઝ-૧નું બાંધકામ આશરે ૩૦૦૦ ચો. ફુટનું રૂપિયા ૩૦ લાખના ખર્ચે તૈયાર થયા બાદ પુરુષ દર્દીઓ માટે રહેવાની સગવડતાવાળું આશરે ૪૦૦૦ ચો. ફુટના બાંધકામનો વિભાગ ફેઝ-૨નું તા. ૬-૨-૨૦૨૧ ના રોજ લોકાર્પણ કરવામાં આવ્યું છે.

જેમાં મુખ્ય હોલનું લોકાર્પણ ટ્રસ્ટના પ્રમુખ એ. શાહ મુંબઈના હસ્તે થયું, સંચાલક વણઘાબાપા ની મુખ્ય ઓફિસનું સ્વામીનારાયણ ગુકુલના શાસ્ત્રી સ્વામી ભાનુપ્રકાશદાસજી વરદ હસ્તે તેમજ ડોકટર ઓફિસનું લોકાર્પણ જુનાગઢ ડોકટર બકુલભાઈ બુચના વરદ હસ્તે થયેલું હતું. આ આશ્રમના સ્ત્રી દર્દીઓ માટે પણ આશરે ૪૦૦૦ ચો. ફુટના નવા બાંધકામ ફેઝ-૩ માટે દાનોની જરીયાત માટે ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી પદુભાઈ રાયચુરા સતત કોશિષ કરી રહ્યા હતા. આ શુભ પ્રસંગે વડોદરાના ધીભાઈ અમૃતલાલ અમલાણી (મુળ અડવાણાના) દ્વારા રૂપિયા ૨૧ લાખનું દાન જાહેર કરવામાં આવતા સૌએ તેને તાળીઓથી વધાવી લીધેલ. આ પ્રસંગે પદુભાઈ રાયચુરા દવારા પોતાના કુટુંબ તરફથી રૂપિયા ૩ લાખ, અમદાવાદના ચાર્ટેડ એકાઉન્ટન્ટથી રાજીવનભાઈ રવાણી તરફથી ૫૧,૦૦૦ તેમજ ખાસ પ્રેમભાવથી હાજરી આપી સૌને પ્રોત્સાહિત કરનાર રૂપિયા પોરબંદરના નવઘણભાઈ મોઢવાડિયા તરફથી ૫૧,૦૦૦ નુ દાન જાહેર કરવામાં આવેલ હતું તેમજ પોરબંદરના માનવતાપ્રેમી હરભમભાઈ ભારા તરફથી પણ રૂપિયા ૫૧,૦૦૦નું દાન જાહેર કરવામાં આવેલ હતું. આ પ્રસંગે વધુ માહિતી આપતા પદુભાઈ રાયચુરાએ જણાવ્યું કે, હવે જે નવું બાંધકામ ૪૦૦૦ ચો.ફુટનું થવાનું એ તેનો અંદાજીત ખર્ચે રૂપિયા ૩૫ લાખ આશરે ગણેલો છે જે કાંઈ દાનો મળી રહેલા છે તેમાં હજુ પીયા ૮ થી ૧૦ લાખના દાનોથી જરીયાત રહે છે. અલબત, પદુભાઈ તેમજ અન્ય ટ્રસ્ટીઓ આ બાબતે અલગ-અલગ કક્ષાએ પ્રયત્નશીલ છે. માનવતાના આ કાર્યને વધુ સહકાર આપવાની અપીલ કરતા પદુભાઈ રાયચુરાએ જણાવેલું કે, આશ્રમનું તમામ ત્રણે ફેઝનું કાર્ય પૂર્ણ થઈ જવાથી અહીં આશરે ૧૦૦ દર્દીઓનો સમાવેશ કરી શકાય તે પ્રકારે આયોજન કરવામાં આવ્યું છે, જે સંખ્યા અત્યારે ૬૦/૬૫ થી વધારે શકાતી નથી.

# ચાંદીના વાયદાના ભાવમાં રૂ.૮૧૦નો ઉછાળો : સોનામાં મિશ્ર વલણ

ચક્રવાત ટીમ, મુંબઈ,૧૫

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૫૩૦૧૮ સોદામાં રૂ.૧૧૪૧૬.૧૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોનાના વાયદાના ભાવમાં મિશ્ર વલણ હતું, જ્યારે ચાંદીના વાયદાના ભાવમાં કિલોદીઠ રૂ.૮૧૦નો ઉછાળો આવ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંને વધી આવ્યા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન, કપાસ, સીપીઓ, રબરના વાયદાના ભાવમાં સાર્વત્રિક સુધારાનો સંચાર થયો હતો, જ્યારે મેન્થા તેલમાં નરમાઈ હતી. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૭૪૮૯૯ સોદાઓમાં રૂ.૪૫૫૧.૬૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૭૪૩૬ ખૂલી, ઊપરમાં રૂ.૪૭૪૫૫ અને નીચામાં રૂ.૪૭૨૨૯ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૨ ઘટીને રૂ.૪૭૨૯૬ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૬ વધીને ૮ ગ્રામદીઠ રૂ.૩૭૯૫૫ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨ વધીને ૧ ગ્રામદીઠ રૂ.૪૭૧૦ થયા હતા, જ્યારે સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨ વધીને બંધમાં રૂ.૪૭૧૭૧ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૯૩૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૭૦૦૬૭ અને નીચામાં રૂ.૬૯૩૦૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૮૧૦ વધીને રૂ.૬૯૯૨૭ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૭૫૨ વધીને રૂ.૬૯૮૩૪ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૭૫૬ વધીને રૂ.૬૯૮૨૫ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૫૨૪૦૫ સોદાઓમાં રૂ.૨૭૮૮.૫૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૪૪૦૫ ખૂલી, ઊપરમાં રૂ.૪૪૨૪ અને નીચામાં રૂ.૪૩૮૯ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૭ વધીને રૂ.૪૪૦૨ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૨૨૮૧ સોદાઓમાં કુલ રૂ.૩૫૬.૪૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન ફેબ્રુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૧૫૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૫૧૦ અને નીચામાં રૂ.૨૧૪૩૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૦ વધીને રૂ.૨૧૪૪૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧૦૨૦.૨ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૩.૬ વધીને બંધમાં રૂ.૧૦૨૯.૨ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૬૬.૧ ખૂલી, ઊપરમાં રૂ.૯૬૭ અને નીચામાં રૂ.૯૬૩ રહી, અંતે રૂ.૯૬૪.૪ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૨૩૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૪૨ અને નીચામાં રૂ.૧૨૩૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૯ વધીને રૂ.૧૨૩૭ ના સ્તરે બંધ રહ્યો હતો. વાયદાઓમાં કામકાજની દષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૧૪૭૯૮ સોદાઓમાં કુલ રૂ.૨૦૭૯.૨૧ કરોડ ની કીમતનાં ૪૩૯૫.૦૮ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૬૦૧૦૧ સોદાઓમાં કુલ રૂ.૨૪૭૨.૪૦ કરોડ ની કીમતનાં ૩૫૩.૭૭૩ ટન, ક્રૂડ તેલમાં ૧૧૪૦૨ સોદાઓમાં રૂ.૮૨૦.૭૯ કરોડનાં ૧૮૬૨૩૦૦ બેરલ્સ, કોટનમાં ૫૫૫ સોદાઓમાં રૂ.૧૨૧.૬૨ કરોડનાં ૫૬૨૨૫ ગાંસડી, સીપીઓમાં ૧૬૩૧ સોદાઓમાં રૂ.૨૩૧.૫૩ કરોડનાં ૨૨૭૦૦ ટન, મેન્થા તેલમાં ૧૫ સોદાઓમાં રૂ.૧.૬૭ કરોડનાં ૧૭.૨૮ ટન, કપાસમાં ૧૭ સોદાઓમાં રૂ.૪૪.૫૨ લાખનાં ૭૨ ટનના વેપાર થયા હતા.

વિજયભાઈ રૂપાણી ઝડપથી કોરોના સામે વિજય મેળવી લેશે : રાજુભાઈ ધ્રુવ

# વિજયભાઈ રૂપાણીનાં સ્વાસ્થ્યની મંગળકામનાઓ કરતા ભાજપ અગ્રણી રાજુભાઈ ધ્રુવ

**મુખ્યમંત્રી તરીકેનાં કાર્યકાળ દરમિયાન વિજયભાઈ રૂપાણી એક પણ દિવસની રજા રાખ્યા વિના ગુજરાતની પ્રગતિમાં અવિરત કાર્યરત છે**

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૫

ગુજરાતનાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી વડોદરાની જાહેરસભા સંબોધતા હતા ત્યારે અચાનક એમનું સ્વાસ્થ્ય બગડ્યું હતું પરંતુ ગણતરીની મિનિટોમાં તેઓ પુનઃ સ્વસ્થ થયા હતા. ત્યારબાદ આજે તેમનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે પરંતુ તેઓ સ્વાસ્થ્ય છે, કોરોનાની બહુ ગંભીર અસર કે લક્ષણો નથી. તેમની તબિયત પણ હાલ સારી છે. એમના સારા સ્વાસ્થ્ય માટે ભાજપ સૌરાષ્ટ્ર-કચ્છના પ્રવકતા અને વિજયભાઈની સાથે પાંત્રીસ વર્ષથી પણ વધુ સમયથી આત્મીયતા અને કાર્યનિષ્ઠા સાથે સક્રિય પક્ષકાર્ય માં સંકળાયેલા રાજુભાઈ ધ્રુવે એમના સારા સ્વાસ્થ્ય માટે મંગળ કામના કરતા જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની તબિયત હાલ સારી છે. યુ.એન.મહેતા હોસ્પિટલમાં ડૉક્ટરો દ્વારા સારવાર આપવામાં આવતા તેઓ હવે સ્વસ્થ છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના તમામ રિપોર્ટ નોર્મલ આવ્યા છે ફક્ત એક કોરોનાનો જ રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. મુખમંત્રી વિજયભાઈ રૂપાણી પોતાના મજબૂત મનોબળ અને આંતરિક રોગપ્રતિકારક શક્તિ દ્વારા ઝડપથી કોરોના સામે વિજય મેળવશે. સમગ્ર ગુજરાતની જનતાનાં આશીર્વાદ તેમની સાથે છે, તેમનાં સારા સ્વાસ્થ્ય માટે સતત પ્રાર્થનાઓ થઈ રહી છે. તેઓ થોડી કલાકોમાં ઝડપથી સંપૂર્ણ સ્વસ્થ્ય થઈ ફરી એકવાર ગુજરાતનાં વિકાસને અગ્રેસર કરવાની કામગીરી શરૂ કરી દેશે. રાજુભાઈ ધ્રુવે વધુમાં જણાવ્યું હતું કે, વિજયભાઈ રૂપાણી એટલે સરળતા, સંવેદનશીલતા, સેવા અને સહજતા જેવા ઋજુ ગુણોથી શોભતું સૌમ્ય વ્યક્તિત્વ... તેની સાથોસાથ જ નિર્ણાયકતા, નિડરતા, પરિશ્રમની પરાકાષ્ઠા અને હિમ્મત સાથે દૃઢ મનોબળ જેવી નક્કર લાક્ષણિક્તાઓના પીંડથી ઘડાયેલું વ્યક્તિત્વ... સરળતા અને સંવેદનશીલતાની સાથે દૃઢતા અને નિર્ભિક્તાનો સમન્વય ભાગ્યે જ જોવા મળે છે. વિજયભાઈ એમના નામને પણ સાર્થક કરતા રહ્યા છે. "વિજય" સ્વયંમનો





નહીં સૌનો. ગુજરાત અને ગુજરાતની જનતાના વિકાસ અને વિજયનો ભેખ ધરીને સૌના સાથ સાથે સૌના વિકાસ અને સૌના વિશ્વાસ સાથે સૌના વિકાસનો માર્ગ વિજયભાઈ રૂપાણી પ્રશસ્ત કરી રહ્યા છે. મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઈ મોદી બાદ વિજયભાઈ રૂપાણીનો મુખ્યમંત્રી તરીકેનો કાર્યકાળ ગુજરાતના ઈતિહાસમાં કોરોના મહામારી સામે ની ગુજરાત ની સફળ લડત ના સમએ પણ અવિરત વિકાસ ની વણથંભી યાત્રા માટે સ્વર્ણિમ અક્ષરે આલેખાશે જેનું કારણ છે, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની જેમ દિવસ-રાત જન સમર્પિત કાર્યશૈલી. સતત શ્રમ અને પરિશ્રમ દ્વારા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી વિકાસનાં પંથે અગ્રેસર હતા, છે અને રહેશે. વિજયભાઈ રૂપાણીનું ચાર દાયકા ઉપરાંતનું જાહેર જીવન સંગઠન, સમર્પણ, સેવા અને કર્મઠતાની સાધના સમાન રહ્યું છે. તેમની આજ કાર્યશૈલીને કારણે આજે ગુજરાતનો વિકાસ અવિરત અને અકબંધ છે. ગુજરાતના ખૂણેખૂણામાં વસતા જનજનના વિકાસ માટે સતત અને સઘન શ્રમ - પરિશ્રમ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને તેમની ભાજપ સરકાર કરી રહી છે. દિવસ-રાત કામકાજ કરવાની તેમની પદ્ધતિને કારણે આજે લાંબા ગાળે સ્વાસ્થ્યમાં થોડી અસર જોવા મળી છે પરંતુ ચિંતા જેવી કોઈ જ બાબત નથી.

૭ ઓગષ્ટ ૨૦૧૬ના રોજ ગુજરાતનું નેતૃત્વ મુખ્યમંત્રી તરીકે સંભાળ્યું ત્યારથી આજ પર્યંત તેમનો સાડા ચાર વર્ષનો કાર્યકાળ દર્શાવી રહ્યો છે કે, વિજયભાઈ રૂપાણીએ મુખ્યમંત્રીના પદને સત્તા નહીં બલ્કે જનતાની સેવા કરવાનું માધ્યમ બનાવ્યું છે. આજે ગુજરાતના અદ્વિતીય વિકાસની આગવી ઓળખ ચોમેર ઊભી થઈ છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પોતાના કાર્યકાળમાં એક દિવસ પણ રજા લીધી નથી. સરકારી કામકાજ ઉપરાંત પક્ષનાં કામકાજમાં પણ એટલી જ સમર્પિત તેમની કાર્યશૈલી છે. કેબિનેટની બેઠક હોય, પાર્લામેન્ટરી બોર્ડની બેઠક હોય, ખાતમુહૂર્ત-લોકાર્પણ કરવાના હોય, સભા-રેલી સંબોધન હોય, નવી યોજનાઓ અને કાયદાઓ ઘડવાના હોય, પ્રવાસો અને મુલાકાતો હોય.. તેઓ ક્યારેય થાક્યા કે હાર્યા નથી. એક પાયાના કાર્યકરથી લઈને ગુજરાતના સૂત્રધાર સુધીની સફર દરમિયાન વિજયભાઈ રૂપાણી મજબૂત મનોબળ સાથે મક્કમતાનો મહામૂલો ગુણ ધરાવતા આવ્યા છે જેનું જ્વલંત ઉદાહરણ ગઈકાલે બનેલી ઘટના છે. તબિયત લથડયા બાદ તરત જ તેઓ ખૂદ ચાલીને હેલિકોપ્ટર સુધી પહોંચ્યા હતા. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું આંતરિક મનોબળ અને રોગપ્રતિકારક શક્તિ ખૂબ જ મજબૂત છે તેથી તેઓ થોડા જ દિવસોમાં ફરી પોતાના કામકાજમાં લાગી જશે એવું લાગી રહ્યું છે. વિજયભાઈ રૂપાણી મજબૂત મનોબળ સાથે તંદુરસ્ત તન-મન ધરાવે છે. હવે તેઓ સ્વસ્થ્ય છે અને ચિંતાની કોઈ વાત નથી તેમ જણાવતા રાજુભાઈ ધ્રુવે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનાં સ્વાસ્થ્યની મંગળકામનાઓ કરી છે.

## સુરેન્દ્રનગર નગરપાલિકામાં ૧૭ ઉમેદવારે આપમાંથી ફોર્મ ભર્યા

ચક્રવાત ટીમ વઢવાણ, તા.૧૫

સુરેન્દ્રનગર સ્થાનિક સ્વરાજ્ય સામાન્ય ચૂંટણી - ૨૦૨૧ યોજાનાર છે. જેનું મતદાન તા.૨૮-૦૨-૨૦૨૧ ના રોજ થનાર છે. ચૂંટણી ને ધ્યાને લઈ શહેરના વિકાસના મુદ્દાઓ લઇ 'મુજે નિષ્ઠાવાન લોગો કી જરૂરત હૈ ચાહે વો અનપઢ હોયા ધનહી'ના સુત્રોચ્ચાર સાથે સુરેન્દ્રનગર શહેરમાં આમ આદમી પાર્ટી દ્વારા નિષ્ઠાવાન અને શહેરની જનતાને પડતી મુશ્કેલીઓ દુર કરી શકે તેવા ઉમેદવારો તેમજ ઉત્સાહી સામાજિક કાર્યકરો અને સમાજ માટે કોઇ સારા કામો અને લોકોની પ્રાથમિક સુવિધાઓ સમય આપીને પુરી કરી શકે તેવાકામ કરનારા કાર્યકરોને શોધી ઉમેદવારી કરાવી જેમ દિલ્હીમાં અરવિંદ કેજરીવાલ સાહેબ દ્વારા પુરી નિષ્ઠા અને લગન સાથે આમ આદમી પાર્ટી લોકોના હિતમાટે કામ કરી રહી છે.તેવાજ ભાવથી આમ આદમી પાર્ટીએ સુરેન્દ્રનગર શહેર પોતાના ઉમેદવારોને ચુંટણીના મેદાનમાં દાવેદારી કરાવી રહ્યા છે. શાનદાર સ્વરાજ સંસ્થાની ચૂંટણી માટે જિલ્લામાં આમ આદમી પાર્ટી દ્વારા ચુંટણી ની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. થનાર મતદાન તૈયારીના ભાગરૂપે આમ આદમી પાર્ટીના જિલ્લા કાર્યાલય પર પ્રવક્તાશ્રી.પી.જી.પરમાર સાહેબના અધ્યક્ષ સ્થાને સુરેન્દ્રનગર શહેરમાં સંચાલન કરતાં કાર્યક્રમની પૂર્વ તૈયારીઓને ધ્યાને લઇ સંબંધિત કાર્યકર્તાઓ તેમજ હોદેદારોની કામગીરી કરવા સુચનાઓ તથા માર્ગદર્શન આપેલ છે.તેમજ રાજ્ય સરકારની ગાઇડલાઇન મુજબ ચુંટણી કોરોના ના માહોલને અનુરૂપ જરૂરી સુચનાઓ તેમજ ચૂંટણીલક્ષી કાર્યક્રમો અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

## ઉપલેટાના મોટી પાનેલીમાં કિસાન સભા દ્વારા ખેડૂત સંમેલન યોજાયું

ચક્રવાત ટીમ કાનભાઈ સુવા, તા.૧૫

ઉપલેટા તાલુકાના મોટી પાનેલીમાં ઉપલેટા કિસનસભા દ્વારા વિશાળ ખેડૂત સંમેલનનું આયોજન અહીંના સહકારી મંડળીના ગોડાઉન ગ્રાઉન્ડમા કરવામાં આવેલ હતું જેમાં બહોળી સંખ્યામા ખેડૂતો ઉમટી પડ્યા હતા. કિશાન નેતા ડાયાભાઈ ગજેરાએ ભારત સરકારના ત્રણ કૃષિ કાયદાનો જબરજસ્ત વિરોધ કરતા જણાવ્યું હતું કે સરકાર ખેડૂતોની જમીન પુંજીપતિઓના હવાલે કરવા માંગે છે જે કોઇકાળે થવા નહીં દઈએ અને મરતે દમતક આ કાયદાનો વિરોધ કરતા રહીશું ત્યારે હિરેન ખાંટ દ્વારા કૃષિ કાયદાનો વિરોધ કરી રહેલા ખેડૂતોને સરકાર આંતકવાદી, પાકિસ્તાની, ખાલીસ્તાની, ટુકડે-ટુકડે



ગેંગ ગણાવી આખા દેશના ખેડૂતોનું સરકાર અપમાન કરી રહી હોવાનું જણાવેલ.

ખેડૂત નેતા વલ્લભભાઈ માકડીયાએ સરકારના વિકાસની વાત કરતા જણાવેલ કે ભાજપા સરકાર જ્યારથી સતા પર આવી છે ત્યારથી લઈને અત્યાર સુધીમાં વિકાસ થયો હોય તો તે પેટ્રોલ ડીઝલના ભાવમા થયો છે અને ગેસના સિલિન્ડરમા થયો છે. ચેતનભાઈ ગઢીયાએ ખેડૂતોને સરકારના કાળા કાયદાનો વિરોધ કરી કિશાન સભા સાથે છેક સુધી જોડાવા માટે આહવાન કરેલ અને ભારતીય જનતા પાર્ટીના આવા મનઘડત કાયદાઓનો મક્કમતા પૂર્વક વિરોધ કરી આ સરકારને ખેડૂતોની તાકાત બતાવવા જણાવેલ. મોટી પાનેલીના પૂર્વ સરપંચ મનુભાઈ ભાલોડીયા એ કિસનસભાના આગેવાનોને ખાત્રી પૂર્વક જણાવેલ કે મોટી પાનેલીના ખેડૂતો કિશાન સભાની સાથે અડીખમ ઉભા રહેશે ત્યારે સમગ્ર કાર્યક્રમનું આયોજન જતીન પટેલ, દિનેશ વેકરીયા, ભાવેશ કાલરીયા, અનિલભાઈ ચાડસનીયા વગેરે દ્વારા કરવામાં આવેલ.

## વાંકાનેર નગરપાલિકામાં ચાલાકી પૂર્વક ભાજપના ઉમેદવારનું ફોર્મ રદ કરાવી ડમી ફોર્મ ભરનાર જીતુ સોમાણી ફરી મેદાને

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૧૫

વાંકાનેર નગરપાલિકામાં છેલ્લા ૨૫ વર્ષથી એકચક્રી શાસન ચલાવનાર વાંકાનેર શહેર ભાજપ સુપ્રીમો જીતુભાઈ સોમાણી પોતાની ૬૦ વર્ષની ઉંમર અને સતત ત્રણ ટર્મ ચુંટાયેલા પ્રતિનિધિ તરીકે તેમણે ભાજપ દ્વારા આ વખતે ટિકિટ આપવામાં આવી ન હતી. જેમાં રાજકીય નોટંકી રચી જીતુભાઈ સોમાણીને ભાજપના નવા નિયમનો ઉકેલ શોધતા ચાલાકી પૂર્વક ભાજપના ઉમેદવારનું ફોર્મ રદ કરાવી પોતે તેમના વતી ડમી ફોર્મ ભરેલ હોય જેથી હવે ભાજપના નવા નિયમોથી પર થઇ જીતુભાઈ સોમાણી ખુદ ચૂંટણી જંગમાં આવી ગયા છે. ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા સ્થાનિક



સ્વરાજની ચૂંટણીમાં ટિકિટ ફાળવણી માટે ૬૦ વર્ષની વયમર્યાદા અને ત્રણ ટર્મ ચૂંટાયેલ પ્રતિનિધિઓને ટિકિટ નહીં આપવાનું નક્કી કરતા વાંકાનેર નગરપાલિકામાં છેલ્લા લાંબા સમયથી એકચક્રી શાસન ચલાવનાર જીતુભાઈ સોમાણીને આ વખતે નગરપાલિકાની ટિકિટ આપવામાં આવી ન હતી. પરંતુ ભાજપના આ નવા નિયમોનો રાજકીય નોટંકી અને ચાલાકી વાપરી જુગાડ કરી પોતે વાંકાનેર પાલિકાના વોર્ડ નંબર ત્રણના ભાજપના સત્તાવાર ઉમેદવાર જગદીશભાઈ મણિલાલ રાજવીર વતી ડમી ફોર્મ ભરેલ અને બાદ મુખ્ય ઉમેદવારના ફોર્મમાં ભાગ નંબર અને ક્રમ નંબર દર્શાવવામાં ક્ષતિ રાખતા ચૂંટણી અધિકારી દ્વારા આ ભૂલ સુધારવા તક આપવામાં આવી હતી પરંતુ પ્રિ-પ્લાન મુજબ ઉમેદવાર હાજર ન રહેતા અંતે ભાજપના સત્તાવાર ઉમેદવારનું ફોર્મ અમાન્ય ગણાતા હવે વાંકાનેર નગરપાલિકાના વોર્ડ નં. ૩ ના સત્તાવાર ઉમેદવાર તરીકે જીતુ સોમાણી મેદાનમાં આવી ગયા છે. વર્ષોથી વાંકાનેરની રાજનીતિમાં હરીફ રહેલ વાંકાનેર શહેર ભાજપ સુપ્રીમો જીતુભાઈ સોમાણીની આ વખતેની ચુંટણીમાં રાજકીય ચાલ સફળ રહી છે.

## અંબાજી ખાતે કુંભારીયા રબારી સમાજ દ્વારા મા અંબે નીજ મંદિરે ધજા ચઢાવવામાં આવી

ચક્રવાત ટીમ બનાસકાંઠા, તા.૧૫

શક્તિ ભક્તિ અને આસ્થાનું ત્રિવેણી સંગમ એટલે જગ વિખ્યાત યાત્રાધામ અંબાજી આ ધામ ખાતે દિવસે અને દહાડે લાખો માઈભક્તો માં અંબે નાં દર્શન કરવા દૂર દૂરથી અંબાજી આવતા હોય છે ત્યારે દર્શન કરી ધન્યતા અનુભવતા હોય છે ત્યારે વાત કરવામાં આવે તો અંબાજી ખાતે



રબારી સમાજ મોટો ફેલાવો અંબાજી ખાતે ધરાવે છે ત્યારે રબારી સમાજ દ્વારા માં અંબે ના કાર્યક્રમો નિમિત્તે અનેક ધાર્મિક ગતિવિધિ માં ભાગ લેવાતો હોય છે ત્યારે રબારી સમાજ દ્વારા આજે મા અંબાના નીજ મંદિર ખાતે ધજા ચડાવવામાં આવી હતી કુંભારીયા રબારી સમાજ દ્વારા છેલ્લા કેટલાય સમયથી દર વર્ષે નાચતે ગાતે નાસીક ઢોલ નગારા સાથે માં અંબે નાં મંદિર સુધી રબારી સમાજની વેશભૂષામાં આવી અને માં અંબાના ચાચરચોકમાં નાચી ગરબા કરી પૂજા-અર્ચના કર્યા બાદ માં અંબે નાં નિજ મંદિરે ધજા ચડાવવામાં આવતી હોય છે ત્યારે રબારી સમાજ દ્વારા દર વર્ષે હર્ષોલ્લાસ સાથે કાર્યક્રમ યોજવામાં આવે છે અને મહાપ્રસાદનું પણ આયોજન રબારી સમાજ દ્વારા કરવામાં આવે છે છેલ્લા કેટલાય સમયથી રબારી સમાજ દ્વારા આજ રીતે કાર્યક્રમ અંબાજી ખાતે કરવામાં આવતો હોય છે ત્યારે ચોક્કસપણે કહી શકાય કે રબારી સમાજ જે પોતાના વેશભૂષામાં અંબાજી ખાતે દર્શન કરવા આવતા અને ધજા ચડાવતી વખતે અંબાજી મંદિરમાં આવેલ યાત્રિકોમાં પણ રબારી સમાજ ની વેશભૂષા આકર્ષણનું કેન્દ્ર બનતી હોય છે.

## વાંકાનેર : અમારી શેરીમાંથી કેમ નીકળ્યો કહી ત્રણ શખ્સોનો પાડોશી યુવાન પર હુમલો

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૧૫

વાંકાનેર શહેરમાં સામાન્ય બાબતે બે પાડોશીઓ વચ્ચે ડખ્ખો થયો હતો, જેમાં યુવાન પર તેના પાડોશીએ અમારી શેરીમાંથી કેમ નીકળો કહી ત્રણ સભ્યોએ હુમલો કર્યા હોવાનો બનાવ સામે આવ્યો છે. જેમાં યુવાને પાડોશી પરિવારના ત્રણ સભ્યો સામે વાંકાનેર શહેર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ ફરિયાદી દિનેશભાઈ પ્રેમજીભાઈ ચાવડા (ઉ.વ ૨૭, રહે આંબેડકરનગર શેરી નં ૫, વાંકાનેર) એ આરોપીઓ રમેશભાઈ તથા તેના દિકરા સંદિપભાઈ તથા દિપકભાઈ (રહે. આંબેડકરનગર વાંકાનેર) સામે વાંકાનેર શહેર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે, ગત તા.૧૩ ના રોજ રાત્રીના દશેક વાગ્યાના સુમારે આરોપીઓ તેઓના ઘર પાસે બોલાચાલી કરતા હોય અને ફરીયાદી પોતાનું મોટર સાયકલ લઈ શેરીમાં નીકળી આરોપીના ઘર પાસે ઉભા રહેતા જે બાબતનું સારૂ નહી લાગતા આરોપીઓએ ' તું અમારી શેરીમા નીકળી, અમારા ઘર પાસે કેમ ઉભો રહેલ ' તેમ કહી આરોપીઓએ ફરીયાદીને ગાળો આપી, લાકડી વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવની જાણ ફરિયાદીએ વાંકાનેર શહેર પોલીસમાં કરતાં પોલીસે ત્રણેય આરોપીઓ સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સમાજ ધર્મ સેવા સમિતિ દ્વારા લુણાવાડા મામલતદાર કચેરીમાં આવેદન

ચક્રવાત ટીમ લુણાવાડા, તા.૧૫

વિક્રમભાઈ પડી ના નામ નો દુરૂપયોગ કરી પુર્વ સરપંચ બાબુભાઈ રાઠોડ ને બદનામ કરવા માટે અજાણ્યા



શખ્સોએ લુણાવાડા તાલુકાના મહીસાગર જિલ્લાનાહ્વઅર્જ કચેરીમાં અરજી કરવામાં આવી હતી ,જે અરજદાર ની જાણબહાર છે.તો ખોટી અરજી કરી ગામમાં સાન્તી ભંગ કરવાની કોશિશ કરનાર અજાણ્યા શખ્સોએ વિરુદ્ધ કાર્યવાહી કરવા બાબતે આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમા સમાજ ધર્મ ન્યૂઝ ના પત્રકારો સાથે સમાજ ધર્મ સેવા સમિતિ ના હોદ્દેદારો નર્વતસિહ બારૈયા, હર્ષદભાઈ. બારીયા, વિક્રમભાઈ પગી, લાલસિંહ પરમાર, વિપુલભાઈ,બારીયા,દલપતસિંહ . ચૌહાણ, મુકેશભાઈ,બારીયા, પ્રવિણભાઈ,પગી, વગેરે મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.અને મહીસાગર જિલ્લા ઉપરાંત પંચમહાલ જિલ્લાના સામાજિક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.અને વિવિધ સંગઠનો ના હોદ્દેદારો હાજર રહ્યા હતા.

## ટંકારા તાલુકા પંચાયતની ૧૬ બેઠક માટે કુલ ૭૧ ઉમેદવારોએ ફોર્મ ભર્યા

ચક્રવાત ટીમ ટંકારા, તા.૧૫

ટંકારા તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે ૧૬ બેઠકો ઉપર ટક્કર છે. આજે ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે ૩૨ ફોર્મ રજૂ થયા હતા અને અત્યાર સુધીમાં કુલ ૭૧ ફોર્મ રજૂ થયા છે.જો કે ૮ બેઠકો વચ્ચે આ બન્ને મુખ્ય પક્ષોએ ઉપરાંત આમ આદમી પાર્ટીએ પણ ઝંપલાવ્યું હોવાથી ત્રીપાંખયો જંગ જોવા મળશે. જ્યારે ચાર બેઠકો ઉપર બસપાએ પણ ઝંપલાવ્યું છે સાથો- સાથે ૬ અપક્ષો પણ નગારે ઘા નાખી મેદાનમાં ઉતર્યા છે. તાલુકા પંચાયતની ચૂંટણીમાં છ અપક્ષ ઉમેદવારોએ પણ નામાંકન કર્યું છે. જેમાં ટંકારા-૧ સીટમાં ચાર્મીબેન ભાવિનભાઈ સેજપાલ, કુસુમબેન સુરેશભાઈ કુકડીયા, ટંકારા -૨ સીટમાં મિતેષ ચંદ્રકાન્ત મહેતા, ઈરફાન હાસમભાઈ સોહવર્દી, ઓટાળા ૧૧ સીટમાં અમૃતાબેન મગનભાઈ ઘોડાસરા, મીતાણા- ૭ સીટમાં રોહિતભાઈ નાનજીભાઈ ફાંગલીયા અને જિલ્લા પંચાયતની ૧૦-લજાઈ સીટમાં કીર્તિબેન દલપતભાઈ ચાવડાએ ઉમેદવારી નોંધાવી છે.

વાંકાનેર તાલુકા પંચાયતની અરણીટીંબા બેઠકના

## કોંગ્રેસી ઉમેદવારનું અપહરણ થયાના આક્ષેપો

ચક્રવાત ટીમ, તા.૧૫

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ વાંકાનેર વિસ્તારમાં ચુંટણી માહોલ ગરમાઈ રહ્યો છે. તેમાં હજુ આજે બપોરે જ નાટ્યાત્મક રીતે વાંકાનેર નગરપાલિકાના ભાજપના મેન્ડેટ સાથેના સત્તાવાર ઉમેદવારોનું ફોર્મ રદ થતાં અન અપેક્ષીત ડમી ઉમેદવાર તરીકે જીતુભાઈ સોમાણી સામે આવ્યા છે. આ બાદ ભાજપ દ્વારા વધુ એક કાવતરું ઘડાયાનો આક્ષેપ કોંગ્રેસ અગ્રણીઓ દ્વારા કરવામાં આવી રહ્યો છે જેમાં વાંકાનેર તાલુકા પંચાયતની અરણીટીંબા બેઠકના કોંગ્રેસી ઉમેદવારનું અપહરણ કરાયું હોવાના દાવો કરવામાં આવી રહ્યો છે. કોંગ્રેસ તરફથી વાંકાનેર તાલુકા પંચાયતની અરણીટીંબા બેઠક પરથી બલેરીયા સુરેશભાઈ અલખાજીને



ટિકિટ અપાયા બાદ તેમણે કોંગ્રેસી ઉમેદવાર તરીકે ફોર્મ ભર્યું હતું જે બાદ આજ સવારથી આ ઉમેદવાર અચાનક સંપર્ક વિહોણા બનતા કોંગ્રેસ ટીમમાં આંતરીક ગણગણાટ શરૂ થયો હતો જે બાદ સાંજે કોંગ્રેસ અગ્રણીઓ દ્વારા વાંકાનેર તાલુકા પંચાયતની અરણીટીંબા બેઠકના કોંગ્રેસી ઉમેદવાર બલેરીયા સુરેશભાઈ અલખાજીનુ અપહરણ થયાનો દાવો કરવામાં આવી રહ્યો છે. વધુમાં કોંગ્રેસ અગ્રણીઓએ ભાજપ પર ગંભીર આક્ષેપો કરતાં જણાવ્યું હતું કે અમારા અરણીટીંબા બેઠકના ઉમેદવાર આજ સવારથી સંપર્ક વિહોણા બન્યા છે જેમાં ભાજપ દ્વારા રાજકીય ષડયંત્ર રચી અને આ ઉમેદવારને ગાયબ કરી તેમનું ફોર્મ પરત ખેંચાવવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. આ બાબતે વાંકાનેર મામલતદાર પાદરીયાનો સંપર્ક સાધતા તેમણે જણાવ્યું હતું કે હજુ વાંકાનેર તાલુકા પંચાયતની અરણીટીંબા બેઠક પરથી કોઈ ઉમેદવાર દ્વારા ફોર્મ પરત ખેંચવામાં આવ્યું નથી. બાબતે હવે જોવાનું રહ્યું કે આગામી સમયમાં આ બાબતે જવાબદાર તંત્ર શું પગલાં ભરે છે ? બાબતે કોંગ્રેસી ઉમેદવારના ફોર્મમાં દરખાસ્ત કરનાર કોંગ્રેસ અગ્રણી અબ્દુલભાઈ બાદી દ્વારા વાંકાનેર ચુંટણી અધિકારીને સંબોધિને એક અરજી કરતાં જણાવ્યું હતું કે અમારા અરણીટીંબા બેઠકના ઉમેદવાર ચુંટણી ફોર્મ ભર્યા બાદ તેમના વતન રવાના થયેલ જ્યાંથી તેમણે અમારો સંપર્ક સાધી ભાજપ દ્વારા તેમને ચુંટણી ફોર્મ પરત ખેંચવા દબાણ કરવાનું જણાવ્યું હતું, જે બાદ આજ સવારથી તેમનો ફોન સ્વીચ ઓફ થયા બાદ તેમના વતનમાં સંપર્ક કરતા જાણવા મળેલ કે સામા પક્ષે ભાજપના સાત-આઠ માણસો આજે સવારે તેમના વતન પહોંચી કોંગ્રેસી ઉમેદવાર સુરેશભાઈને તેમની સાથે લઈ ગયેલા. જેથી અમોને આશંકા છે કે સામા પક્ષે ભાજપના ઉમેદવાર દ્વારા અમારા ઉમેદવારનું અપહરણ કરવામાં આવેલ છે જેથી તાત્કાલિક આ બાબતે પગલાં ભરી કોંગ્રેસી ઉમેદવારને પક્ષના વાંકાનેર ચુંટણી કાર્યાલય ખાતે હાજર કરવામાં આવે.

## સગીરે ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૧૫

વાંકાનેરમાં એક સગીરે કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈને જીવાદોરી ટૂંકાવી લીધી હતી. જેથી આ બનાવની વાંકાનેર પોલીસે નોંધ કરીને આપઘાતના બનાવનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે. બનાવ પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર શહેરના આંબેડકરનગર શેરી-૩ માં મોહનભાઈ ગેડીયાના મકાનમાં ભાડે રહેતા મૂળ સાગાંણી તા.ચોટીલાના વતની રાજદીપભાઈ માનસીંગભાઈ ધરજીયા (ઉ.વ-૧૭) નામના સગીરે ગઈકાલે કોઈ અગમ્ય કારણોસર પોતાના રૂમમાં પંખા સાથે ચુંદડી વડે ગળેફાસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બાદમાં તેના મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલમાં ખસેડાયો હતો. વાંકાનેર સીટી પોલીસે આ બનાવની નોંધ કરીને સગીરે ક્યાં કારણોસર આપઘાત કર્યો તે જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

## ગોધર એમ્બ્યુલન્સ પર EMT પ્રવીણભાઈ પટેલીયાની પ્રશંસનીય કામગીરી

ચક્રવાત ટીમ મહીસાગર, તા.૧૫

મહીસાગર જીલ્લામાં સંતરામપુર તાલુકાના વેણા ગામનાં ૨૫ વર્ષ ની મહિલા નામે મનીષાબેન શૈલેષભાઈ એમના ધર્મ પત્નીને ડિલીવરીનો દુઃખાવો ઉપડતાં .તેમણે ૧૦૮નો સંપર્ક કર્યો હતો ૧૦૮ એમ્બ્યુલન્સ લોકેશન :ગોધરને કોલ મળતા જ ૧૦૮ વેણા ગામે જવા રવાના થઈ હતીઃ EMT :પ્રવિણભાઈ પટેલીયા એ રસ્તામાં જતા ટાઈમે તેમના સગાએ પણ કોલ કર્યો હતો .ત્યારે વધુ દુઃખાવો હોવાનું જણાવતાં. તેમને સમજાવામાં આવ્યાં. હતાં. ત્યાર બાદ તેમને સંતરામપુર હોસ્પિટલમાં દવા ચાલું હોવાનું જણાવતાં સંતરામપુર સ્ટેટ હોસ્પિટલ પોહચતાં પહેલાં વધું દુઃખાવો .હોવાથી રસ્તાની બાજુમાં .એમ્બ્યુલન્સ ઉભી રાખી .ઈર્ :પ્રવીણ પટેલીયા એ રસ્તામા જ ડિલીવરી કરવાનો નિર્ણય લીધો. હતોઃ ત્યાર બાદ ૧૦૮ હેડ ઓફિસ અમદાવાદ કઠવાડા ખાતે ERCP .Dr જીતેન્દ્રભાઈ સર ની માહિતી .મુજબ .એમ્બ્યુલન્સ મા જ ડિલિવરી કરાવી હતી .ત્યાર બાદ વધુ સારવાર માટે સંતરામપુર સ્ટેટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ૧૦૮ ઈર્ પ્રવીણભાઈ પટેલીયા દ્વારા માતા અને બાળકનો જીવ બચાવવામાં સફળ રહ્યા હતા આ સાથે



પ્રવીણભાઈ પટેલીયા છે માસમાં આ સાથે ૪૭ ડીલેવરી કરી મહીસાગર જીલ્લામાં તેમજ આરોગ્ય વિભાગમા પણ પ્રથમ નામ આગળ જોવા મળે છે તેમનાં સગા સબંધી દ્વારા ૧૦૮ ટીમનો આભાર માન્યો હતો અને ઈ એમ ટી પ્રવીણભાઈ પટેલીયા ને લાંબા આયુષ્યના આર્શીવાદ આપ્યા હતા સાથે સાથે ગોધર એમ્બ્યુલન્સનો આભાર માન્યો હતો.

અત્યાર સુધીમાં સૌથી વધુ ૪૧૮ રન ચેઝ કરનાર ઈંગ્લેન્ડ જીતથી ૪૨૯ રન દૂર

## ટેસ્ટ બની રોચક : બે દિવસ, સાત વિકેટ અને ૪૨૯ રન

ચેન્નાઈ,તા.૧૫

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ટેસ્ટ સિરીઝની બીજી મેચ ચેન્નાઈમાં રમાઈ રહી છે. ટીમ ઈન્ડિયાએ બીજી ઈનિંગમાં ૨૮૬ રન બનાવ્યા હતા. ભારતને પ્રથમ ઈનિંગમાં ૧૯૫ રનની લીડ મળી હતી. આમ ઈંગ્લેન્ડને જીત માટે ૪૮૨ રનનો ટાર્ગેટ મળ્યો છે.

ટાર્ગેટનો પીછો કરવા મેદાનમાં ઉતરેલી ઈંગ્લેન્ડની શરૂઆત ખરાબ રહી હતી. ૫૦ રનમાં ૩ વિકેટ પડી ગઈ હતી. ડોમિનિક સિબલ ૩ રને, રોરી બર્ન્સ ૨૫ રને અને નાઈટ વોચમેન જેક લીચ શૂન્ય રને આઉટ થયા હતા. ભારત વતી બીજી ઈનિંગમાં અક્ષર પટેલે બે વિકેટ અને અશ્વિને એક વિકેટ ઝડપી છે. ડેનિયલ લોરેન્સ અને જો રૂટ ત્રીજા દિવસની રમતના અંતે નોટ આઉટ રહ્યા છે. મેચનો સંપૂર્ણ સ્કોરબોર્ડ જોવા માટે અહીં ક્લિક કરો.

ટેસ્ટમાં સૌથી મોટો ટાર્ગેટ ચેઝ કરવાનો રેકોર્ડ વેસ્ટ ઈન્ડિઝ સામે છે. તેણે ઓસ્ટ્રેલિયા સામે ૨૦૦૩માં ૪૧૮ રનના ટાર્ગેટને ચેઝ કર્યો હતો. ભારતના મેદાન પર અત્યાર સુધીમાં સૌથી મોટો ૩૮૭ રનનો ટાર્ગેટ ચેઝ થયો છે. માત્ર વેસ્ટ ઈન્ડિઝની ટીમે ભારતમાં ૨૭૬ રનના ટાર્ગેટને ચેઝ કર્યો હતો. તેણે ૧૯૮૭માં દિલ્હી ટેસ્ટમાં ભારતને ૫ વિકેટે હરાવ્યું હતું.



અશ્વિને ૨૪ ટેસ્ટ અને ૩ વર્ષ પછી ટેસ્ટમાં ફિફ્ટી ફટકારી. આ પહેલા ઓગસ્ટ ૨૦૧૭માં શ્રીલંકા વિરુદ્ધ ફિફ્ટી ફટકારી હતી. કોલમ્બો ટેસ્ટમાં તેમણે ૫૪ રનની ઈનિંગ રમી હતી. દેશમાં ગત વખતની ફિફ્ટી ડિસેમ્બર ૨૦૧૬માં ઈંગ્લેન્ડ વિરુદ્ધ ચેન્નાઈમાં જ ફટકારી હતી. ત્યારે તેમણે ૬૭ રનની ઈનિંગ રમી હતી.

૪૫માં ઓવરના ચોથા બોલ પર અશ્વિનને જીવનદાન મળ્યું. સ્ટુઅર્ટ બ્રોડના બોલ પર સ્લિપમાં બેન સ્ટોક્સે સરળ કેચ છોડી દીધી. ત્યારે ૨૮ રન બનાવીને રમી રહ્યાં હતા.

ટીમ ઈન્ડિયાએ ત્રીજા દિવસે બીજી ઈનિંગમાં એક વિકેટ પર ૫૪ રનથી આગળ રમવાનું શરૂ કર્યું હતું. ત્યારપછી ટીમે માત્ર ૧૧ રન બનાવવામાં વધુ ૩ વિકેટ ગુમાવી દીધી. રોહિત શર્મા, ચેતેશ્વર પૂજાર અને ઋષભ પંત ઝડપથી પવેલિયન પરત ફર્યા. શુભમન ગિલ(૧૪)બીજા દિવસે જ લીચનો શિકાર બની ગયા હતા. પંત ૧૧ બોલમાં ૮ રન બનાવી આઉટ થયો હતો. પ્રથમ ઈનિંગમાં પંત ૫૮ રન બનાવી નોટ આઉટ રહ્યો હતો.

## ચહલ પર જાતિય ટિપ્પણી કરવા બદલ યુવરાજ સામે હરિયાણામાં એફઆરઆઈ

હરીયાણા,તા.૧૫

હરિયાણાના હાંસીમાં પૂર્વ ક્રિકેટર યુવરાજ સિંહ વિરુદ્ધ જીઝ/જી એક્ટમાં કેસ નોંધવામાં આવ્યો છે. યુવરાજ પર આ કેસ નેશનલ એલાયન્સ અને દલિત હ્યૂમન રાઈટ્સના સંયોજક રજત કલસનની ફરિયાદ પર નોંધવામાં આવ્યો છે. યુવરાજે ક્રિકેટર રોહિત શર્મા સાથે લાઈવ ચેટમાં ક્રિકેટર યુજવેન્દ્ર ચહલ પર જાતિગત ટિપ્પણી કરી હતી. લગભગ ૮ મહિના જૂના કેસમાં પોલીસે કોઈ કાર્યવાહી ન કરતા અરજદારે કોર્ટમાં અરજી કરી હતી.



અરજદાર કલસને જણાવ્યું કે, યુવરાજ વિરુદ્ધ કેસ કરવામાં પોલીસે ૮ મહિના લગાવી દીધા હતા. તેમણે કહ્યું કે, ગત વર્ષે ૨ જૂને પોલીસે તેની ફરિયાદ કરી હતી. એ વખતે પોલીસે કેસ નહોતો નોંધ્યો. ત્યારપછી ૧૧ જૂને હિસાની જીઝ/જી કોર્ટમાં અરજી કરી. આ અંગે જજ વેદપાલ સિરોહીએ પોલીસને કેસ નોંધવાના આદેશ આપ્યા. આ ઉપરાંત હાંસીના પૂર્વ પોલીસ સ્ટેશન પ્રભારી અને હ્વજીઁ વિરુદ્ધ પણ તપાસના આદેશ આપ્યા છે. યુવરાજે યુજવેન્દ્ર વિરુદ્ધ ટિપ્પણી અંગે મામલો વેગ પકડતા સોશિયલ મીડિયા પર માફી પણ માંગી હતી. તેમણે કહ્યું હતું કે, હું દરેક વ્યક્તિનું સન્માન કરું છું. હું મારા મિત્રો સાથે વાત કરી રહ્યો હતો અને એ વખતે મારી વાતને ખોટી રીતે લેવાઈ, જે ખોટું હતું. યુવરાજે કહ્યું કે, એક જવાબદાર ભારતીય હોવાની રીતે હું કહેવા માંગું છું કે, અજાણતા જો મારી વાતોથી કોઈને મારી વાતથી દુઃખ પહોંચ્યું હોય તો તેના માટે માફી માંગું છું.

## બેડમિન્ટન ખેલાડી જ્વાલા ગુટ્ટા બની વંશીય ટિપ્પણીનો શિકાર

(જી.એન.એસ.)હૈદરાબાદ,તા.૧૪

ભારતની પૂર્વ ઈન્ટરનેશનલ બેડમિન્ટન ખેલાડી અને અર્જૂન અવોર્ડી જ્વાલા ગુટ્ટા તેના અને તેના પરિવાર પર થયેલી વંશીય ટિપ્પણીઓથી ખુબ જ નારાજ છે. હાલમાં જ જ્વાલાની નાનીનું નિધન થયું છે અને તેનો સંપૂર્ણ પરિવાર શોકમાં છે. પરંતુ ત્યારબાદ તેને વંશીય ટિપ્પણીઓનો સામનો કરવો પડી રહ્યો છે.



જ્વાલા ગુટ્ટાનો જન્મ તેલુગુ પિતા ક્રાંતિ ગુટ્ટા અને ચીની માતા યેલન ગુટ્ટાથી થયો હતો. થઈ રહેલી વંશીય કોમેન્ટ્સને લઈને જ્વાલાએ એક ભાવુક પોસ્ટ શેર કરી છે. જ્વાલા ગુટ્ટાએ ટ્વીટ કર્યું કે, હું મારી ગ્રેન્ડ મોમને ગુમાવવાનો શોક મનાવી રહી છું, જેમનું ચીનમાં નિધન થયું છે. મને આશ્ચર્ય થયો કે, હું કોવિડ કેમ કહું છું, ચાઈનીઝ વાયરસ કેમ નથી કહેતી. તેમણે કહ્યું, આપણા સમાજને શું થયું છે... ક્યાં છે સહાનુભૂતિ?... આપણે ક્યાં જઈ રહ્યા છીએ... આ શરમજનક છે.

## વિરાટ ગુસ્સો ફરી આવ્યો સામે અમ્પાયરની ચેતવણી સામે ભડક્યો કોહલી

ચેન્નાઈ,તા.૧૫

ટીમ ઈન્ડિયાના કેપ્ટન વિરાટ કોહલી ચેન્નાઈમાં રમાઈ રહેલી બીજી ટેસ્ટ મેચમાં પહેલાની જેમ આક્રમક અને જોશમાં જોવા મળી રહ્યાં છે. પ્રથમ ટેસ્ટમાં શાંત અને બદલાયેલા દેખાઈ રહેલા વિરાટ આ ટેસ્ટમાં બિલકુલ વિપરીત જોવા મળી રહ્યાં છે. ઈંગલેન્ડની વિરુદ્ધ બીજી ટેસ્ટના બીજા દિવસે દર્શકોની સાથે ઈશારા-ઈશારામાં મસ્તી કરનાર વિરાટ ત્રીજી દિવસના પ્રથમ સત્રમાં એક વાતને લઈને નારાજ થઈ ગયા અને અમ્પાયરની સાથે ઝઘડી પડ્યા હતા.



ચેપોકમાં ચાલી રહેલી બીજી ટેસ્ટના ત્રીજા દિવસે લંચ પહેલા ફિલ્ડ અમ્પાયર નિતિન મેનનને કોહલીને પિચના સંવેદનશીલ ક્ષેત્રમાં દોડવાના કારણે ચેતવણી આપી હતી. મેનનને તેમને રન દોડવા દરમિયાન તે વિસ્તારમાં ન જવા માટે કહ્યું. જોકે વિરાટને આ ચેતવણી પસંદ ન આવી અને તેમણે પોતાની નારાજગી વ્યક્ત કરી. વિરાટ થોડી વાર માટે મેનન સાથે બોલાચાલી કરતા જોવા મળ્યા.

વાત કરીએ સમગ્ર ઘટનાની તો લન્ચથી એક ઓવર પહેલા ઈંગ્લેન્ડના કેપ્ટન જો રૂટે ડેન લારેંસનો બોલ પકડ્યો હતો. લારેંસના ચોથા બોલ પર અશ્વિને શોટ રમીને ત્રણ રન માટે ભાગવાનું શરૂ કર્યું. આ દરમિયાન ત્રીજા રનના સમયે કોહલી લેગ સાઈડથી ઓફ તરફ ભાગતા જોવા મળ્યા અને આ દરમિયાન તે સંવેદનશીલ ક્ષેત્રમાં પહોંચી ગયા. રન પુરા કર્યા પછી અમ્પાયર મેનનને વિરાટ કોહલીને આ અંગે વાત કરી અને ચેતવણી આપી. તે બાબતે વિરાટે પણ પોતાની નારાજગી જાહેર કરી અને ચેતવણીનું કારણ પુછવા લાગ્યા.

## ધનુષની ફિલ્મ 'કર્ણન'ની ૯ એપ્રિલે થશે રિલીઝ : ફર્સ્ટ લૂક આવ્યો સામે

(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૪

સાઉથના સુપરસ્ટાર ધનુષ આ દિવસોમાં ઘણા મોટા પ્રોજેક્ટ્સ પર કામ કરી રહ્યો છે. તે તેની ફિલ્મ 'કર્ણન'ને લઈને પણ સતત ચર્ચામાં રહે છે. લોકો આ ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આવી સ્થિતિમાં ચાહકો માટે ખુબ ખુશખબર છે. ધનુષે ફિલ્મની થિયેટર રિલીઝ ડેટ જાહેર કરી છે. આ સાથે તેણે ફર્સ્ટ લુક પણ શેર કર્યો છે. તેણે ટ્વીટ કરીને ફિલ્મનો પહેલો લુક શેર કર્યો છે જેમાં ફિલ્મની રિલીઝ ડેટની પણ જાહેરાત કરવામાં આવી છે. આ ફિલ્મ આ વર્ષે ૯ એપ્રિલે રિલીઝ થઈ રહી છે. આપને જણાવી દઈએ કે, તાજેતરમાં ધનુષે ફિલ્મનું ડબિંગ પૂર્ણ કર્યું હતું. આ વિશે માહિતી આપતા તેણે આ ફિલ્મની પોતાની એક તસવીર પણ શેર કરી, જેમાં તેનું પાત્ર ખૂબ જ શક્તિશાળી જોવા મળી રહ્યું છે. આપને જણાવી દઈએ કે, આ પહેલા ફિલ્મનું ટીઝર રિલીઝ થયું હતું અને તેના રિલીઝ મહિનાની પણ જાહેરાત કરવામાં આવી હતી. ફિલ્મના ટીઝરને શેર કરતી વખતે, મેલ્વા સેલ્વારાજે લખ્યું – "દેખો, કોઈ નહીં હૈ હો આઈ ઓર લડે. કર્ણન કે ટીઝર કી ઘોષણા કરતે હુએ બહુત ખુશ હૂં. ધનુષનો લૂક સામે આવ્યા બાદ તેના ચાહકોમાં આ ફિલ્મ અંગે ઉત્સુકતા વધી ગઈ છે.

## બાદશાહ અને રશ્મિકા મંદાનાનું 'ટોપ ટકર' સોંગ રિલીઝ થતા જ મચાવી ધૂમ



(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૩

પ્રખ્યાત રેપર બાદશાહ અને સાઉથ સિનેમાની અભિનેત્રી રશ્મિકા મંદાનાનો મ્યુઝિક વીડિયો 'ટોપ ટકર' રિલીઝ કરવામાં આવ્યું છે. આ ગીતને પ્રેક્ષકોનો ઘણો પ્રેમ મળી રહ્યો છે. આ પહેલીવાર છે જ્યારે રશ્મિકા મંદાના અને બાદશાહની જોડી એક ગીતમાં સાથે આવી છે. ૬ કલાક પહેલા રિલીઝ થયેલું 'ટોપ ટકર' ગીત યુટ્યુબ પર જબરદસ્ત રીતે ટ્રેન્ડ કરી રહ્યું છે.

બાદશાહ અને રશ્મિકા મંદાનાનો મ્યુઝિક વીડિયો 'ટોપ ટકર' અત્યાર સુધીમાં ૨૧ લાખ ૮૬ હજારથી વધુ વખત જોવામાં આવ્યો છે. આ મ્યુઝિક વીડિયો યશ રાજ અને સાગા મ્યુઝિકના બેનર હેઠળ બનાવવામાં આવ્યો છે. યશરાજ ફિલ્મ્સ ચેનલે તેને યુટ્યુબ પર પણ અપલોડ કર્યું છે. આ ગીતમાં બાદશાહ અને રશ્મિકા મંદાના એક અલગ જ સ્ટાઈલમાં જોવા મળી રહ્યા છે.

બાદશાહ અને રશ્મિકા મંદાનાનાં ગીતો ઉંચાના, બાદશાહ, અમિત, યુવાન શંકર રાજા અને જોનિતા ગાંધી મળીને ગાયું છે. યુવાન શંકર રાજાએ પણ તેમાં સંગીત આપ્યું છે. બાદશાહ અને વિગ્નેશ શિવાને ગીતના લિરિક્સ લખ્યા છે. અમરપ્રીત છાબરાએ આ ગીતનું નિર્દેશન કર્યું છે, જ્યારે સુમિત સિંહ નિર્માતા છે. બાદશાહનું આ ગીત પણ હંમેશની જેમ દર્શકોમાં ખૂબ જ લોકપ્રિય થઈ રહ્યું છે.

## એક્ટ્રેસ ઈસ્મે બિઆંકોએ સંગીતકાર મેરિલીન મેન્સન પર લગાવ્યો જાતીય શોષણનો આરોપ

(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૪

લોકપ્રિય એચબીઓ સીરીઝમાં કામ કરી ચૂકેલી એક્ટ્રેસ ઈસ્મે બિઆંકોએ એક મોટો ખુલાસો કર્યો છે, જેનાથી હોલીવુડ ઈન્ડસ્ટ્રીમાં હોબાળો મચી ગયો છે. ઈસ્મે બિઆંકોએ આરોપ લગાવ્યો છે કે સંગીતકાર મેરિલીન મેન્સન દ્વારા તેનું જાતીય શોષણ કરવામાં આવ્યુ હતું. અભિનેત્રી ઈસ્મે બિઆંકોએ કહ્યું કે સંગીતકાર મેરિલીન મેન્સન એક રાક્ષસ છે. જેણે મારી જિંદગી સહીત અનેક મહિલાઓના જીવન બરબાદ કરી દીધા છે. ઈસ્મે બિઆંકોએ કહ્યું કે મેન્સને ઘણી વખત તેના પર અત્યાચાર ગુજાર્યો હતો અને તેની સાથે યૌન શોષણ કર્યું હતું. ઈસ્મે બિઆંકોએ એક ખાનગી મેગેઝિન સાથેની વાતચીતમાં આ વાતનો ખુલાસો કર્યો. ઈસ્મેએ કહ્યું કે તે મ્યુઝિક વીડિયો રોલ કરતા વખતે મેન્સનને મળી હતી.



મેન્સન તેની સાથે હિંસા કરી, તેના પગને એક કેબલ સાથે બાંધી દીધા અને ઈલેક્ટ્રિક એડલ્ટ ટોયની મદદથી તેના પર જાતીય શોષણ કર્યું હતું. અભિનેત્રી ઈસ્મેએ જણાવ્યું હતું કે મ્યુઝિક વીડિયોના ત્રણ દિવસના શૂટિંગ દરમિયાન મેન્સને તેને સારી રીતે સૂવા દીધી નહોતી. તે સમયે, મેન્સને ત્રણ વખત જમવાની જગ્યાએ માત્ર કોકીન આપ્યું હતું, ઈસ્મેએ જણાવ્યું કે મેન્સને તેની સહમતિ વગર તેના શરીર પર અનેક વખત બચકા પણ ભર્યા. ઈસ્મે કહ્યું કે તે સમયે હું મેન્સનની ઈચ્છા વિના કોઈ કપડા પહેરી શકતી ન્હોતી.

તે મને કહેતો હતો કે શું પહેરવું. મને લાગ્યું કે હું જેલમાં છું. એક્ટ્રેસ ઈસ્મે કહ્યું કે મેન્સનથી દૂર થયા બાદ તેને ખૂબ માનસિક રીતે પરેશાન થવું પડ્યું. જો કે, મેન્સને તેમની ઉપર લાગેલા તમામ આક્ષેપોને ફગાવી દીધા છે. મેન્સને કહ્યું કે ઈસ્મેએ જે કંઈપણ થયું તે તેની સંમતિથી થયું છે.

## સોશિયલ મીડિયા પર અપશબ્દ કહેનારને દિપિકાએ સ્ક્રીનશોટ મુકી આપ્યો જડબાતોડ જવાબ



(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૩

અભિનેત્રી દીપિકા પાદુકોણ સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે. તે વીડિયો અને ફોટોને શેર કરતી રહે છે, જો કે તે વિરોધીઓને જવાબ આપવામાં પણ માહેર છે. એક ટ્રોલરે તેમને અપશબ્દ કહ્યો હતો પરંતુ દીપિકાએ તેમને એવો જડબાતોડ જવાબ આપ્યો કે, તેની બોલતી બંધ થઇ ગઇ. સોશિયલ મીડિયા પર એક યુઝરે દીપિકા પાદુકોણને એક મેસેજ કર્યો હતો. યુઝરે દીપિકાને તેના પર્સનલ ઈનબોક્સમાં ગાળો લખીને મોકલી હતી. દીપિકાએ આ યુઝરને અવોઇડ કરવાના બદલે તેને જડબાતોડ જવાબ આપ્યો હતો.

દીપિકાએ યુઝરના ગાળો વાળા મસેજને સ્ક્રિનશોર્ટ લઈને તેને શેર કરતા લખ્યું કે, 'આવી હરકત પર તમારા મિત્રો અને પરિવારને ગર્વ થતો હશે'. દીપિકાના આ અંદાજની તેમના ફેન્સ પ્રશંસા કરી રહ્યાં છે. તેમણે જણાવ્યું કે, દીપિકાએ જડબાતોડ જવાબ આપ્યો છે. તેમણે યુઝરની હરકતને સબક સીખવવા માટે કોઈ ગલત શબ્દો પણ યુઝ ન કર્યા અને યુઝરને પાઠ પણ ભણાવી દીધો. દીપિકા પાદુકોણના વર્કફ્રન્ટની વાત કરીએ તો તે હાલ અનેક પ્રોજેક્ટ પર કામ કરી રહી છે. કબીર ખાનની ફિલ્મમાં તે કપિલ દેવની પત્નીની ભૂમિકામાં જોવા મળશે. ઉપરાંત તેમની ૮૩ ફિલ્મમાં પણ તે રણબીર સિંહ સાથે જોવા મળશે. તો હાલ શુકન બત્રાની અનટાઈટલ્ડ ફિલ્મનું હાલ શૂટિંગ ચાલી રહ્યું છે. જેમાં તે અનન્યા પાંડે અને સિદ્ધાંત ચતુર્વેદી સાથે સ્ક્રિન શેર કરશે.

# મોરબીમાં લોકશાહીને શર્મસાર કરતી ઘટના લોકસેવકો ફોર્મ ચકાસણી વખતે આવ્યા બથોબથ

(જી.એન.એસ.)મોરબી,તા.૧૫

ગુજરાતમાં ટૂંક સમયમાં યોજાવા જઈ રહેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને રાજકીય માહોલ જામ્યો છે. આજે પાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયત માટે ફોર્મ ચકાસણીની કાર્યવાહી ચાલી રહી છે. મોરબીમાં પણ ફોર્મ ચકાસણીના કાર્યવાહી દરમિયાન ભાજપ અને કોંગ્રેસના કાર્યકર્તાઓ સામસામે આવી ગયા હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.



આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, મોરબી તાલુકા સેવાસદન ખાતે ચૂંટણી માટે ભરાયેલા ફોર્મની ચકાસણીની કાર્યવાહી ચાલી રહી છે. આ સમયે વોર્ડ નંબર એકના કોંગ્રેસ અને ભાજપના કાર્યકર્તાઓ વચ્ચે કોઈ બાબતે બોલાચાલી થઈ હતી. જેમાં ભાજપના ઉમેદવાર અને પૂર્વ પાલિકા પ્રમુખ દેવાભાઈ અવાડિયા અને કોંગ્રેસના આગેવાન કનુભાઈ લાડવાના જૂથ વચ્ચે મારામારી થઈ હતી. જો કે મામલો વધુ બિચકે તે પહોલા ત્યાં ઉપસ્થિત પોલીસ કર્મચારીઓએ બન્ને જૂથના લોકોને છૂટા પાડ્યા હતા.

આ ઘટનાને લઈને મોરબીમાં રાજકારણ ગરમાયું છે. આજે સાંજ સુધીમાં ફોર્મ ચકાસણીની પ્રક્રિયા પુરી થયા બાદ કેટલા ફોર્મ કેન્સલ થશે અને કેટલા ઉમેદવારો મેદાનમાં રહેશે એ ચિત્ર સ્પષ્ટ થયા બાદ કેવી સ્થિતિ સર્જાશે? તે તો આવનારો સમય જ બતાવશે.

# મોરબીમાં કોંગ્રેસ કાર્યકર પર ખૂની હૂમલા બાદ ભારેલો અગ્નિ

## આજે કોંગ્રેસ દ્વારા મૌન રેલીનું આયોજન



ચક્રવાત ટીમ મોરબી,તા.૧૫

મોરબીમાં સોમવારે ઢળતી સાંજે કોંગ્રેસના કાર્યકર્તાના ઘર ઉપર ઘાતક હથિયાર સાથે હુમલો થતા કોંગ્રેસ દ્વારા આ હુમલો ભાજપના નેતાના ઈશારે થયાનાનું જણાવી ભાજપની ગુંડાગીરીના વિરોધમાં સવારે ૧૦ વાગ્યે સનાળા રોડ સરદાર પટેલની પ્રતિમાથી નગરદરવાજા સુધી મૌનરેલીનું આયોજન કરાયું છે.

મોરબી જિલ્લા કોંગ્રેસ સમિતિના જણાવ્યા મુજબ મોરબીમાં બીજેપી નેતાઓ દ્વારા કોંગ્રેસ કાર્યકર્તાઓ ઉપર કરેલ ખૂની હુમલાના વિરોધમાં તા.૧૬ના રોજ સવારે, ૧૦ : ૦૦ વાગ્યે સરદાર પટેલની પ્રતિમા ખાતેથી નગર દરવાજા સુધી મૌનરેલીનું આયોજન કરેલ છે. આ મૌન રેલીમાં સર્વ મોરબીવાસીઓને ગુંડાગીરીનો વિરોધ કરવા મૌનરેલીમાં જોડાવા અપીલ કરી કોંગ્રેસના કાર્યકરો અને આગેવાનોએ અવશ્ય હાજરી આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# બોટાદ જિલ્લા પંચાયતના ૧૮ કોંગી ઉમેદવારોના ફોર્મ રદ થતા દોડધામ

## ઉમેદવારોની બેદરકારી ખ ફોર્મમાં સહી કરવાનું ભૂલી ગયા




ચક્રવાત ટીમ રાજેશ શાહ,તા.૧૫

હાલમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ તેમજ આમ આદમી પાર્ટી તથા અપક્ષ ઉમેદવારો દ્વારા જિલ્લા પંચાયત તાલુકા પંચાયત નગરપાલિકા ના ફોર્મ ભરી ઉમેદવારી કરવામાં આવેલ છે ત્યારે બોટાદ જીલ્લા પંચાયતના ઉમેદવારી કરતા રાષ્ટ્રીય પક્ષો તરફથી કોંગ્રેસ તથા ભાજપના ઉમેદવારોએ ઉમેદવારી કરતા ફોર્મ ભરેલ હતા જે પૈકી ઉમેદવારી ફોર્મની ચકાસણી થતા આજરોજ બોટાદ જિલ્લા પંચાયતમાંથી રાણપુર ગઢડા બરવાળા બોટાદ ના થઈને કુલ કોંગ્રેસ પક્ષમાં ૧૮ ઉમેદવારોના ફોર્મ રદ કરવામાં આવેલ છે જેથી બોટાદ જિલ્લાના રાજકારણમાં મોટો ખળભળાટ મચી જવા પામેલ છે જાણવા મળતી વિગત મુજબ કોંગ્રેસ પક્ષના ઉમેદવારોએ ફોર્મ ભરેલ છે તેમાં ખ નંબર ફોર્મમાં સહી કરવાની બાકી રહી ગયેલી છે જેના કારણે ફોર્મ રદ કરવામાં આવેલ છે તેમ જાણવા મળેલ છે.

આ બાબતે બોટાદના ધારાસભ્ય સૌરભ ભાઈ પટેલે જણાવે છે કે બોટાદ જિલ્લા પંચાયતમાંથી પાંચ સીટો બિન હરીફ થયેલ છે જ્યારે અન્ય સીટો પર ચુંટણી લડવાની થાય છે તે ચૂંટણીમાં પણ ભાજપ પક્ષ વિજયી બનશે અને બોટાદ જિલ્લા પંચાયત ભાજપની બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

આ બાબતે કોંગ્રેસ પક્ષના કાર્યકર્તા ને પૂછતા તેઓએ જણાવેલ છે કે કોંગ્રેસ પક્ષના ફોર્મ રદ થયેલ નથી પણ અમાન્ય કરવામાં આવેલ છે જેના કારણે અમે કલેક્ટર બોટાદને કાયદાની જોગવાઈ મુજબ સુધારો કરવાની જોગવાઈ હોય તે મુજબ સુધારો કરવા માટે કલેકટરશ્રીને પત્ર પણ આપેલ છે તેમ છતાં તેઓએ જણાવેલ છે કે આ બાબતે ચૂંટણી પંચમાં પણ રજૂઆત કરીશું તેમ કોંગ્રેસના કાર્યકર્તા દ્વારા જણાવવામાં આવે છે.

# સ્કૂલ ચલે હમ : ચૂંટણી બાદ ધો.૧થી ૫ ના વર્ગો શરૂ કરવા શિક્ષણ વિભાગની તૈયારી

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૧૫

કોરોનાને કારણે ૨૦૨૦ના માર્ચ મહિનાથી સરકારે સ્કૂલો અને કોલેજોમાં ઓફલાઈન શિક્ષણકાર્ય બંધ કરીને ઓનલાઈન શિક્ષણ શરુ કર્યું હતું. ત્યારે રાજ્યની પ્રાથમિક સ્કૂલોના વિદ્યાર્થીઓને પણ અભ્યાસથી વંચિત ના રહેવું પડે તે માટે ઓનલાઈન શિક્ષણને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. સરકારે ૧૦ મહિનાના લાંબા ગાળા બાદ આગામી ૧૮ ફેબ્રુઆરીથી ધોરણ ૬થીટ૮ના વર્ગો શરુ કરી દેવાની જાહેરાત કરી છે. તેની સાથે હવે ચૂંટણી બાદ માર્ચ મહિનામાં ધોરણ ૧થી૫ના વર્ગો શરુ કરવા સરકાર અને શિક્ષણ વિભાગે વિચારણા શરુ કરી છે. ગુજરાતમાં કોરોનાના કેસોમાં દિવસેને



દિવસે ઘટાડો થતા હવે સ્થિતિ ઘણી સામાન્યત: બની રહી છે.

ત્યારે સરકારે શિક્ષણને ધીર ધીરે અનલોક કરતા પ્રથમ યુજી-પીજી છેલ્લા સેમેસ્ટરની કોલેજો અને ધો.૧૦-૧૨ની સ્કૂલો શરૃ કરી હતી. ત્યારબાદ ધો.૯ અને ૧૧ની સ્કૂલો શરૃ કરી અને ત્યારબાદ પ્રથમ વર્ષની કોલેજો પણ શરૃ કરી દીધી છે. સરકારે આગળના તબક્કામાં ૧૮મીથી ધો.૬થીટ૮ના વર્ગો પણ શરૃ કરવાની જાહેરાત કરી દીધી છે. જો કે હાલ ચૂંટણીને લીધે શિક્ષકો કામગીરીમા રોકાયા હોવાથી સરકારે થોડો વહેલો નિર્ણય લીધો હોવાની ફરિયાદો છે.સરકારે માર્ચમાં જ ધો.૬થીટ૮ના વર્ગો શરૃ કરવા જોઈતા હતા તેવી માંગો છે.જો કે સરકાર હવે ચૂંટણી બાદ માર્ચમાં સ્થિતિને ધ્યાનમાં રાખી ધો.૧થી૫ની સ્કૂલો પણ નિયમિત રીતે શરૃ કરે તેવી શક્યતા છે.

ગુજરાત ના શિક્ષણ વિભાગ માં ચાલતી ચર્ચા અનુસાર સ્થાનિક સ્વરાજની ચૂંટણી બાદ સરકાર હવે ધોરણ ૧થી ૪ અને ૫થી ૮ના અભ્યાસ અને પરીક્ષા લેવા માટે વિચારણા કરી રહી છે. સૂત્રોનું જણાવવું છે કે હવે ચૂંટણી બાદ ધોરણ ૧ થી ૪ના વિદ્યાર્થીઓની એકમ કસોટી લઈ તેના આધારે પરિણામ જાહેર કરવાની વિચારણા ચાલી રહી છે. આ ઉપરાંત આગામી શૈક્ષણિક સત્ર પણ વહેલું શરુ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ વખતે ઉનાળુ વેકેશન પણ વિદ્યાર્થીઓને લાંબુ આપવામાં આવશે નહીં.

# જેતપુરના અમરનગર ગામે જૂનો દ્વેશ રાખી યુવકની હત્યા : આરોપીઓ પોલીસ સકંજામાં

ચક્રવાત ટીમ જેતપુર,તા.૧૫

જેતપુર તાલુકાના અમરનગર ગામે જુના મનદુઃખનો ખાર રાખી તારીખ ૧૪ના રોજ દેવીપૂજક યુવક ની ગામના સ્ટેન્ડ પોસ્ટ પર ન્હાવા માટે ગયો ત્યારે માંસ મટન કાપવાના તીક્ષણ ધાર વાળા કોયતા સાથે ઘસી આવી ગરદન, છાતી અને પીઠના ભાગે ચારથી પાંચ ઘા મારી ક્રૂરતા પૂર્વક હત્યા નિપજાવી હતી.

પ્રાપ્ત વિગત પ્રમાણે તાલુકાના અમરનગર ગામે કાલે સવારે દિલીપભાઈ ઉર્ફે દુલાભાઈ વાઘેલા ઉવ ૪૫ નામના દેવીપૂજક યુવાનનું ગામનો જ રમેશ ઉર્ફે રામકુ રણછોડ મૂળિયાએ જુના મનદુઃખનો ખાર રાખી માંસ મટન કાપવાના તીક્ષણ ધાર વાળા કોયતા વડે ગરદન, પીઠ અને





છાતીના ભાગે ચારથી પાંચ ઘા મારી કૃરતા પૂર્વક હત્યા નિપજાવી નાંખી હતી. આ અંગે પોલીસ અધિકારી એ.એસ.પી. સાગર બાગમરે જણાવ્યા મુજબ હત્યાનો આરોપી રમેશ ઉર્ફે રામકુના ભાઈ ઉમેશે આજથી બે વર્ષ પૂર્વે મરણજનાર દિલીપભાઈના ત્રાસના કારણે ઝેરી દવા પી લેતા તેનું મોત નીપજ્યું હતું. અને તે અંગેની ફરીયાદ પણ નોંધાય હતી. આમ, પોતાના ભાઈને મરવા માટે મજબૂર કરવાના મનદુઃખને કારણે કાલે સવારના સાડા અગ્યારેક વાગ્યાની આસપાસ દિલીપભાઈ ગામના સાર્વજનિક પાણીના નળ પાસે ન્હાવા માટે આવ્યા ત્યારે ત્યાં રમેશ કોયતો લઈને આવીને દિલીપભાઈ કંઈ સમજે વિચારે તે પહેલાં જ પીઠ, ગરદન તથા છાતીના ભાગે પાંચથી છ ઘા મારી દેતા લોહીના ફુવારાઓ ઉડયા અને ક્રૂરતા પૂર્વક ઘા મારવાને કારણે તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

આ અંગે મરણ જનાર દિલીપભાઈની પત્ની દેવકુબેને તાલુકા પોલીસમાં રમેશભાઈ તેમની પત્ની પુજાબેન તેમજ માતા શારદાબેન સામે હત્યા નિપજાવાની ફરીયાદ નોંધાવી હતી. જેમાં પોલીસે રમેશ સામે હત્યા તેમજ તેની પત્ની અને માતા સામે મદદગારી હેઠળ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી આ બનાવવામાં સંડોવાયેલા આરોપીઓ ને પોલીસે ગણતરીના કલાકોમાં પકડી પાડી આગળ ની કાર્યવાહી હાથ ધરી છે.

### અસામાજીક તત્વોએ ચૂંટણી અધિકારીની કચેરીના મેદાનમાં કોંગ્રેસના મેન્ડેટ ફાડી નાખતા હાઈકોર્ટનું કડક વલણ

# પાલીતાણા પાલિકા કોંગ્રેસના ઉમેદવારો આજે મેન્ડેટ રજૂ કરશે

## લોકશાહીમાં ચૂંટણી લડવા ઈચ્છુકોને કોઈપણ દ્વારા દબાવી કે અટકાવી ન શકાય

ચક્રવાત ટીમ પાલીતાણા, તા.૧૫

અહીંની નગરપાલિકાની ચૂંટણી જંગમાં કોંગ્રેસનાં ૩૨ ઉમેદવારનાં મેન્ટેડ ચૂંટણી અધિકારીની કચેરીમાં અસામાજીક તત્વોએ ઝુંટવી ફાડી નાખ્યા તે સમયે પોલીસ પણ હાજર હોવા છતાં કોઈ પગલા કેમ લીધા નહીં ? કે ભોગ બનેલા ઉમેદવારોને અધ કિ ારીએ સાંભળ્યા બાદ વધુ તક કેમ ન આપી લોકશાહીમાં ચૂંટણી લડતા કોઈપણ શખ્સને સીધા કે આડકતરી રીતે અટધકાવી ન શકાય તેવું અદાલતે આકરૂ વલણ અપનાવી અમલદારોને કોંગ્રેસનાં ઉમેદવારોના મેન્ડેટ આવતીકાલે સ્વિકારી તેમને ચૂંટણી લડવાનો હક્ક આપવા આદેશ આપે તે પહેલા ચૂંટણી પંચે ખુલાશો કરતાં કોંગ્રેસની છાવણીમાં આનંદની લાગણી પ્રસરી છે.

પાલિતાણા પાલિકાનાં ઉમેદવારોના મેન્ડેટ ચૂંટણી અધિકારી સમક્ષ જમા કરાવવા આગેવાનો પ્રવિણ ગઢવી તથા રૂમી શેખ ગયેલ ત્યારે કચેરીમાં અસામાજીક તત્વો દ્વારા કોંગ્રેસના ૩૨ જેટલા ઉમેદવારોના મેન્ડેટ લૂંટી લઈ ફાડી નાખવામાં આવેલ આ ઘટના સી.સી. ટી.વી.માં કેદ થયેલ હતી. ઘટના સમયે પોલીસની હાજરી હોવા છતાં મેન્ડેટ લૂંટી જવાયાની ઘટનાની હાઈકોર્ટે ગંભીર નોંધ લઈ તાત્કાલીક સુનાવણી હાથ ધરેલ હતી.






પાલિતાણા પાલિકાના કોંગ્રેસનાં ઉમેદવારોના મેન્ટેડ સમયસર અધિકારી સમક્ષ દાખલ ન થતાં ભાજપને મોટો રાજકીય ફાયદો મળે તેમ હોવાથી કોંગ્રેસનાં સ્થાનિક આગેવાનોએ પોલીસમાં આ મામલે ફરીયાદ નોંધાવેલ તેમ છતાં અકળ કારણોસર પગલા લીધા ન હતા. તેમજ ચૂંટણી અધિ કારી દ્વારા મેન્ડેટ ન રજૂ કરનાર ઉમેદવારોને પૂરતી તક આપી ન હોવા મામલે અદાલતમાં દલીલો થતાં વડી અદાલતનાં ન્યાયમૂર્તિએ ચૂંટણી પંચ તથા પોલીસનાં વલણ સામે આકરૂં વલણ અપનાવી કોંગ્રેસના તમામ ૩૨ ઉમેદવારનાં મેન્ડેટ આવતીકાલે (મંગળવારે) સ્વિકારી તમામને ચૂંટણી લડવાનો અધિકાર આપવા અદાલતે જણાવેલ છે.

**ચૂંટણી પંચ અને પોલીસને ભેદભાવથી દૂર રહી પોતાની કામગીરી બજાવવા હાઈકોર્ટની ટકોર**

હાઈકોર્ટ દ્વારા સરકારી તંત્ર અને ચૂંટણી પંચની આકરી ટીકા દરમ્યાન સરકારી કચેરીમાં સલામતિના પૂર્ણ બંદોબસ્ત હોવા છતાં આવી ઘટનાઓ સર્જાય તે તંત્ર માટે શરમજનક હોવાનું જણાવી વધુમાં ઉમેર્યું હતું કે ચૂંટણી પંચ અને ચૂંટણી અધિકારીઓએ ચૂંટણી લડવા માગતા કોઈપણ વ્યક્તિને અટકાવાય તેવી ઘટનાના કિસ્સામાં ભોગ બનનારની હકિકતો સાંભળી વધારાની તક આપવી જોઈએ. તેવું અદાલતનું કડક વલણ સાંભળી રાજ્યનાં ચૂંટણી કમિશ્નરે અદાલત આદેશ આપે તે પહેલા પાલિતાણા પાલિકામાં કોંગ્રેસનાં મેન્ડેટ સ્વિકારવા જાહેરાત કરેલ છે. પોલીસે પણ તત્કાળ ફરીયાદ નોંધી લીધી.

## વડી અદાલતનું આકરુ વલણ જોઈ રાજ્ય ચૂંટણી પંચ આખરે ફુણું પડ્યું

સમગ્ર પ્રક્રિયામાં ચૂંટણી પંચ મૂક પ્રેક્ષક બની છેલ્લે સુધી તમાશો નિહાળતું હતુ પરંતુ પરંતુ અદાલતનું આકરૂં વલણ જોઈ મ્હો ખોલવાની શરૂઆત કરી છે. ચૂંટણી પ્રક્રિયા નિષ્પક્ષ અને ન્યાયી યોજવાની જવાબદારી ચૂંટણી પંચના શીરે છે. ત્યારે ચૂંટણી લડતા કોઈને પણ અટકાવી ન શકાય તેવું જ્ઞાન પંચને થયું.

# મોરબીમાં તંત્ર ભાજપ પ્રેમી? નારાજ કોંગી ઉમેદવારો ફોર્મ પરત ખેંચવાની ફિરાકમાં

## ચૂંટણી તંત્ર ભાજપની તરફેણ કરી રહ્યું છે : કે.ડી.પડસુમ્બિયા

ચક્રવાત ટીમ મોરબી,તા.૧૫

સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. તેવામાં આજે ઉમેદવારીપત્રોની ચકાસણીની પ્રક્રિયા ચાલી રહી છે. આ દરમિયાન મોરબીનું ચૂંટણીતંત્ર ભાજપ તરફી હોવાનો આક્ષેપ તાલુકાના કોંગ્રેસ પ્રમુખ કે.ડી.પડસુમ્બિયાએ લગાવ્યો છે. વધુમાં તેમણે આના પગલે પોતાના તમામ ઉમેદવારોના ફોર્મ પરત ખેંચવાની ચીમકી ઉચ્ચારી દીધી હતી, જેથી લોકોમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

મોરબી તાલુકા કોંગ્રેસના પ્રમુખ કે.ડી.પડસુમ્બિયાએ આજે મોરબી જિલ્લાની તમામ નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણી લડતા ઉમેદવારોને ૩.૪૫ વાગે જિલ્લા કલેકટર કચેરીએ બોલાવ્યા હતા. તેમણે મોરબીના ચૂંટણી તંત્ર પર એક તરફી કાર્યવાહી કરી ભાજપની તરફેણ કરાઈ રહ્યા હોવાના આરોપો લગાવ્યા છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આ પ્રકારનું વલણ તંદુરસ્ત લોકશાહી માટે હાનિકારક છે. જેના વિરોધમાં કોંગ્રેસના તમામ ઉમેદવારોએ સામુહિક રીતે ઉમેદવારી પરત ખેંચી લેવાની ચિમકી ઉચ્ચરી હતી, જેથી કરીને તંત્રને લોકશાહીને અનુરૂપ ચૂંટણી કરવાની કોઈ જરૂરત નહીં રહે તેવા કડવા વેણ પણ કોંગ્રેસીઓએ કહ્યા હતા. ત્યારે હવે કોંગ્રેસના પ્રતિસાદ કેવા આવશે તે ચર્ચાનો વિષય બની જવા પામ્યો છે.

કાર્ડ એક, ફાયદા અનેક
I - MART
Super Saver Card
www.i-martcard.com
ફ્રી..ફ્રી..ફ્રી..
હેર કટીંગ, બ્યુટી પાર્લર
કારવોશ, ડેન્ટલ અને
હેલ્થ ચેકઅપ જેવી
સર્વિસ તદ્દન ફ્રી*
for more info
+91 89805 19898 / +91 89805 79898 / +91 89807 69898
802, I - MART, Star Chambers, Panchnath Temple Road, Rajkot
ડાઉનલોડ કરી સાઈનઅપ કરો
I - MART
Super Saver Card App



દુઃખદ અવસાન
ટેલીફોનીક બેસણું



સ્વ. અમૃતબેન
કાનજીભાઈ હરિપરા
સ્વ.તા. ૧૪-૨-૨૦૨૧, રવિવાર
અમૃતબેન કાનજીભાઈ હરિપરા (ચક્ષુદાતા) તા. ૧૪-૦૨-૨૦૨૧ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રૂબરૂ બેસણું તથા લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે. જેમનું ટેલીફોનીક બેસણું : તા. ૧૯-૨-૨૦૨૧ને શુક્રવાર, સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૬ રાખેલ છે.
ગટોરભાઈ કાનજીભાઈ હરિપરા - ૯૮૯૮૮ ૭૪૭૯૯
દલપતભાઈ કાનજીભાઈ હરિપરા - ૯૮૯૮૮ ૪૨૧૨૬
દયાળભાઈ કાનજીભાઈ હરિપરા - ૯૮૯૮૦ ૯૧૭૪૭
મનસુખભાઈ કાનજીભાઈ હરિપરા - ૯૯૭૯૫ ૯૫૬૯૫
રવજીભાઈ લાલજીભાઈ હરિપરા - ૯૮૭૯૯ ૧૧૦૭૭
ઘનશ્યામભાઈ ગટોરભાઈ હરિપરા - ૯૪૨૮૧ ૦૭૯૮૦
દિનેશ દલપતભાઈ હરિપરા - ૯૦૯૯૯ ૨૯૦૯૨
મહેશ દયાળભાઈ હરિપરા - ૯૮૯૮૯ ૧૦૦૯૭
• હરિકૃષ્ણ હોન્ડા - રાજકોટ • રાજકોટ સીમલેસ ટ્યુબ પ્રા.લી. - મોરબી
• બાપાસીતારામ ટાઈલ્સ - બોટાદ • સીબેલા સિરામીક પ્રા.લી. - મોરબી
બાપાસીતારામ સિરામીક - સુરત

ધોરણ ૯ થી ૧૨ માં પ્રવેશ પ્રક્રિયા શરૂ છે
એક પણ રૂપિયાની ફી લીધા વગર દિકરીઓના
સર્વાંગી વિકાસ માટે સતત કાર્યશીલ સરકારી શાળા
ગુજરાતની એક માત્ર સંપૂર્ણ ડિજીટલ સરકારી શાળા
• વિશાળ પ્લેગ્રાઉન્ડ • અદ્યતન કોમ્પ્યુટર લેબ • વિશાળ લાઈબ્રેરી •
• દરેક કલાસરૂમમાં વિશાળ અને ડિજીટલ કોમ્પ્યુટર બોર્ડ •
• ક્વોલીફાઈડ અને પ્રેમાળ શિક્ષકગણ • સંપૂર્ણ નિઃશુલ્ક શિક્ષણ •
રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત
શ્રીમતી સરોજીની નાયડુ ગર્લ્સ હાઈસ્કૂલ
૨, અંબાજી કડવા પ્લોટ, કૃષ્ણનગર મેઈન રોડ, રાજકોટ
આચાર્યા શ્રીમતી સોનલબેન ફળદુ : મો. ૯૨૨૮૨૭૪૬૯૫







Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)